# આભામંડળ

## જૈન દર્શન તથા પ્રાયોગિક સંશોધન

(Aura : Jain Philosophy and Practical Research)








આચાર્ય શ્રી વિજયનંદિઘોષસૂરિજી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**Honourable President Dr A. P. J. Abdul Kalam with founder of RISSIOS Pujya Acharya Shri Vijay Nandighoshsuriji**







**Famous Scientist Dr P. C. Vaidya and Pujya Acharya Shri Vijay Nandighoshsuriji at the inauguration of RISSIOS and Dr Abhijit Sen Dean of Institute of Plasma Research releasing the book "Scientific Secrets of Jainism"**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# આભામંડળ : જૈન દર્શન તથા પ્રાયોગિક સંશોધન

## (Aura : Jain Philosophy and Practical Research)


**: લેખક :**

પ. પૂ. શાસન સમ્રાટ આચાર્ય

**શ્રી વિજયનેમિ-વિજ્ઞાન-કસ્તુર-યશોભદ્ર-શુભંકરસૂરિજી** મહારાજના

પટ્ટધર પ. પૂ. આ. **શ્રી વિજયસૂર્યોદયસૂરિજી** મહારાજના પટ્ટધર

આચાર્ય **શ્રી વિજયનંદિઘોષસૂરિજી મ.**



**: પ્રકાશક :**

**ભારતીય પ્રાચીન સાહિત્ય વૈજ્ઞાનિક રહસ્ય શોધ સંસ્થા**

Research Institute of Scientific Secrets from Indian Oriental Scriptures (RISSIOS)

45-બી, પારૂલનગર, ભુયંગદેવ ચાર રસ્તા પાસે, સોલા રોડ, ઘાટલોડિયા

અમદાવાદ 380 061, Phone: 0091-79-27480702

Website: www.jainscience-rissios.org E-mail:nandighosh@yahoo.com



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**આભામંડળ : જૈન દર્શન તથા પ્રાયોગિક સંશોધન**

Ābhamaṇḍaḷa : Jaina Darśana Tatha Prayōgika Saṃśōdhana

(Aura : Jain Philosophy and Practical Research) (Science)

**ISBN 81-901845-5-5**

**લેખક :** પ. પૂ. આચાર્ય શ્રી વિજયનંદિઘોષસૂરિજી મ.

© સર્વાધિકાર પરોપકાર કરનાર સંસ્થાઓને સમર્પિત

**પ્રાપ્તિસ્થાન :**

1. શ્રી સરસ્વતી પુસ્તક ભંડાર
હાથીખાના, રતનપોળ, અમદાવાદ 380 001
ફોન નં. 5356692

2. ડૉ. કામિનીબહેન એચ. વોરા, સિદ્ધિ આઈ હોસ્પિટલ
એ-203, સ્વામિનારાયણ કોમ્પ્લેક્ષ, પંચતીર્થ પાંચ રસ્તા, પાલડી,
અમદાવાદ 380 007 ફોન નં. 26601342

3. કુ. જુઈબેન એલ. શાહ, વિવિધા એડ આર્ટ્સ,
15, રૂબી ચેમ્બર, પહેલે માળે, 84, બોરા બજાર સ્ટ્રીટ,
ફોર્ટ, મુંબઈ- 400 001 Ph. 98676 12636

દ્વિતીયાવૃત્તિ : 5000 પ્રત, ફેબ્રુઆરી, 2008
મૂલ્ય : રૂ. 100 /-

**પ્રકાશક :** ભારતીય પ્રાચીન સાહિત્ય વૈજ્ઞાનિક રહસ્ય શોધ સંસ્થા
45-બી, પારૂલનગર, ભુયંગદેવ ચાર રસ્તા પાસે, સોલા રોડ, ઘાટલોડિયા
અમદાવાદ 380 061, Phone: 0091-79-27480702

મુદ્રક : કુ. જુઈબેન એલ. શાહ, વિવિધા એડ આર્ટ્સ, 15, રૂબી ચેમ્બર, પહેલે માળે,
84, બોરા બજાર સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ- 1 Ph. 98676 12636
E-mail:lmjmshah@rediffmail.com



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ધન્યવાદ

પરમ પૂજ્ય શાસનસમ્રાટ તપાગચ્છાધિપતિ આચાર્ય ભગવંત **શ્રી વિજયનેમિ-વિજ્ઞાન-કસ્તૂર-યશોભદ્ર-શુભંકર સૂરીશ્વરજી** મ. સા.ના પટ્ટધર વર્તમાન ગચ્છાધિપતિ સાત્ત્વિક શિરોમણિ પરમ પૂજ્ય શાસનપ્રભાવક આચાર્ય ભગવંત **શ્રી વિજયસૂર્યોદયસૂરીશ્વરજી** મ. સા.ના વિદ્વાન શિષ્ય પ. પૂ. આ. **શ્રી વિજયનંદિઘોષસૂરિજી** મ. સા.ના શિષ્ય પ. પૂ. **મુનિશ્રી જિનકીર્તિવિજયજી** મ. સા.ની પ્રેરણાથી

**શ્રી વિલેપારલે શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ એન્ડ ચેરીટીઝ (મહાસુખભવન - કલાકાન્તિભવન) વિલે પારલે (પશ્ચિમ), મુંબઈએ** આ ગ્રંથ-પ્રકાશનનો સંપૂર્ણ લાભ લીધો છે.

તે બદલ **શ્રી વિલેપારલે શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ એન્ડ ચેરીટીઝ (મહાસુખભવન - કલાકાન્તિભવન) વિલેપારલે (પશ્ચિમ), મુંબઈ**, તેના **પ્રમુખશ્રી** તથા **ટ્રસ્ટીશ્રીઓને** ખૂબ ખૂબ અનુમોદના સહ ધન્યવાદ

લિ. ટ્રસ્ટીઓ,
ભારતીય પ્રાચીન સાહિત્ય વૈજ્ઞાનિક રહસ્ય શોધ સંસ્થા,
અમદાવાદ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરમ પૂજ્ય શાસનસમ્રાટ તપાગચ્છાધિપતિ

આચાર્ય ભગવંત **શ્રીમદ્ વિજયનેમિ-વિજ્ઞાન-કસ્તૂર-યશોભદ્રસૂરીશ્વરજી**

મહારાજ સાહેબના પટ્ટધર દ્રવ્યાનુયોગનિષ્ણાત

## પરમ પૂજ્ય આચાર્ય
## શ્રીવિજય શુભંકરસૂરીશ્વરજી મ. સા.



**સૌજન્ય : પ. પૂ. શાસનસમ્રાટશ્રીના સમુદાયના**
**પૂ. સા. શ્રીશીલગુણાશ્રીજી તથા પૂ. સા. શ્રીસૂર્યકળાશ્રીજી,**
**પૂ. સા. શ્રી આનંદ-ધૈર્ય-હેમ-મૈત્રીપૂર્ણાશ્રીજીની પ્રેરણાથી**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# સમર્પણ

વિક્રમની વીસમી સદીના મહાન જ્યોતિર્ધર,
કાપરડાજી, શેરીસા, કદંબગિરિ આદિ અનેક તીર્થોના ઉદ્ધારક,
પ્રાચીન ગ્રંથોદ્ધારક, યુગપ્રધાન, જીવદયાના મહાન જ્યોતિર્ધર,
પરમોપકારી સુગૃહીતનામધેય પ્રાતઃસ્મરણીય
નૈષ્ઠિક બ્રહ્મચર્યના તેજપૂંજ શાસનસમ્રાટ સૂરિચક્રચક્રવર્તી
તપાગચ્છાધિપતિ બાલબ્રહ્મચારી પરમ પૂજ્ય આચાર્ય ભગવંત
**શ્રીમદ્ વિજયનેમિસૂરીશ્વરજી**
મહારાજ સાહેબના પટ્ટધર
પ.પૂ. આ. શ્રી વિજયવિજ્ઞાનસૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર
પ.પૂ. આ. શ્રી વિજયકસ્તૂરસૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર
પ.પૂ. આ. શ્રી વિજયયશોભદ્રસૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર
દ્રવ્યાનુયોગનિષ્ણાત પરમ પૂજ્ય આચાર્ય ભગવંત
**શ્રી વિજયશુભંકરસૂરીશ્વરજી મ. સા.**ના
પવિત્ર ચરણ કમળમાં
**સાદર સમર્પણ**

-- આ. વિજયનંદિઘોષસૂરિ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# જૈન આગમ ગ્રંથોના આધારે વૈજ્ઞાનિક સંશોધન સાહિત્ય પ્રકાશનના લાભાર્થી સંઘો

| | | |
|---|---|---|
| 1. શ્રી વર્ધમાન શ્વે. મૂ. પૂ. તપગચ્છ જૈન સંઘ | ઉસ્માનપુરા, | અમદાવાદ |
| 2. શ્રી માટુંગા શ્વે. મૂ. પૂ. તપગચ્છ જૈન સંઘ | માટુંગા, | મુંબઈ |
| 3. શ્રી શાંતાક્રુઝ શ્વે. મૂ. પૂ. તપગચ્છ જૈન સંઘ | શાંતાક્રુઝ | મુંબઈ |
| 4. શ્રી જૈન શ્વેતાંબર મૂ. પૂ. સંઘ - શીવ | સાયન | મુંબઈ |
| 5. શ્રી પાવાપુરી વર્ધમાન ખેતવાડી શ્વે. મૂ. પૂ. સંઘ | ખેતવાડી | મુંબઈ |
| 6. શેઠ ઝવેરચંદ પ્રતાપચંદ શ્રી સુપાર્શ્વનાથ જૈન સંઘ | વાલકેશ્વર | મુંબઈ |
| 7. શ્રી મરીનડ્રાઈવ જૈન આરાધક ટ્રસ્ટ | મરીનડ્રાઈવ | મુંબઈ |
| 8. શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ ટ્રસ્ટ | જી.આઈ.ડી.સી. | વાપી |

## પાણી અંગેના વૈજ્ઞાનિક સંશોધન કાર્યના લાભાર્થી ભાગ્યશાળીઓ

| | | |
|---|---|---|
| 1. શ્રી ચંદ્રસેનભાઈ અભેચંદભાઈ ઝવેરી | ચોપાટી | મુબઈ |
| 2. શ્રી અરોમા કેમિકલ એજન્સી (ઈન્ડિયા) પ્રા. લિ. | સાયન | મુંબઈ |
| 3. શ્રી નરેન્દ્રભાઈ વસંતભાઈ મલબારી | ચોપાટી | મુંબઈ |
| 4. શ્રી પી. જે. મોતીશા પરિવાર | ચોપાટી | મુંબઈ |
| 5. શ્રી ચુનીબાઈ ખુમચંદ રતનચંદ જોરાજી પરિવાર | ખેતવાડી | મુંબઈ |
| 6. શ્રી ભદ્રાબેન ફૂલચંદ સરકાર પરિવાર હ. ભાવિન, હેમેન્દ્ર, પૂર્ણિમા | | મુંબઈ |
| 7. ડૉ. દિનેશભાઈ મોહનલાલ શાહ | ચોપાટી | મુંબઈ |
| 8. શ્રી મીરાંબેન ઝવેરી તથા શ્રી નિખિલેશભાઈ ઝવેરી | ચોપાટી | મુંબઈ |
| 9. શ્રી વિનોદભાઈ એમ. પાદરાકર | ચોપાટી | મુંબઈ |
| 10. શ્રી ચંદનબેન ચુનીલાલ કરસનદાસ ચેરિટેબલ ટ્રસ્ટ, | ચોપાટી | મુંબઈ |
| 11. શ્રી નયનાબેન દિનેશભાઈ શાહ | મરીન ડ્રાઈવ | મુંબઈ |
| 12. ડૉ. જિતુભાઈ સી. શાહ | ઉમરા | સુરત |
| 13. શ્રી મીનાક્ષીબહેન મહેન્દ્રભાઈ અમરચંદ ઝવેરી | પાયધુની | મુંબઈ |
| 14. શ્રીમતી અરૂણાબહેન ગિરીશભાઈ ચાંપાનેરી | ગાંધીધામ | કચ્છ |
| 15. સ્વ. લતાબહેન બિપીનભાઈ દોશી હ. સવિતાબહેન કેશુભાઈ દોશી | | સુરત |
| 16. શ્રી પાવાપુરી વર્ધમાન ખેતવાડી શ્વે. મૂ. પૂ. સંઘ | ખેતવાડી | મુંબઈ |
| 17. શ્રી તારાબેન અમૃતલાલ વડાલીયા હ. છાયાબેન જયેશભાઈ | જી.આઈ.ડી.સી. | વાપી |
| 18. શ્રી ધનરાજ ઢઢ્ઢા રિલીજીયસ ટ્રસ્ટ, પંચરત્ન, | ઓપેરા હાઉસ | મુંબઈ |
| 19. શ્રી મંછુભાઈ જીવણચંદ ઝવેરી જૈન સેનેટોરિયમ ટ્રસ્ટ | ચોપાટી | મુંબઈ |
| 20. શ્રીમતી સુરેખાબેન દિલિપભાઈ ઝવેરી | બાંદ્રા | મુંબઈ |
| 21. શ્રીમતી દક્ષાબેન શૈલેષભાઈ પરીખ | સાંતાક્રુઝ | મુંબઈ |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પ્રકાશકીય

પ. પૂ. શાસનસમ્રાટ તપાગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજના સમુદાયના પ. પૂ. આ. શ્રી વિજયસૂર્યોદયસૂરીશ્વરજી મહારાજના શિષ્ય પ. પૂ. પંન્યાસ શ્રી નંદિઘોષવિજયજી મહારાજની પ્રેરણાથી સ્થપાયેલ અમારી સંસ્થાએ જાન્યુઆરી, 2000માં તેમના દ્વારા લિખિત **"જૈનદર્શનનાં વૈજ્ઞાનિક રહસ્યો"** પુસ્તક પ્રકાશિત કરેલ ત્યારબાદ જૂન, 2001માં ઉપરોક્ત પુસ્તકની જ અંગ્રેજી આવૃત્તિ પ્રકાશિત કરી હતી. આ બંને પુસ્તકો જૈનદર્શન અને વિજ્ઞાનના રસિયા વિદ્વજ્જનોમાં ઘણો જ આદર પામ્યાં છે. ત્યાર પછી **"આભામંડળ : એક સૈદ્ધાન્તિક તથા પ્રાયોગિક સંશોધન"** પુસ્તક પણ પ્રકાશિત કરેલ પરંતુ ટૂંક સમયમાં જ તેની પ્રથમાવૃત્તિ અપ્રાપ્ય બનતાં તે જ પુસ્તકમાં નવું પ્રાયોગિક સચિત્ર સંશોધન ઉમેરી **"આભામંડળ : જૈન દર્શન તથા પ્રાયોગિક સંશોધન"**ના નવા નામે દ્વિતીયાવૃત્તિ પ્રકાશિત કરી રહ્યા છીએ.

આભામંડળનું અધ્યયન તથા તેના ઉપર કરવામાં આવેલ સૈદ્ધાન્તિક તથા પ્રાયોગિક સંશોધન એક નવો જ વિષય છે. આ વિષય અંગે પ. પૂ. પંન્યાસ શ્રી નંદિઘોષવિજયજી મહારાજ સાહેબે જૂન, 2000માં એક સુંદર લેખ લખેલ, જે 2001માં ભારતીય વિદ્યાભવન દ્વારા પ્રકાશિત માસિક "નવનીત - સમર્પણ"ના સંપાદક શ્રી દીપકભાઈ દોશીના આગ્રહથી દીવાળી અંક તથા તે પછીના અંકમાં એમ બે હપ્તામાં **"નવનીત - સમર્પણ"**માં સંક્ષેપમાં પ્રકાશિત થયેલ. ત્યારબાદ જુન-જૂલાઈ, 2003 દરમ્યાન સુરતથી પ્રકાશિત થતા **"ગુજરાત મિત્ર"** દૈનિકની સોમવારની સત્સંગ પૂર્તિમાં સાતેક હપ્તામાં તે પુનઃ પ્રકાશિત થયેલ. તે જ લેખને વધુ વિસ્તૃત માહિતી, ચિત્રો તથા પુરાવાઓ/સંદર્ભો સાથે 2004માં પુસ્તક રૂપે પ્રકાશિત કરવામાં આવેલ.

પ. પૂ. પંન્યાસ શ્રી નંદિઘોષવિજયજી મહારાજની પ્રેરણા અને માર્ગદર્શન અનુસાર અમો એક આંતરરાષ્ટ્રીય વૈજ્ઞાનિક પ્રયોગશાળાની સ્થાપના કરવા માગીએ છીએ. તેની પૂર્વભૂમિકા રૂપે અમો આ પ્રકારનાં સૈદ્ધાન્તિક તથા પ્રાયોગિક સંશોધનાત્મક પુસ્તકોનું પ્રકાશન કરી રહ્યા છીએ.

વિશેષ આનંદની વાત એ છે કે અમો આ જ પુસ્તકની અંગ્રેજી આવૃત્તિ પણ તૈયાર કરી રહ્યા છીએ, જે હવે પછી પ્રકાશિત થશે. અમારા આ પુસ્તક - પ્રકાશન માટે આઈ. એસ. બી. એન. નંબર પણ પ્રાપ્ત થયેલ છે.

અમારા ટ્રસ્ટ તરફથી આ સાતમું પ્રકાશન છે અને તે જૈન-જૈનેતર વિદ્વદ્‌વર્ગમાં તથા ખાસ કરીને વિજ્ઞાન જગતમાં માન્ય તથા આદરણીય બનશે એવી અમોને શ્રદ્ધા



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. આ પ્રકારનાં વૈજ્ઞાનિક સંશોધન તથા આ ગ્રંથ પ્રકાશનના મહાન ભગીરથ કાર્યમાં અમોને આર્થિક સહયોગ આપનાર શ્રી વિલે પારલે શ્વે. મૂ. પૂ. જૈન સંઘ એન્ડ ચેરીટીઝ, વિલે પારલે (પશ્ચિમ), મુંબઈ જેઓએ અમારી સંસ્થા માટે મહત્ત્વનું કાર્ય કર્યું છે, તથા અન્ય સંઘો, ટ્રસ્ટો અને શ્રાવક સદ્‌ગૃહસ્થોનો અને આ પુસ્તકની પ્રથમાવૃત્તિનું પુરોવચન **"સેતુસ્વરૂપ સંશોધનકાર્ય"** લખી આપવા બદલ **સ્વ. ડૉ. રમણલાલ ચી. શાહ**(ભૂતપૂર્વ ડીન, મુંબઈ યુનિવર્સિટી)નો તથા આભામંડળ અંગેના સંશોધન કાર્ય માટે અંગ્રેજી અભિપ્રાય લખી આપવા બદલ **ટાટા ઇન્સ્ટિટ્યુટ ઑફ ફન્ડામેન્ટલ રિસર્ચ, મુંબઈ**ના અગ્રણી ખ-ભૌતિક વિજ્ઞાની **ડૉ. પંકજભાઈ એસ. જોષી**નો અમો હાર્દિક આભાર માનીએ છીએ. વિશેષમાં આ પુસ્તકના મુખપૃષ્ઠ માટે છ લેશ્યાનું પ્રાચીન ચિત્ર આપવા માટે શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર, કોબાના ટ્રસ્ટીશ્રીઓ/સંચાલકોનો સાથે સાથે આ ગ્રંથનું સુંદર-સુઘડ મુદ્રણ કરી આપનાર મુદ્રક કુ. જુઈબેન એલ. શાહ, વિવિધા એડ આર્ટ્સ, (15, રૂબી ચેમ્બર, પહેલે માળે, 84, બોરા બજાર સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ - 400 001)નો આભાર માનીએ છીએ.

વિ. સં. 2064
પોષ સુદ -12, શનિવાર
19 જાન્યુઆરી, 2008

**ભારતીય પ્રાચીન સાહિત્ય વૈજ્ઞાનિક રહસ્ય શોધ સંસ્થા**
અમદાવાદ 380 061



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# સેતુસ્વરૂપ સંશોધનકાર્ય (પ્રથમાવૃત્તિ)

પ. પૂ. પંન્યાસ શ્રી નંદિઘોષવિજયજી મહારાજશ્રીના **"આભામંડળ : એક સૈદ્ધાન્તિક તથા પ્રાયોગિક સંશોધન"** નામના આ ગ્રંથને આવકારતાં હું હર્ષ અનુભવું છું.

વર્તમાન શ્રમણસમુદાયમાં સરળસ્વભાવી, શાન્તમૂર્તિ, પૂ. પં. શ્રીનંદિઘોષવિજયજી મહારાજશ્રીની વિદ્વત્પ્રતિભા અનોખી તરી આવે એવી છે.

પૂ. મહારાજશ્રીએ ઘણાં વર્ષો પહેલાં જૈન ધર્મ વિશે આધુનિક વૈજ્ઞાનિક અભિગમથી લેખો લખવા શરૂ કર્યા ત્યારથી હું એમના પરિચયમાં રહ્યો છું. અમારી પહેલી મુલાકાત કોઠ ગામના ઉપાશ્રયમાં થયેલી.

સંસારીપણામાં પૂ. મહારાજશ્રીએ ફક્ત એસ. એસ. સી. કક્ષાની વ્યવહારૂ કેળવણી લીધેલી પરંતુ વિજ્ઞાનમાં વિશેષ અભિરૂચિના કારણે આધુનિક વૈજ્ઞાનિક વિષયો સમજવામાં અને તેનું તાત્પર્ય ગ્રહણ કરવામાં એમને વાર ન લાગે એ સ્વાભાવિક છે. એટલે દીક્ષા લીધા પછી શાસ્ત્રાભ્યાસ કરતાં કરતાં *"જે ત્યાં છે તે અહીં પણ છે"* એવા ભાવ થાય અને એ વિશે લખવાનું એમને મન થાય એ કુદરતી છે. એટલે પોતાની સંયમયાત્રામાં બાધા ન પહોંચે, બલકે ઉપકારક થાય એ રીતે તથા ક્યાંય ઉત્સૂત્ર પ્રરૂપણા ન થાય, પરંતુ જૈન ધર્મ-દર્શનની પ્રભાવના થાય એ દૃષ્ટિએ એમણે આ વિષયમાં તુલનાત્મક અધ્યયન-સંશોધન કર્યું છે, અને હજુ કરતા રહે છે, જે માટે તેઓ સવિશેષ અધિકારી છે.

આ ગ્રંથમાં એમણે આભામંડળનો - છ લેશ્યાનો વિષય લીધો છે અને એની છણાવટ વીજ-ચુંબકીય ક્ષેત્ર, ડાઉઝિંગ, કિર્લિયન ફોટોગ્રાફી, માનવ શરીરમાં રહેલાં સાત સૂક્ષ્મ શક્તિ કેન્દ્રો અર્થાત્ ચક્રો, જ્યોતિષશાસ્ત્ર, રત્ન ચિકિત્સા, રંગચિકિત્સા, ચુંબકીય ચિકિત્સા, એક્યુપ્રેશર, એક્યુપંક્ચર ઇત્યાદિના સંદર્ભમાં કરી છે. એમાં કેટલાક વિષયો પારિભાષિક છે, કેટલીક વાતો સૂક્ષ્મ છે, કેટલીક બાબતો શ્રદ્ધાના વિષયની છે અને કેટલાંક ક્ષેત્રોમાં સંશોધનને હજુ અવકાશ છે. આ બધા વિષયોમાં પૂ. મહારાજશ્રીની સજ્જતા કેટલી બધી છે તે એમણે આપેલા સંદર્ભો પરથી સમજાશે. એમનું લખાણ વ્યવસ્થિત, મુદ્દાસર, તર્કસંગત અને પ્રમાણ(આધાર)યુક્ત છે. એમની ચિંતનધારા વિશદ, ગહન, બહુઆયામી છે.

ઓગણીસમી સદીના કેટલાક પાશ્ચાત્ય વિચારકો એવી માન્યતા ધરાવતા હતા કે જેમ જેમ વિજ્ઞાન પ્રગતિ કરતું જશે તેમ તેમ ધર્મ પાછળ હઠતો જશે. એમ કરતાં એક દિવસ એવો આવશે કે વિજ્ઞાન સર્વોપરિ હશે અને ધર્મનું નામનિશાન નહિ હોય. એમની આ માન્યતા ભ્રામક નીવડી છે. વીસમી સદીમાં તો ઉલટું એવું જોવા મળ્યું છે કે જેમ જેમ વિજ્ઞાન પ્રગતિ કરતું ગયું તેમ તેમ ધર્મ અને અધ્યાત્મને પુષ્ટિ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મળતી ગઈ. વનસ્પતિમાં, પાણીમાં, વાયુમાં જીવ છે એ જૈન ધર્મે કહેલી વાતને હવે વિજ્ઞાન માન્ય રાખે છે. અલબત્ત જૈન ધર્મ સ્વયં એટલો સમર્થ છે કે વિજ્ઞાન પાસે પ્રમાણપત્ર મેળવવાની એને આવશ્યકતા ન હોય, પણ વિજ્ઞાનને જૈન ધર્મનો આશ્રય લેવાની આવશ્યકતા રહેશે.

લેશ્યા જેવા સૂક્ષ્મ, ઇન્દ્રિયાતીત વિષયની કેટલી વિગતે વિચારણા જૈન ધર્મમાં કરવામાં આવી છે ! સૂક્ષ્મ અનુભૂતિનાં રહસ્યો ઉકેલવામાં માનવની બુદ્ધિ શક્તિ મર્યાદિત નીવડે છે કારણ કે પ્રત્યેક માનવનું શરીર અને મન એક એક સ્વતંત્ર પ્રયોગશાળા જેવું છે. એટલે આવા વિષયોનો, વિવિધ વિદ્યાઓ સાથે તુલનાત્મક પરામર્શ જિજ્ઞાસુઓને વિશેષ અભિમુખ બનાવે એવો છે. આભામંડળ અંગેનું આ પુસ્તક વાંચતાં કેટલી બધી નવી જાણકારી પ્રાપ્ત થાય છે ! દૃશ્યમાન જગત કરતાં અદૃશ્યમાન જગતનો વ્યાપ કેટલો મોટો છે તે સમજાતાં આશ્ચર્યવિભોર થઈ જવાય છે. વિશ્વને આપવા માટે જૈન ધર્મ પાસે કેટલો મોટો ખજાનો છે !

આ ગ્રંથ અને આ પ્રકારનું સંશોધન મનુષ્યના મનની ગાંઠો છોડાવે અને ક્ષિતિજો વિસ્તારે એવું છે, એટલું જ નહિ પરસ્પર વિભિન્ન વિચારધારા વચ્ચે સેતુ સમાન છે. પૂર્વ અને પશ્ચિમની સંસ્કૃતિ વચ્ચે, પ્રૌઢ અને યુવા પેઢી વચ્ચે, વિજ્ઞાન અને અધ્યાત્મ વચ્ચે, શ્રદ્ધા અને તર્ક વચ્ચેનું અંતર ઓછું કરી જોડવામાં, સેતુસ્વરૂપ કાર્ય કરવામાં આવા સંશોધનો મહત્ત્વનું યોગદાન આપે છે. એકવીસમી સદીમાં દુનિયા જ્યારે વધુ નાની/સાંકડી બની રહી છે ત્યારે આવાં સંશોધનો વિવિધ પ્રકારની જડ ભેદરેખાઓને ભૂંસવામાં મહત્ત્વનું કાર્ય કરશે. પૂ. મહારાજશ્રી એ દિશામાં જે કાર્ય કરી રહ્યા છે એ બદલ તેઓ ધન્યવાદને પાત્ર છે. અલબત્ત, આપણે એ ન ભૂલવું જોઈએ કે આવાં બધાં ભૌતિક અને આધિભૌતિક સંશોધનોએ માનવીને સુખસગવડ અને ભોગવિલાસમાં રચ્યોપચ્યો બનાવવાને બદલે મોક્ષમાર્ગનો પથિક બનાવવો જોઈએ.

**ડૉ. રમણલાલ ચી. શાહ**
(ભૂતપૂર્વ ડીન, ગુજરાતી વિભાગ,
મુંબઈ યુનિવર્સિટી)

વિ. સં. 2060, માગશર વદી - 3 (બીજી)
રેખા બિલ્ડીંગ નં. - 1, ફ્લેટ નં. 21-22
46, રિજ રોડ, મલબાર હિલ, વાલકેશ્વર
મુંબઈ - 400 006

(પ્રથમાવૃત્તિમાંથી સાભાર)


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## VALUE OF SCIENTIFIC STUDY OF ANCIENT INDIAN TEXTS

It was a great pleasure meeting you in Mumbai recently, and thank you for sending me your recent book on "Abha Mandal" - AURA.

I am happy to know it is being published in another edition now. There are many concepts and beliefs prevalent in society, some of these related to religion, and your approach to test them scientifically is highly welcome. Some times such an approach may help to understand some profound facts on nature in a much better manner, and at other times, it may help save the people from many wrong notions and concepts being suggested in the name of religion. I do believe that, in general, an increased interaction between the science and spirituality has the potential to bring very fruitful results for the mankind. Towards such a purpose a careful and scientific study of ancient Indian texts can be of great value.

I wish you all the best in your efforts.

With best regards and good wishes,

Pankaj S. Joshi
February 20, 2007

Professor
Department of Astronomy and Astrophysics
Tata Institute of Fundamental Research
Homi Bhabha Road, Colaba, Mumbai 400 005 India
E-mail: psj@tifr.res.in



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ઉત્થાનિકા

પ. પૂ. શાસનસમ્રાટ તપાગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજની દિવ્યકૃપા તથા પ. પૂ. પરમોપકારી સત્ત્વશીલ ગુરુદેવ આચાર્ય ભગવંત શ્રી વિજયસૂર્યોદયસૂરીશ્વરજી મહારાજના આશીર્વાદથી વિ. સં. 2056માં મેં લખેલ *"જૈનદર્શનનાં વૈજ્ઞાનિક રહસ્યો"* પુસ્તક 'ભારતીય પ્રાચીન સાહિત્ય વૈજ્ઞાનિક રહસ્ય શોધ સંસ્થા' તરફથી પ્રકાશિત કરવામાં આવ્યું તથા આ જ સંસ્થા તરફથી સમગ્ર ગુજરાત તથા મુંબઈમાં આ પુસ્તકની ઘેર બેઠાં ખુલ્લા પુસ્તકે પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું.

મારું એ પુસ્તક મુંબઈસ્થિત આભામંડળના નિષ્ણાત ડૉ. જે. એમ. શાહના જોવામાં આવ્યું. એ વાંચી તેઓ ખૂબ પ્રસન્ન થયા અને પુસ્તક પ્રકાશક સંસ્થાના મંત્રી શ્રી હેમંતભાઈ પરીખનો સંપર્ક કરી ખાસ મને મળવા માટે તા. 12, જુન, 2000ના રોજ ભાવનગર આવ્યા અને આભામંડળ અંગે તેઓએ મારી સાથે વિસ્તૃત ચર્ચા કરી મને આપણા જૈન આગમોના આધારે વૈજ્ઞાનિક સંશોધનાત્મક એક સુંદર લેખ લખવા પ્રેરણા કરી અને તે માટે ખૂબ આગ્રહ પણ કર્યો. જૈનદર્શન સાથે સંબંધિત સૈદ્ધાન્તિક વૈજ્ઞાનિક સંશોધન એ મારો પ્રિય વિષય હોવાના કારણે મેં તેઓની વાતનો સ્વીકાર કર્યો અને જૈનદર્શનનાં મૂળ ધર્મગ્રંથ સ્વરૂપ શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના ચોત્રીસમા 'લેશ્યા' અધ્યયન તથા શ્રી પન્નવણા સૂત્રના સત્તરમા 'લેશ્યા'પદનો વિસ્તૃત અભ્યાસ કરી રંગચિકિત્સા તથા રત્નચિકિત્સા અંગેની સંદર્ભ પુસ્તિકાઓ મેળવી એક મહિનાના ટૂંકા ગાળામાં મેં એક વિસ્તૃત લેખ તૈયાર કર્યો.

આ લેખ વાંચી ડો. જે. એમ. શાહને સંપૂર્ણ સંતોષ થયો. ત્યાર પછી ઘણા લોકોએ મારી પાસેથી એ લેખની ઝેરોક્સ નકલ મેળવી વાંચી અને સાથે સાથે આ અંગેનું પુસ્તક પ્રકાશિત કરવાની માગણી કરી પરંતુ હું મારા ***"જૈનદર્શનનાં વૈજ્ઞાનિક રહસ્યો"*** પુસ્તકની અંગ્રેજી આવૃત્તિ ***"Scientific Secrets of Jainism"*** તૈયાર કરવાના કાર્યમાં રોકાયેલ હોવાથી અને ત્યારબાદ ***"ભારતીય પ્રાચીન સાહિત્ય વૈજ્ઞાનિક રહસ્ય શોધ સંસ્થા"***ને વ્યવસ્થિત સ્વરૂપ આપી કાર્યરત કરવામાં અને તે અંગેની સુંદર વેબસાઈટ તૈયાર કરવાના કાર્યમાં વ્યસ્ત હોવાથી આ પુસ્તકનું પ્રકાશન વિલંબમાં પડ્યું હતું. આ પુસ્તક વિદ્વજ્જનોમાં તથા વિજ્ઞાનીઓમાં માન્ય બને તે માટે દરેક વિધાનોના સંદર્ભો આપવા જરૂરી હોવાથી અને એ સંદર્ભ વિના પુસ્તક પ્રકાશિત કરવાનું મને યોગ્ય ન લાગવાથી અને તે સંદર્ભો તૈયાર કરવામાં સારો એવો સમય પસાર થઈ ગયો. તેથી મૂળ લેખ લખાયા પછી લગભગ સાડા ત્રણ વર્ષ પછી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે એક સુંદર પુસ્તક સ્વરૂપે પ્રકાશિત થયું હતું. તેનો મને અત્યંત આનંદ છે. પ્રથમાવૃત્તિની બધી નકલો વેચાઈ ગઈ હોવાથી આ બીજી આવૃત્તિ કેટલાક વધારાના સંશોધન તથા આભામંડળના રંગીન ચિત્રો તથા તેના પૃથક્કરણ સહિત પ્રકાશિત કરવામાં આવે છે.

અહીં એક સ્પષ્ટતા કરવી આવશ્યક છે કે આ પુસ્તકમાં સૈદ્ધાન્તિક સંશોધન મારું છે પરંતુ પ્રાયોગિક સંશોધન (પરિશિષ્ટ) ડૉ. જે. એમ. શાહ, મુંબઈ તથા (પ્રકરણ નં. 8 અને 9) ડૉ. અમરેશભાઈ મહેતા, અમદાવાદવાળાનું છે. તેઓ 21 નવેમ્બર, 2005થી 26 નવેમ્બર, 2005 સુધી આંતરરાષ્ટ્રિય જૈન વિદ્યા અધ્યયન કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ તથા અમારી સંસ્થા દ્વારા સંયુક્તપણે આયોજિત આભામંડળ અંગેની કાર્યશાળા, પ્રસંગે પરિચયમાં આવેલ અને તે વખતે તેઓએ મારા આભામંડળના ફોટા લઈ પ્રાયોગિક નિદર્શન કરાવેલ. પ્રસ્તુત પુસ્તકમાં આપવામાં આવેલ આભામંડળના 32 ચિત્રો તેમના લેપટોપમાંથી લેવામાં આવ્યા છે.

મારા આ સંશોધન, સંપાદન તથા પ્રકાશનના અપૂર્વ કાર્યમાં સહકાર, સહાય તથા બળ આપનાર મારા શિષ્ય મુનિશ્રી જિનકીર્તિવિજયજી તથા સંસ્થાના કાર્યકર ટ્રસ્ટી ભાઈઓ ડો. દિવ્યેશભાઈ વી. શાહ, પ્રો. એચ. એફ. શાહ, શ્રી સુપ્રિમભાઈ પી. શાહ, શ્રી સંજયભાઈ બી. કોઠારી, શ્રી સ્નેહલભાઈ એ. શેઠ, શ્રી બી. એન. શાહ તથા પાણી અંગે સંશોધન કરનાર ડૉ. વિનોદભાઈ ડી. શાહ, મુંબઈ તથા શ્રી અક્ષય એ. ગાંધી, શ્રી સંજયભાઈ પી. શાહ (અમદાવાદ) તથા શ્રી પરેશભાઈ પી. શાહ, મુંબઈને તથા બીજી આવૃત્તિના છેલ્લા બે પ્રકરણને વ્યવસ્થિત કરી આપવા માટે કુ. નીલેશ્વરીબહેન કોઠારી(ઘાટકોપર, મુંબઈ)ને આ તકે યાદ કરૂં તો તે અનુચિત નહિ જ ગણાય. મારા આ કાર્યમાં પ. પૂ. શાસનસમ્રાટશ્રીના સમુદાયના પ. પૂ. શાસનપ્રભાવક આ. શ્રીવિજયહેમચંદ્રસૂરીશ્વરજી મ. સા., પ. પૂ. વિદ્વદ્વર્ય આ. શ્રીવિજયપ્રદ્યુમ્નસૂરીશ્વરજી મ. સા. તથા મારા પરમ મિત્ર હિતેચ્છુ આત્મસાધક પ. પૂ. વિદ્વદ્વર્ય ઉપાધ્યાય શ્રી ભુવનચંદ્રજી મહારાજની સતત પ્રેરણા તથા માર્ગદર્શન મળતાં રહ્યાં છે અને આ કાર્યમાં સહકાર આપનાર સૌનો હું સદાય ઋણી છું.

અંતમાં, શ્રી સર્વજ્ઞપ્રભુની વાણી વિરૂદ્ધ કાંઈ પણ નિરૂપણ થયું હોય તો તેનું ત્રિવિધે ત્રિવિધે મિચ્છા મિ દુક્કડં દઈ, વિરમું છું.

**-આ. વિજયનંદિઘોષસૂરિ**

વિ. સં. 2064, મહા વદ - 3, રવિવાર
શ્રી અમૃતસરિ જૈન જ્ઞાનમંદિર,
દોલતનગર, બોરીવલી (પૂર્વ), મુંબઈ - 400 066



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## શું? ક્યાં?


પ્રકાશકીય ૭

સેતુસ્વરૂપ સંશોધનકાર્ય - ડૉ. રમણલાલ ચી. શાહ ૯

VALUE OF SCIENTIFIC STUDY OF ANCIENT INDIAN TEXTS BY DR PANKAJ JOSHI 11

ઉત્થાનિકા ૧૨

1. આભામંડળ : આત્મા અને કર્મ 15

2. આભામંડળ : વીજ-ચુંબકીય ક્ષેત્ર 20

3. આભામંડળ અને ડાઉઝીંગ 39

4. આભામંડળ અને લેશ્યા 43

5. આભામંડળ અને રંગચિકિત્સા 54

6. આભામંડળ : જૈન જ્યોતિષશાસ્ત્ર અને રત્નચિકિત્સા 59

7. આભામંડળ અને વૈકલ્પિક ચિકિત્સા પદ્ધતિઓ 73

આભામંડળ અંગેનું પ્રાયોગિક સંશોધન

8. વાસ્તુશાસ્ત્ર અને વાસ્તુનું આભામંડળ 85

9. આભામંડળ વિશ્લેષણ, રોગનિદાન અને ચિકિત્સા 93

પરિશિષ્ટ 102




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# 1

# આભામંડળ : આત્મા અને કર્મ

ધર્મ પણ વિજ્ઞાન છે એટલું જ નહિ પરમ વિજ્ઞાન (supreme science ) છે કારણ કે વિજ્ઞાન કેવલ ભૌતિક પદાર્થોને જ સ્પર્શી શકે છે, સમજાવી શકે છે, જ્યારે ધર્મ એ ચેતના-ચૈતન્ય-આત્માને પણ સ્પર્શે છે, સમજાવી શકે છે, જેને સ્પર્શ કરવો કે સમજાવવું અસંભવ જણાય છે. વિજ્ઞાન ફક્ત ભૌતિક પદાર્થોને જ બદલી શકે છે, નવું રૂપ આપી શકે છે, જ્યારે ધર્મ ચેતના-આત્માને પણ રૂપાંતરિત કરી શકે છે, જે જોઈ શકાતો નથી કે સ્પર્શી શકાતો નથી. માટે જ ધર્મ પરમ વિજ્ઞાન (supreme science) છે.

અનાદિ અનંત આ સંસારચક્રમાં પ્રત્યેક જીવ માત્ર સુખ જ ઇચ્છે છે, કોઈપણ જીવ દુઃખ ઇચ્છતો નથી. સુખમાં પણ શરીરસ્વાસ્થ્યને મનુષ્ય માત્ર મુખ્યતા આપે છે. અલબત્ત, આ મુખ્યતા સમય, સંયોગો અને સ્થળની અપેક્ષાએ બદલાતી રહે છે. આમ છતાં સર્વ સામાન્ય રીતે शरीरमाद्यं खलु धर्मसाधनम्, "પહેલું સુખ તે જાતે નરવા(ર્યા)" વગેરે ઉક્તિઓ દર્શાવે છે તે રીતે શારીરિક સ્વાસ્થ્ય જ પ્રત્યેક સુખનું આદિબિંદુ છે, એમાં કોઈ શંકા નથી.

આ સુખ પ્રત્યેક જીવ કે મનુષ્ય માટે સ્વાધીન નથી કારણ કે સુખ કે દુઃખ પ્રત્યેક જીવ માટે પૂર્વભવમાં બાંધેલાં શુભ અશુભ કર્મો દ્વારા નિશ્ચિત થયેલ છે. જ્યોતિષશાસ્ત્રમાં નવ ગ્રહો વગેરે આવે છે. જૈનેતરો આ ગ્રહોને કારક તરીકે માને છે એટલે કે મનુષ્યની જન્મકુંડળીમાં - જે તે સ્થાનમાં રહેલ જે તે ગ્રહ, જે તે સ્થાન નિર્દિષ્ટ શરીર, ભાગ્ય, આયુષ્ય, માતા-પિતા, વિદ્યા, સંતાન, વગેરે સંબંધી સુખ કે દુઃખ જે તે મનુષ્યને આપે છે, અર્થાત્ મનુષ્યને સુખી કે દુઃખી કરનાર ગ્રહો હોય છે. આજના આ આધુનિક વિજ્ઞાન યુગમાં, મનુષ્યમાત્ર દલીલ કરે છે કે પૃથ્વીથી હજારો નહિ બલકે લાખો-કરોડો માઇલ દૂર રહેલ આ ગ્રહો મનુષ્યના જીવનને કઈ રીતે અસર કરી શકે ? આ બધી વાતો માની શકાય તેવી નથી. તો બીજી તરફ જૈન તત્ત્વચિંતકો કહે છે -- દરેક જીવને સુખ કે દુઃખ પોતે પૂર્વભવમાં કરેલ શુભ કે અશુભ કર્મના આધારે જ મળે છે. ગ્રહો કોઈને સુખી પણ કરતા નથી કે દુઃખી પણ કરતા નથી. વસ્તુતઃ મનુષ્યની જન્મકુંડળી, એ મનુષ્યના જન્મ સમયે આકાશમાં વિદ્યમાન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂર્ય, ચંદ્ર, મંગળ, બુધ વગેરે ગ્રહોની સ્થિતિ દર્શાવતો નકશો છે, અને એમાં રહેલ ગ્રહો માત્ર એવું સૂચન કરે છે કે પૂર્વભવમાં તમે કરેલ શુભ કે અશુભ કર્મનું આ ભવમાં આ સમય દરમ્યાન તમોને આ પ્રમાણે શુભ-અશુભ ફળ મળવાની શક્યતા છે.[1] -- અર્થાત્ જૈન જ્યોતિષશાસ્ત્ર અને મેક્સ હેન્ડલના જણાવ્યા પ્રમાણે ગ્રહો કારક નથી માત્ર સૂચક જ છે.[2] જ્યોતિષશાસ્ત્ર પ્રમાણે મનુષ્યને એના સંભવિત સુખ-દુઃખનો સમય અને પ્રકાર જાણવા મળે તો, તે પોતે એ અંગે જરૂરી સાવધાની રાખી શકે અને માનસિક રીતે એ દુઃખ સહન કરવા સજ્જ બની શકે અને એ રીતે શૂળીનું દુઃખ સોયથી સરી જાય છે.

મનુષ્ય જન્મે છે ત્યારે, તે સૌ પ્રથમવાર આ પૃથ્વી પર સ્વતંત્ર જીવન જીવવાનો પ્રારંભ - શ્વાસોચ્છ્વાસની ક્રિયાના પ્રારંભ દ્વારા કરે છે. શ્વાસોચ્છ્વાસનો પ્રારંભ બાળક રુદન દ્વારા કરે છે, માટે જ બાળક જન્મતાંની સાથે જ રુદન કરે છે. કદાચ કોઈક કારણસર નવજાત શિશુ રુદન ન કરે તો, કોઈપણ ઉપાય કરી તેને રડાવવામાં આવે છે, જેથી તેની શ્વાસોચ્છ્વાસની પ્રક્રિયાનો આરંભ થઈ જાય. આ પ્રથમ શ્વાસ જે લેવામાં આવે છે, તે સમયે તે શ્વાસમાં આકાશમાંથી આવતા પ્રત્યેક ગ્રહના વૈશ્વિક કિરણો (cosmic rays) ગ્રહણ કરે છે, જેની અસર સમગ્ર જીવનમાં, આયુષ્યની પૂર્ણાહુતિ સુધી થયા કરે છે.[3] અલબત્ત, આ અસરમાં બીજાં ઘણાં પરિબળો કામ કરતાં હોય છે, એ પરિબળોમાં ફેરફાર કરીને આ ગ્રહોના વૈશ્વિક કિરણો(cosmic rays)ની શુભાશુભ અસરોને વધતી ઓછી કરી શકાય છે, જેમાં ગ્રહોના નંગો-રત્નો મુખ્ય ભાગ ભજવી શકે છે. આ નંગો- રત્નો જો સાચાં હોય અને શુભશક્તિવાળાં હોય તો તે જે તે ગ્રહ સંબંધી વૈશ્વિક કિરણો(cosmic rays)ને ગ્રહણ કરી ત્વચા દ્વારા શરીરમાં પહોંચાડે છે. પરિણામે જન્મકુંડળીમાં તે ગ્રહની નબળી સ્થિતિના કારણે પ્રાપ્ત અવરોધોને તે દૂર કરી શકે છે અથવા તે ગ્રહ બળવાન હોય તો તેની અસરને વધુ પ્રબળ બનાવે છે. તે જ રીતે તે ગ્રહનું નામ લઈને કરવામાં આવેલ જાપ અથવા તે તે ગ્રહ સંબંધી તીર્થંકર પરમાત્માનો જાપ પણ તે તે ગ્રહની શુભાશુભ અસરોને વધતી ઓછી કરે છે. આ રીતે રત્નો તથા જાપ દ્વારા આપણા શુભાશુભ કર્મોમાં આપણે યથેચ્છ ફેરફાર કરી શકીએ છીએ અને આપણા દુઃખને અલ્પ કરી સુખમાં વધારો કરી શકીએ છીએ. જૈનદર્શનના કર્મસિદ્ધાંત અનુસાર શું આ રીતે કર્મમાં ફેરફાર શક્ય છે ? એવો સવાલ સૌ કોઈને થાય તે સ્વાભાવિક છે, પરંતુ મનુષ્ય જો પુરુષાર્થ કરે તો એ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિયત થયેલ ભાગ્ય-કર્મમાં પોતે ઇચ્છે તેવો ફેરફાર પણ કરી શકે છે અર્થાત્ જીવ પોતે જ પોતાના કર્મ-ભાગ્ય-દૈવનો સર્જક છે.[4] જીવ માત્ર પ્રત્યેક સમયે-ક્ષણે ઓછામાં ઓછા સાત કર્મ બાંધે છે, જો તે સમયે આયુષ્ય કર્મ બાંધે તો આઠ કર્મ પણ બાંધે છે. સામાન્ય રીતે કર્મવાદનો એવો નિયમ સર્વત્ર પ્રચલિત છે અને સૌ કોઈ એમ માને છે કે કરેલાં કર્મ ભોગવ્યા વિના છૂટકો નથી. ઉપલક દૃષ્ટિએ આ વાત કદાચ સાચી જણાય પરંતુ તાત્ત્વિક દૃષ્ટિએ જો કરેલાં - આત્માને લાગેલાં બધાં જ કર્મો ફરજિયાત ભોગવવાં જ પડે તેવું હોય તો કોઈપણ જીવ ક્યારેય કર્મથી મુક્ત થઈ, મોક્ષે જઈ ન શકે. કેટલાંક કર્મો એવાં પણ હોય છે કે જે ભોગવ્યા વિના પણ આત્માથી અલગ થઈ શકે છે.

જૈનદર્શન અનુસાર આત્મા કર્મ બાંધે છે ત્યારે તેના રસ પ્રમાણે ચાર પ્રકારે બંધાય છે, (1) સ્પૃષ્ટ કર્મ (2) બદ્ધ કર્મ (3) નિધત્ત કર્મ (4) નિકાચિત કર્મ.[5] પ્રથમ ત્રણ પ્રકારનાં કર્મ ભોગવવાં જ પડે એવો કોઈ નિયમ નથી. ફક્ત નિકાચિત કર્મ જ ભોગવવું પડે છે, અને કદાચ છેલ્લો ભવ હોય તો તે કર્મ પણ તપ દ્વારા દૂર થઈ શકે છે.[6]

(1) કોઈપણ મનુષ્ય કે જીવ જ્યારે અજ્ઞાનવશ-અજાણતાં કોઈ કર્મ કરે, ત્યારે તે કર્મ કરવા માટેનું કોઈ જ પ્રયોજન કે હેતુ હોતો નથી. અજાણતાં જ, પોતાની જાણ બહાર જ એ અશુભ કર્મ કરે છે. દા. ત. રસ્તે જતાં આવતાં સૂક્ષ્મ જીવોની હિંસા. આ સૂક્ષ્મ જીવોની હિંસા કરવાનો તેનો કોઈ ઇરાદો હોતો નથી. આમ છતાં તેનાથી તે મનુષ્યને કર્મબંધ તો થાય છે. તે કર્મ *સ્પૃષ્ટ* પ્રકારનું હોઈ શકે છે. આ કર્મ કોરા કપડા ઉપર પડેલી કોરી હળદર જેવું છે અથવા છૂટી સોયોની ઢગલી જેવું છે. કોરા કપડાને ખંખેરતાં જ કોરી હળદર દૂર થઈ જાય અને કપડું સ્વચ્છ થઈ જાય અથવા છૂટી સોયની ઢગલીમાંથી એકદમ કોઈપણ સોય સહેલાઈથી છૂટી પાડી લઈ શકાય છે, તે રીતે આવું કર્મ સામાન્ય ધાર્મિક ક્રિયા દ્વારા - કદાચ પાપના સ્વીકાર રૂપ માત્ર *મિચ્છા મિ દુક્કડં* દેવા દ્વારા અથવા *પ્રતિક્રમણ* આદિ ક્રિયા દ્વારા આત્માથી અલગ થઈ શકે છે. તેને ભોગવવાની બિલકુલ જરૂર હોતી નથી.

(2) જ્યારે મનુષ્ય સમય અને સંયોગોના કારણે ન છૂટકે, પોતાની ઇચ્છાથી નહિ પણ બીજાની ઇચ્છાને અધીન થઈ હિંસા વગેરે પાપ કરે છે ત્યારે બંધાતું કર્મ *બદ્ધ* પ્રકારનું હોઈ શકે છે. આવું કર્મ ભીના કપડા ઉપર પડેલી હળદર અથવા કોરા કપડા ઉપર પડેલી ભીની હળદર જેવું અથવા દોરા વડે બાંધેલી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સોયના પડીકા જેવું હોય છે, જેને દૂર કરવા ગુરુ ભગવંત પાસે પ્રાયશ્ચિત્ત લેવું પડે છે અને એ પ્રમાણે તપ-જપ અનુષ્ઠાન કરવાથી તે *બદ્ધ* કર્મ આત્માથી અલગ થઈ શકે છે. તે માટે થોડી વધુ મહેનત કરવી પડે છે.

(3) જ્યારે મનુષ્ય પોતાની ઇચ્છાથી સ્વાભાવિક પાપ કર્મ કરે છે અને કર્યા પછી એના ઉપર અભિમાન-ગર્વ કરતો નથી ત્યારે તેને *નિધત્ત* પ્રકારનું કર્મ બંધાય છે. આ કર્મ ચીકાશવાળા તેલ વગેરેથી યુક્ત કપડા ઉપર પડેલી હળદર જેવું અથવા દોરીથી બાંધેલી સોયના પડીકાને ભેજ લાગી જતાં કાટ લાગીને ચોંટી ગયેલી સોયના પડીકા જેવું છે. એમાંથી સોયનો ઉપયોગ કરવો હોય તો તેનો દોરો છોડી, કેરોસીન વડે કાટ દૂર કર્યા પછી તેનો ઉપયોગ કરી શકાય તથા તેલવાળા કપડાં પર લાગેલ હળદરના ડાઘ દૂર કરવા સાબુથી ધોઈ તડકે સૂકવવું પડે. તે રીતે આવું કર્મ દૂર કરવા વિશેષ પ્રકારે તપ-જપ ક્રિયા વગેરે કરવું પડે છે, તે માટે ખૂબ મહેનત કરવી પડે છે.

(4) જ્યારે કોઈ મનુષ્ય કોઈપણ જાતનું પાપ કર્મ કરતાં સહેજ પણ અરેરાટી કે ખચકાટ અનુભવતો નથી અને એ પાપ કર્મ કર્યા પછી વારંવાર એની પ્રશંસા-અનુમોદના કરે છે, અભિમાન કરે છે, ત્યારે એ અશુભ કર્મ આત્માને વજ્રલેપ જેવું લાગી જાય છે, તેને *નિકાચિત* કર્મ કહે છે. આવું કર્મ કપડાં ઉપર લાગેલ પાકા તૈલી રંગના ડાઘ જેવું છે, જે કપડું ફાટી જાય તો પણ દૂર થઈ શકતો નથી અથવા આગમાં ઓગળીને ગઠ્ઠો બનેલી સોયના જેવું છે, જેનો ઉપયોગ કરવો શક્ય હોતો નથી અથવા ઉપયોગ કરવો હોય તો તેમાંથી નવેસરથી સોય બનાવી પછી જ ઉપયોગ કરી શકાય છે. આ રીતે આ *નિકાચિત* કર્મ કોઈપણ સંજોગોમાં ભોગવવું જ પડે છે. ફક્ત અંતિમ ભવ હોય તો તીવ્ર તપ દ્વારા તે દૂર થઈ શકે છે.

ટૂંકમાં, પ્રથમ ત્રણ પ્રકારનાં કર્મ તપ-જપ-ક્રિયા-અનુષ્ઠાન-પ્રાયશ્ચિત્ત વગેરે દ્વારા દૂર થઈ શકે છે.

આપણા આભામંડળનો આધાર લેશ્યા ઉપર છે અને લેશ્યાનો આધાર આત્માના પરિણામ ઉપર છે. વળી આત્માના પરિણામ કર્મ આધારિત છે, તેથી શુભ કર્મ દ્વારા આત્માના પરિણામ સુધારી લેશ્યામાં યોગ્ય પરિવર્તન કરી શકાય છે. અને તે રીતે આભામંડળમાં પરિવર્તન લાવી સ્વાસ્થ્યની પુનઃ પ્રાપ્તિ થઈ શકે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંદર્ભ:

1. Let us remember, however, that good or evil configurations are not the result of chance or luck, but are the product of our own past acts; the horoscope shows what we have earned by our past living and therefore what we are entitled to in the present life.

(*The Message of the Stars* by Max Heindel and Augusta Foss Heindel, Published by The Rosicrucian Fellowship, California, USA, P. 50)

2. Moreover it should always be kept in mind that the stars impel but do not compel. (Ibid, P. 50)

3. The inhalation of the first complete breath usually accompanied by a cry, is the moment when the incoming Ego receives its stellar baptism. (Ibid P. 89)

4. By his will and the exercise of choice, which are his divine birthrights, he may rule his stars and make of the unlucky horoscope a fruitful life from a far higher standpoint than the other.

(Ibid, P. 59)

5. *આર્હત્ દર્શન દીપિકા,* લેખક: ઉપાધ્યાય શ્રી મંગલવિજયજી, સંપાદક : પ્રો. હીરાલાલ રસિકલાલ કાપડીયા, પ્રકાશક : શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળા, ભાવનગર, ઈ. સ. 1932, પૃ. 994

6. तपसा निकाचितकर्मणां क्षयो भवति, न वेति प्रश्ने, उत्तरम् - निकाचितानामपि कर्मणां तपसा क्षयो भवतीति श्रीउत्तराध्ययनसूत्रवृत्यादावुक्तमस्तीति । (सेनप्रश्न उ. ४, प्रश्न - ४६)

*The notion that all opposites are polar—that light and dark, winning and losing, good and evil, are merely different aspects of the same phenomenon—is one of the basic principles of the Eastern way of life.*

*Fritjof Capra*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# 2

# આભામંડળ : વીજ-ચુંબકીય ક્ષેત્ર

પ્રત્યેક પદાર્થને પોતાનું એક અલગ વીજ-ચુંબકીય ક્ષેત્ર હોય છે, પછી એ પદાર્થ સજીવ હોય કે નિર્જીવ. નિર્જીવ પદાર્થો જડ-અચેતન પુદ્ગલ પરમાણુઓથી નિષ્પન્ન હોય છે. સામાન્ય સંજોગોમાં અને સ્થૂલ દૃષ્ટિએ એમાં કોઈ પરિવર્તન થતું જણાતું નથી પણ સૂક્ષ્મ દૃષ્ટિએ પુદ્ગલ દ્રવ્યના લક્ષણ पूरयन्ति गलयन्ति इति पुद्गलाः [1] અનુસાર પ્રત્યેક ક્ષણે તેમાં પુદ્ગલ-પરમાણુઓનું પૂરણ (fussion) તથા ગલન (emission) થતું જ રહે છે અને પુદ્ગલ દ્રવ્યમાં ઋણ વિદ્યુત્ભારવાળા તથા ધન વિદ્યુત્ભારવાળા અણુઓ પણ હોય છે, તેથી તે નિર્જીવ પદાર્થને પણ પોતાનું વીજ- ચુંબકીય ક્ષેત્ર હોય છે. અલબત્ત, તે ક્રમશઃ ધીરે ધીરે નિર્બળ તથા મંદ થતું હોય છે.

જે રીતે નિર્જીવ જણાતા જડ પૌદ્ગલિક પદાર્થોને વીજ-ચુંબકીય ક્ષેત્ર હોય છે, તે જ રીતે સજીવ પદાર્થોને પણ પોતાનું જૈવિક વીજ-ચુંબકીય ક્ષેત્ર હોય છે અને સજીવ પદાર્થોના જૈવિક વીજ-ચુંબકીય ક્ષેત્રનો આધાર ઘણી બધી બાબતો ઉપર હોય છે.

જૈવિક વીજ-ચુંબકીય શક્તિ અર્થાત્ આભામંડળની શુદ્ધિ અને તીવ્રતાનો આધાર શારીરિક શક્તિ, માનસિક શક્તિ, આધ્યાત્મિક સ્તર, ચાર ઘાતી કર્મના ક્ષયોપશમ, ચાર અઘાતી કર્મો સંબંધી શુભકર્મના સમ પ્રમાણમાં અને ચાર અઘાતી કર્મો સંબંધી અશુભકર્મ તથા ચાર ઘાતી કર્મોના વ્યસ્ત પ્રમાણમાં હોય છે એટલે કે શારીરિક શક્તિ વગેરે ચાર પરિબળો વધે તો જૈવિક વીજ-ચુંબકીય શક્તિ વધે અને શારીરિક શક્તિ વગેરે ચાર પરિબળો ઘટે તો જૈવિક વીજ-ચુંબકીય શક્તિ ઘટે. જ્યારે ચાર અઘાતી કર્મો સંબંધી અશુભકર્મ તથા ચાર ઘાતી કર્મો ઘટે તો જૈવિક વીજ-ચુંબકીય શક્તિ વધે અને ચાર અઘાતી કર્મો સંબંધી અશુભકર્મ તથા ચાર ઘાતી કર્મો વધે તો જૈવિક વીજ-ચુંબકીય શક્તિ ઘટે.[2]

**આભામંડળ (Aura) :**

બીજી વાત, જ્યાં વીજ-ચુંબકીય ક્ષેત્ર હોય ત્યાં વીજ-ચુંબકીય શક્તિ પણ હોય છે. આ જૈવિક વીજ-ચુંબકીય ક્ષેત્રને આધુનિક વિજ્ઞાનની પરિભાષામાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આભામંડળ (aura) કહેવામાં આવે છે, અને કિર્લિયન ફોટોગ્રાફીની મદદથી, ફોટોગ્રાફિક પ્લેટ ઉપર તેની છબીઓ લઈ શકાય છે. સેમ્યોન કિર્લિયન (Semyon Kirlian) નામના રશિયન વિજ્ઞાનીએ આભામંડળની છબીઓ લેવાની વિશિષ્ટ પદ્ધતિની શોધ કરી છે અને તેની મદદથી આભામંડળની રંગીન છબીઓ પણ લેવાય છે. આ આભામંડળની આધુનિક વ્યાખ્યા પ્રમાણે કોઈપણ સજીવ પદાર્થ પોતે પોતાના સ્થૂલ દેખાતા ભૌતિક શરીરમાંથી જે અદૃશ્ય પ્રકારના વિશિષ્ટ કિરણો-તરંગો કે સૂક્ષ્મ કણો બહાર ફેંકે છે તેને જ આભામંડળ (aura) કહેવામાં આવે છે. આધુનિક સંશોધકોની માન્યતા પ્રમાણે મનુષ્યનું આભામંડળ (Human Aura) એ વૈશ્વિક શક્તિ ક્ષેત્ર(Universal Energy Field)નો જ એક અંશ છે.[3]

અવલોકનોના આધારે તેઓએ આભામંડળનું વિવિધ સ્તરોમાં વિભાજન કરી બતાવ્યું છે. આમાં આગળનું દરેક સ્તર તેની પૂર્વેના સ્તર કરતાં વધુ સૂક્ષ્મ દ્રવ્ય તથા ઉચ્ચ કક્ષાના તરંગોથી બનેલ હોય છે. આ વિભાજનમાં તેઓએ ખાસ કરીને તેના સ્થાન, રંગ, તેજસ્વિતા, સ્વરૂપ, ઘનતા, પ્રવાહિતા અને કાર્યનો આધાર લીધો છે.[4] આભામંડળના વિભાજનની વિવિધ પદ્ધતિઓમાં અત્યારે મુખ્યત્વે બે પદ્ધતિઓ સર્વ સામાન્ય છે. (1) જેક સ્વાર્ઝ(Jack Schwarz)ની પદ્ધતિમાં સાત સ્તર કરતાં વધુ સ્તર છે અને તેનું વર્ણન તેઓએ તેમના હ્યુમન ઍનર્જી સિસ્ટિમ (Human Energy System) પુસ્તકમાં કર્યું છે.[5] (2) હિલીંગ લાઈટ સૅન્ટર, કૅલિફોર્નિયા(Healing Light Centre, California)ના વડા માનનીય શ્રીમતી રોઝાલીન બ્રુયેરે (Rev. Rosalyn Bruyere) ઉપયોગ કરેલ પદ્ધતિમાં સાત સ્તર (layers) બતાવવામાં આવ્યાં છે અને તેનું વર્ણન તેમના વ્હીલ્સ ઑફ લાઈટ, એ સ્ટડી ઑફ ચક્રાસ્ (Wheels of Light, A Study of Chakras) પુસ્તકમાં કરવામાં આવ્યું છે.[6]

હૅન્ડ્ઝ ઑફ લાઈટ(Hands of Light)ના લેખિકા બાર્બરા એન બ્રેન્નાન(Barbara Ann Brennan)ના જણાવ્યા પ્રમાણે તેમના અવલોકનોમાં, તેમને દ્વિસ્વભાવી ક્ષેત્રીય છાપ (dualistic field pattern) જોવા મળી. આભામંડળનું પ્રત્યેક આગળનું સ્તર પૂર્વના સ્તર કરતાં વધુ સારી રીતે રચાયેલું હોય છે.[7] આભામંડળમાં પહેલા, ત્રીજા, પાંચમા અને સાતમા સ્તરની રચના નિશ્ચિત અને સ્થિર છે, જ્યારે બીજું, ચોથું અને છટ્ઠું સ્તર પ્રવાહી જેવા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




પદાર્થનું બનેલું જણાય છે અને તેનું કોઈ નિશ્ચિત બંધારણ નથી, [8] તથા તેનો પ્રવાહ એકી સ્તર(પહેલાં, ત્રીજા અને પાંચમાં)માંથી આવતો જણાય છે. તેની પછીનાં અને તેની પૂર્વેનાં બધાં જ સ્તર આ ભૌતિક-પાર્થિવ શરીરમાં પણ વ્યાપીને રહેલાં હોય છે. આ રીતે આપણું આ મનોમય ભાવનાત્મક શરીર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| *Chakras of the subtle body* | *Deity* | *Sri Vidya Mantra* | *Yoginis presiding over the subtle body* | *Saktis and their cosmic energies* |
|---|---|---|---|---|
| Sahasrara | | ह्रीं *Hrim* | Yakini | |
| | Bhumi | ल *la* | | Raudri = Energy of action Bhagamalini |
| | Vishnu | क *ka* | | |
| | Bharti | स *sa* | | |
| Ajna between the eyebrows | | ह्रीं *Hrim* | Hakini | |
| | Bhumi | ल *la* | | |
| | Brahma | ह *ha* | | Jyestha = Energy of knowledge Vajreśvari |
| Visuddha throat centre | | | Dakini | |
| | Vishnu | क *ka* | | |
| | Bharti | स *sa* | | |
| | Brahma | ह *ha* | | |
| Anahata level of the heart | | | Rakini | |
| | Rudra : Rudrani (Siva) (Sakti) | ह्रीं *Hrim* | | |
| Manipura navel | | | Lakini | |
| | Bhumi | ल *la* | | |
| | Vishnu | ई *i* | | Vama = Energy of will Kamesvari |
| Svadhishthana below the navel | | | Kakini | |
| | Bharti | ए *e* | | |
| | Brahma | क *ka* | | |
| Muladhara base of spine | | ▼ | Sakini | |

આપણા પાર્થિવ-ભૌતિક શરીરથી લઈને તૈજસ્ શરીર(etheric body)ને પેલે પાર સુધી વ્યાપેલું હોય છે.[9]

આ રીતે આપણે સાત શરીર-સ્તર ધરાવીએ છીએ અને તે બધાં એક જ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




A. The seven major chakras

અવકાશમાં એક જ સમયે અસ્તિત્વ ધરાવે છે. આભામંડળનું દરેક સ્તર પાર્થિવ શરીરથી લઈને છેક છેલ્લા સ્તર સુધી વ્યાપેલું હોય છે. કેટલાક એવી ખોટી માન્યતા ધરાવે છે કે આભામંડળ ડુંગળીની માફક તદ્દન અલગ અલગ સ્તર ધરાવે છે, જે એક પછી એક અલગ કરી શકાય છે પરંતુ વસ્તુતઃ એવું નથી. આમ છતાં પ્રત્યેક સ્તર અલગ દેખાય છે અને તેનું વિશેષ કાર્ય પણ છે.[10]

**આભામંડળ અને ચક્રો (Aura and Energy Centres) :**

આભામંડળના પ્રત્યેક સ્તરનો સંબંધ યોગવિદ્યામાં આવતા ચક્રો સાથે છે. પ્રથમ સ્તરનો સંબંધ પ્રથમ ચક્ર સાથે, બીજા સ્તરનો સંબંધ બીજા ચક્ર સાથે અને તે રીતે આગળ જાણી લેવું. પ્રથમ ચક્ર અને આભામંડળના પ્રથમ સ્તરનું કાર્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાર્થિવ શરીરનાં કાર્યો, પાર્થિવ લાગણીઓ જેવી કે સુખ-દુઃખ/પીડા છે. એ સિવાય પ્રથમ સ્તર શરીરની અનૈચ્છિક ક્રિયાઓ સાથે સંબંધિત છે.[11]

બીજું ચક્ર અને આભામંડળનું બીજું સ્તર મનુષ્યની ભાવનાત્મક લાગણીઓ (emotional aspects) સાથે સંબંધ ધરાવે છે. તે બંને આપણા ભાવનાત્મક જીવન અને લાગણીઓનું વાહક છે.[12]

ત્રીજું ચક્ર અને ત્રીજું સ્તર માનસિક પરિસ્થિતિ અને વિચારો સાથે સંકળાયેલ છે. ચોથું હૃદય ચક્ર અને ચોથું સ્તર ફક્ત પોતાના સ્વજન સંબંધી જ નહિ પરંતુ સમગ્ર માનવજાત સંબંધી પ્રેમનું વહન કરે છે. આ જ ચક્ર પ્રેમની શક્તિ ઉત્પન્ન કરે છે.[13]

પાંચમું ચક્ર અને પાંચમું સ્તર દિવ્ય અને ઉચ્ચ કક્ષાની ઇચ્છાઓ સાથે સંબંધ ધરાવે છે. આ ચક્રનો સંબંધ આપણાં વાણી-વચનની શક્તિ અને તત્સંબંધી ક્રિયાઓ સાથે છે. છઠ્ઠું ચક્ર અને છઠ્ઠું સ્તર માનવજાતને અતિક્રમી સમગ્ર સજીવ સૃષ્ટિ પ્રત્યેના પ્રેમનું કારણ છે. જૈનદર્શનની પરિભાષામાં *સવિ જીવ કરું શાસનરસી*'ની ભાવના છઠ્ઠા ચક્ર અને છઠ્ઠા સ્તર સાથે સંકળાયેલ છે. જ્યારે સાતમું ચક્ર અને સાતમું સ્તર અધ્યાત્મની સર્વોચ્ચ કક્ષા સાથે સંબંધ ધરાવે છે.[14]

આ સિવાય આપણી પાંચેય ઇંદ્રિયોનો સંબંધ પણ આ ચક્રો સાથે છે. પ્રથમ ચક્ર સાથે સ્પર્શનેન્દ્રિયનો સંબંધ છે. જ્યારે રસનેંદ્રિય, ઘ્રાણેંદ્રિય અને શ્રવણેંદ્રિય(જીભ, નાક અને કાન)નો સંબંધ પાંચમા ચક્ર સાથે છે અને ચક્ષુરિન્દ્રિય/આંખનો સંબંધ છઠ્ઠા ચક્ર સાથે છે.[15]

આ રીતે આપણી શક્તિ પદ્ધતિ(શક્તિ કવચ)માં શારીરિક લાગણીઓ (sensation), ભાવનાત્મક લાગણીઓ (emotions), વિચાર, સ્મૃતિ અને અન્ય આધિભૌતિક અનુભવો માટે ચોક્કસ અને વિશિષ્ટ સ્થાન છે, જેના વિષે આપણે આપણા ડૉક્ટર, વૈદ્ય કે ચિકિત્સકને માહિતગાર કરીએ છીએ. આ સ્થાનો સાથે સંબંધિત આપણા શારીરિક ચિહ્નો, આપણી તંદુરસ્તી/સ્વાસ્થ્ય અને આપણા રોગો તથા તેના પ્રકારને સમજવામાં ખૂબ ખૂબ મદદ કરે છે. આ રીતે આભામંડળનો અભ્યાસ-વિશ્લેષણ આપણી પરંપરાગત દવાઓ અને માનસશાસ્ત્રીય હેતુઓ (concerns) વચ્ચેનો સેતુ બની શકે છે.[16]

ડૉ. ડેવિડ ટાન્સેલી(Dr David Tansely, a radionic specialist)એ તેમના પુસ્તક એ રેડિયોનિક્સ ઍન્ડ ધ સટલ બૉડીઝ ઑફ મૅન (A

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Radionics & the Subtle Bodies of Man)માં આ સાતે ય ચક્રો અને તેનાં પેટા ચક્રો સ્વરૂપ 21 ચક્રો અંગે વિસ્તૃત માહિતી આપી છે. આ અંગે તેઓ કહે છે કે આભામંડળના પ્રથમ સ્તરમાં આવેલ સામાન્ય ચક્રનો ખુલ્લો છેડો લગભગ 6 ઇંચના વ્યાસવાળો/પહોળો હોય છે અને તે ભૌતિક શરીરથી એક ઇંચ દૂર હોય છે.[17]

આ બધાં મુખ્ય ચક્રો, પેટા 21 ચક્રો અને અન્ય સૂક્ષ્મ ચક્રો તથા ઍક્યુપંક્ચરનાં બધાં જ બિંદુઓ (points), આભામંડળની શક્તિને વહન કરવાના દ્વાર સમાન છે[18] માટે જ એ અગત્યનું છે કે આ બધાં ચક્રોને ખુલ્લાં કરીને આપણી શક્તિના પ્રવાહને વધારવો જોઈએ કારણ કે જેમ આ શક્તિપ્રવાહ વધુ તેમ આપણું શરીર વધુ તંદુરસ્ત/સ્વસ્થ રહી શકે છે. આ શક્તિપ્રવાહ ઓછો થાય અથવા અસમતોલ બને તો તંદુરસ્તી જોખમાય છે અને માંદગી/રોગ પેદા થાય છે.

આ ચક્રો દ્વારા જ આભામંડળના એક સ્તરથી બીજા સ્તર સુધી શક્તિનું વહન થાય છે. મોટા ભાગના મનુષ્યોમાં આ ચક્રો બંધ હોય છે. આધ્યાત્મિક પ્રક્રિયા દ્વારા અધ્યવસાય-મન અને વિચારોની શુદ્ધિ થતાં આ ચક્રો ખુલે છે.[19]

પૂર્વીય આધ્યાત્મિક/ગૂઢ વિદ્યા સંબંધી સાહિત્યમાં આ મુખ્ય ચક્રોને ચોક્કસ સંખ્યામાં પાંખડીઓ બતાવવામાં આવી છે. ખૂબ ઝીણવટભર્યાં સંશોધનોમાં આ પાંખડીઓ પેટા ચક્રો સ્વરૂપ જણાઈ છે અને તે ખૂબ જ વેગથી વર્તુળાકારે પોતાની ધરી ઉપર પરિભ્રમણ કરે છે. દરેક નાનું ચક્ર અમુક પ્રમાણમાં શક્તિનો ઉપયોગ કરે છે, તેના પરિણામે તે ચક્રમાં ચોક્કસ સંખ્યામાં spin frequency અર્થાત્ ધરી પરનાં પરિભ્રમણો પેદા થાય છે. દા. ત. મૂલાધાર ચક્રની ચાર પાંખડીઓને ચાર નાનાં ચક્રો છે અને તે ચાર પ્રકારના મૂળભૂત શક્તિ-કંપનોનો ઉપયોગ કરે છે.[20]

આ દરેક મુખ્ય ચક્રોના અલગ અલગ રંગો જોવામાં આવ્યા છે અને તેનો સંબંધ તેની શક્તિ અને કંપનો/આવૃત્તિ સાથે છે.

યોગવિદ્યામાં આવતા આ સાત ચક્રોમાં વ્યુત્ક્રમ(Reverse order)માં (1) સૌ પ્રથમ મૂલાધાર ચક્ર આવે છે. આ ચક્ર કરોડરજ્જુના છેક નીચેના છેડા પાસે હોય છે. તેનો રંગ પીળો (yellow) છે. તેની અધિષ્ઠાયિકા દેવીનું નામ ડાકિની છે. આ દેવીઓ શક્તિનું પ્રતિક છે અથવા તે શક્તિ સ્વરૂપ જ છે. આ ચક્રને અંગ્રેજીમાં Pelvic plexus કહે છે. તેને ચાર પાંખડીઓ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(2) બીજું ચક્ર સ્વાધિષ્ઠાન ચક્ર છે. તે પેઢું પાસે આવેલ છે. તે નારંગી (orange) રંગ ધરાવે છે. તેની અધિષ્ઠાયિકા દેવી રાકિની છે. આ ચક્રને અંગ્રેજીમાં Hypogastric plexus કહે છે. તેને 6 પાંખડીઓ છે.

(3) ત્રીજું ચક્ર મણિપુર ચક્ર છે. તે નાભિ પાસે આવેલ છે. તેનો રંગ લાલ (red) છે અને લાકિની દેવી તેની અધિષ્ઠાયિકા છે. આ ચક્રને અંગ્રેજીમાં Solar plexus (સૂર્ય ચક્ર) કહે છે. આ ચક્રને 10 પાંખડીઓ છે.

(4) ચોથું ચક્ર અનાહત ચક્ર છે. તે હૃદય પાસે છાતીમાં આવેલ છે. તેનો રંગ જાંબલી (violet) છે અને કાકિની દેવી તેની અધિષ્ઠાયિકા છે. આ ચક્રને હૃદયચક્ર (Heart chakra) અથવા Cardiac plexus કહે છે. આ ચક્રને 12 પાંખડીઓ છે.

(5) પાંચમું વિશુદ્ધિ ચક્ર ગળામાં સ્વર પેટી પાસે આવેલ છે. તેનો રંગ નીલ (Indigo) છે. તેની દેવી શાકિની છે. આ ચક્રને પશ્ચિમના લોકો Pharyngeal plexus કહે છે. તેને 16 પાંખડીઓ છે.

(6) છઠ્ઠું આજ્ઞા ચક્ર કપાળમાં જ્યાં તિલક કરવામાં આવે છે ત્યાં હોય છે. આ આજ્ઞા ચક્રને ત્રીજું નેત્ર પણ કહેવામાં આવે છે. તે જાતિયવૃત્તિઓનું નિયંત્રણ કરે છે. આ ચક્ર ખૂલી ગયું હોય તો જાતિયવૃત્તિઓનો નાશ થઈ જાય છે. ભોળા શંભુ શંકરે ત્રીજા નેત્ર દ્વારા કામ દેવને બાળી નાખ્યો હતો એ વિધાનનું રહસ્ય એ જ કે આજ્ઞાચક્ર ખુલ્લું થવાથી તેમની જાતિયવૃત્તિ નામશેષ થઈ ગઈ હતી. આ આજ્ઞાચક્રનો રંગ વાદળી (blue) છે. તેની દેવી હાકિની છે. આ ચક્રનું બીજું નામ Cavernous plexus છે. મધુ ખન્ના લિખિત "Yantra" પુસ્તક અનુસાર આ ચક્રને બે જ પાંખડીઓ છે.[21] જ્યારે *'હૅન્ડ્ઝ ઑફ લાઇટ'* પુસ્તકમાં જણાવ્યા પ્રમાણે આ ચક્રને 96 પાંખડીઓ છે.[22]

(7) સાતમું સહસ્રાર ચક્ર મસ્તકની ઉપર શિખાના ભાગે ભૌતિક શરીરની બહાર આવેલ છે. તેનો રંગ લીલો (Green) છે અને આ ચક્ર ખુલી જાય તો આત્મસાક્ષાત્કાર દ્વારા મોક્ષપ્રાપ્તિ સરળ બની જાય છે. શક્તિની સર્વોત્કૃષ્ટ સ્થિતિની પ્રાપ્તિ આ ચક્રની જાગૃતિથી થાય છે. તેની અધિષ્ઠાયિકા કોઈ દેવી બતાવી નથી. આ ચક્રને અંગ્રેજીમાં Cerebrum કહે છે કારણ કે તે મગજ સાથે સંકળાયેલ છે. મધુ ખન્ના લિખિત " Yantra" પુસ્તક અનુસાર આ ચક્રને 1000 પાંખડીઓ છે.[23] જ્યારે *'હૅન્ડ્ઝ ઑફ લાઇટ'* પુસ્તકમાં જણાવ્યા પ્રમાણે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ ચક્રને 972 પાંખડીઓ છે.[24]

આ ચક્રોની અધિષ્ઠાયિકા દેવીઓના નામ પણ વિભિન્ન ગ્રંથોમાં અલગ અલગ મળે છે.

**ચક્રો અને શરીરના અવયવો :**

| CHAKRA | NO. OF SMALL VORTICES | ENDOCRINE GLAND | AREA OF BODY GOVERNED |
|---|---|---|---|
| 7 - Crown | 972 Violet White | Pineal | Upper brain, Right eye |
| 6 - Head | 96 Indigo | Pituitary | Lower brain, Left eye, Ears, Nose, Nervous system |
| 5 - Thorat | 16 Blue | Thyroid | Bronchial & Vocal apparatus, Lungs, Alimentary canal |
| 4 - Heart | 12 Green | Thymus | Heart, Blood, Vagus nerve, Circulatory system |
| 3 - Solar Plexus | 10 Yellow | Pancreas | Stomach, Liver, Gall bladder, Nervous system |
| 2 - Sacral | 6 Orange | Gonads | Reproductive System |
| 1 - Base | 4 Red | Adrenals | Spinal column, Kidneys |

આ દરેક ચક્ર ભિન્ન ભિન્ન અંતઃસ્રાવિ ગ્રંથિઓ તથા જ્ઞાનતંતુઓનાં મુખ્ય મુખ્ય નાડીચક્રો જે કરોડરજ્જુમાં આવેલાં છે, તેની સાથે સંબંધ ધરાવે છે. આ ચક્રો વૈશ્વિક (cosmic) કિરણો અથવા તો પ્રાથમિક શક્તિઓ - પ્રાણ વગેરે મેળવે છે અને તેનું વિભાજન કરી જ્ઞાનતંતુઓ સ્થિત નાડીઓ, અંતઃસ્રાવિ ગ્રંથિઓ તથા લોહીમાં મોકલી શરીરને પુષ્ટ કરે છે. દરેક અંતઃસ્રાવિ ગ્રંથિને પોતાનો રંગ હોય છે. રંગના આધારે તેને સક્રિય બનાવી શકાય છે. આભામંડળ અંગે આધુનિક-પશ્ચિમી વિજ્ઞાન કહે છે કે આભામંડળ અથવા જૈવિક વીજ-ચુંબકીય શક્તિ (bio-electromagnetic energy) એ આપણા આ ભૌતિક શરીર અને મગજના પ્રત્યેક ભાગ/કોષની આસપાસના વિદ્યુત્‌ભારાન્વિત પ્લાઝમા(ionised plasma)માં થતી પ્રક્રિયાઓના પરિણામે ઉત્પન્ન થતી ક્ષેત્રીય શક્તિ (field energy) છે અને તે આભામંડળ તરીકે દેખાય છે. આ આભામંડળના ચોક્કસ સ્વભાવનો અભ્યાસ જ આજના અગ્રણી ભૌતિકશાસ્ત્રીઓ (physicists) માટે મુખ્ય વિષય છે.

સંશોધનો દરમ્યાન જણાયું છે કે નિર્જીવ પદાર્થોમાં તેમનું આભામંડળ ફક્ત 2% જ ફેરફાર પામી શકે છે, જ્યારે સજીવ પદાર્થોના આભામંડળમાં નાટ્યાત્મક રીતે અને ઝડપથી ઘણો જ ફેરફાર થઈ શકે છે એટલું જ નહિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જૈવિક વીજ પદ્ધતિ (bio-electrography) અર્થાત્ કિર્લિયન ફોટોગ્રાફી(Kirlian photography)ની મદદથી તે જીવન અને ચૈતન્યનો અભ્યાસ કરવાનું પ્રબળ માધ્યમ પુરૂં પાડે છે.

આપણા ભૌતિક શરીરના દરેક અંગો તથા તેના કાર્યો અને મગજ તથા તેના દ્વારા થતા વૈચારિક કાર્યો આભામંડળ ઉપર એક ચોક્કસ અસર ઊભી કરે છે અને તે કિર્લિયન ફોટોગ્રાફીમાં દેખાય પણ છે.[25] આપણા હાથની આંગળીઓની આસપાસના આવા આભામંડળની છબીઓના અભ્યાસ દ્વારા ભૌતિક શરીરમાં રોગાદિકનાં લક્ષણો દેખાય એના ઘણા વખત પહેલાં આપણા શરીરના અંગોમાંના રોગાદિક જાણી શકાય છે.[26]

દરેક સજીવ પદાર્થના આભામંડળમાં સતત ફેરફાર / પરિવર્તન થતું જ રહે છે. ઘણા પ્રયોગોએ બતાવી આપ્યું છે કે મનુષ્યના શરીરના આભામંડળમાં મનુષ્યના શારીરિક-મૃત્યુ (clinical death) પછી 72 કલાક સુધી આભામંડળમાં ફેરફાર થતો રહે છે, તેમાંથી સતત ઊર્જા બહાર નીકળતી રહે છે એટલું જ નહિ પણ આભામંડળના આ ફેરફારો દ્વારા મૃત્યુનું સાચું કારણ પણ જાણી શકાય છે. આ અંગેની વિસ્તૃત/પ્રાયોગિક માહિતી રશિયન વિજ્ઞાની પ્રો. કે. જી. કોરોટ્કોવ(Prof. K.G. Korotkov)ના *'લાઈટ આફ્ટર લાઈફ'* (Light after Life) પુસ્તકમાં પ્રાપ્ત થાય છે.[27]

અહીં એ નોંધવું રસપ્રદ છે કે આ પૃથ્વી પર ઘણી ખરી સંસ્કૃતિઓમાં સૈકાઓથી મનુષ્યનું મૃત્યુ થયા પછી તેના શરીરની અંતિમવિધિ - દફનવિધિ - અંતિમસંસ્કાર વચ્ચે ત્રણ દિવસનું આંતરું રાખવામાં આવે છે. ક્રિશ્ચયનો હંમેશાં ત્રીજા દિવસે જ દફનવિધિ કરે છે. એ બતાવે છે કે આપણા બુદ્ધિશાળી પૂર્વજો જીવન અને મૃત્યુ વિશે ઘણું બધું જાણતા હતા, જેની તો આપણે ફક્ત કલ્પના જ કરી શકીએ છીએ.[28] પૃથ્વી પરથી લુપ્ત થયેલ આ જ્ઞાનના ઘણાં દૃષ્ટાંતો માઈકલ ડેશમાર્ક(Michael Desmarquet)ના પુસ્તકમાં પ્રાપ્ત થાય છે.

આ સાથે એક બીજી વાત પણ ઉલ્લેખનીય છે કે સ્ફટિક તથા વિવિધ પ્રકારના ખનીજો (minerals), રંગો વગેરે પણ મનુષ્યોના આભામંડળમાં નોંધપાત્ર ફેરફાર કરી શકે છે. આધુનિક કિર્લિયન ફોટોગ્રાફીનાં સાધનો મનુષ્યના શક્તિકવચ(આભામંડળ)ના સ્તરના માધ્યમ દ્વારા આ અસરોના પ્રમાણ તથા શરીરના દરેક અવયવની કાર્યક્ષમતા અને આરોગ્ય ઉપરની અસરોના પ્રમાણને નક્કી કરી શકે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ફિઝિકલ રીસર્ચ લૅબોરેટરી, અમદાવાદ(Physical Research Laboratory, Ahmedabad)ના વિજ્ઞાની ડૉ. નરેન્દ્ર ભંડારીએ મારા પુસ્ત *"જૈનદર્શનનાં વૈજ્ઞાનિક રહસ્યો"*ની પ્રસ્તાવનામાં લખ્યું છે કે --

> *"The topics dealing with mantra, yantra, japa, colour and music point out their importance in the Jain philosophy and spiritual practices and have not formed the subject of scientific investigations. It may be easy to feel their effects on human mind but it is difficult to quantify this effect and therefore they have eluded a proper scientific basis. If techniques develop which can measure their effects, scientific theories can be developed."*[29]
>
> *(મંત્ર, યંત્ર, જાપ, રંગ(ધ્વનિના) અને સંગીત વિષયક લેખોમાં ફક્ત જૈનદર્શન અને આધ્યાત્મિક સાધનામાં તેનું વૈજ્ઞાનિક મહત્ત્વ જ બતાવવામાં આવ્યું છે, પણ વૈજ્ઞાનિક સંશોધનના વિષય તરીકે દર્શાવ્યા નથી. આ બધી વસ્તુઓની માનવ મગજ/મન ઉપર થતી અસરો સહેલાઈથી અનુભવી શકાય છે પરંતુ તેનું પ્રમાણ/પરિમાણ નક્કી કરવું મુશ્કેલ છે અને તેથી તે યોગ્ય વૈજ્ઞાનિક આધાર આપવામાંથી છટકી જાય છે. જો એવી પદ્ધતિ અથવા સાધન શોધાય કે જેના દ્વારા આ બધાની અસરોનું પ્રમાણ ચોક્કસ રીતે માપી શકાય તો વૈજ્ઞાનિક સિદ્ધાંત તરીકે તેનો વિકાસ થઈ શકે.)*

હવે જો કિર્લિયન ફોટોગ્રાફીનાં સાધનો દ્વારા આભામંડળના માધ્યમથી, આ બધી ચીજોની માનવ શરીર અને મન ઉપર થતી અસરોના પ્રમાણને માપી શકાય અર્થાત્ quantify કરી શકાય તો આ બધી જ પદ્ધતિઓને વૈજ્ઞાનિક માન્યતા પ્રાપ્ત થઈ શકે.

**સજીવ પાણીનું આભામંડળ (Aura of Living Water) :**

અત્યારે રશિયામાં પ્રો. કે. જી. કોરોટ્કોવ (Prof. K. G. Korotkov) પાણીના આભામંડળ અને તેની જૈવિકશક્તિમય સંરચના અંગે મંત્રમુગ્ધ તેવું સંશોધન કરી રહ્યા છે. તેમણે પાણીનાં એક જ ટીપાનાં બે વખત કિર્લિયન ફોટોગ્રાફ્સ લીધાં. તેમાં પ્રથમ જે ફોટો લીધો તે સામાન્ય (normal) પાણીનું ટીપું હતું, જ્યારે બીજો ફોટો લીધો તે રશિયન ચિકિત્સક એલન ચુમા(Allan Chumak)એ ચૈતસિક ધ્યાન વડે દશ મિનિટ સુધી એ પાણીના ટીપાં ઉપર વિશિષ્ટ પ્રક્રિયા દ્વારા વીજભારાન્વિત કર્યા પછી લીધો હતો. આ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

...નાંથી વીજભારાન્વિત કરેલ ટીપાંના આભામંડળમાં સામાન્ય ટીપાંના આભામંડળ કરતાં 30 ગણી શક્તિ જોવા મળી છે.[30]



Fig 2. Intensity distribution of the stimulated electro photonic glow around a sample of de-ionised water. Water in the initial state (left) and consciously modified water (right). Colours indicate zones of similar intensity. Images courtesy of Prof.K.Korotkov [7]

અત્યારનું ભૌતિકશાસ્ત્ર ઉપર જણાવેલ પાણીનાં ટીપાંની શક્તિના ફેરફારને સમજાવી શકતું નથી, કે જે ફેરફાર સૈદ્ધાંતિક રીતે જોઈએ તો ખરેખર તે પાણીનાં ટીપાંની આસપાસની વીજભારાન્વિત હવામાં થતી વિદ્યુત્ભારની શુદ્ધ ભૌતિક/પાર્થિવ ઘટના અથવા પ્રક્રિયા જ છે. આનું મુખ્ય કારણ એ છે કે આપણા મોટાભાગના બધા જ વિજ્ઞાનીઓ તેઓના પ્રયોગો દરમ્યાન વાસ્તવિકતાના અનુભવોમાં આપણી જે ચેતના-શક્તિ છે તેને સંપૂર્ણપણે નજરઅંદાઝ (ignore) કરે છે. પ્રો. કે. જી. કોરોટ્કોવ (Prof. K. G. Korotkov) કહે છે કે પાણીનાં ટીપાંની આસપાસના આભામંડળની વૃદ્ધિને આપણી ચેતના (consciousness) સંબંધી આવર્તનો/કંપનો (vibrations) ને માપીને શક્તિને ગણતરીમાં લીધા સિવાય સમજાવી શકાતી નથી. પાણીનાં ટીપાંના આભામંડળ સંબંધી પ્રયોગો એ વાતનો પ્રબળ પુરાવો છે કે જો આપણે આપણા મગજ/મનને બરાબર કેળવ્યું હોય તો એ મગજ/મન કોઈપણ ઘટના/પદાર્થને ઇચ્છિત રીતે ફેરવી શકે છે.[31]

ચૈતસિક માહિતીને યાદ રાખવાની પાણીની શક્તિ, એ મગજમાં ન ઊતરે એવી બાબત છે પણ પાણી એ આપણા આહારનું મુખ્ય ઘટક છે એટલું જ નહિ આપણા આ શરીરમાં પણ 70%થી વધુ પાણી રહેલું છે. માટે આપણી ચેતના શક્તિ (consciousness) અને ધ્યાનની શક્તિ આપણા ભૌતિક શરીરની સંરચનાને સારા એવા પ્રમાણમાં અસર કરે છે, એ વાતથી આશ્ચર્ય ન પામવું જોઈએ. એવા કેટલાં ય દૃષ્ટાંતો અહીં જોવા મળે છે કે ફક્ત માનસિક વલણોમાં ફેરફાર કરવા માત્રથી આભામંડળમાં નાટ્યાત્મક ફેરફાર થાય છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને એ સાથે સાજા થવાની પ્રક્રિયા ખૂબ ઝડપી બને છે.[32]

અહીં એ નોંધવું રસપ્રદ થઈ પડશે કે આ પૃથ્વી પરની પ્રત્યેક મહાન સંસ્કૃતિમાં એક અવિચ્છિન્ન પરંપરા રહી છે કે હંમેશાં ભોજન કરતાં પહેલાં આહાર વિશે - આહાર ઉપર હકારાત્મક ભાવનાઓ યુક્ત ધ્યાન કરવું. આ વાત એ હકીકત સિદ્ધ કરે છે કે આ રીતે આપણે કુદરત, ભગવાન કે વિશ્વ/બ્રહ્માંડ પ્રત્યે આભાર વ્યક્ત કરીએ છીએ. આભામંડળ અંગે રશિયામાં થયેલાં તાજેતરનાં સંશોધનોએ બતાવી આપ્યું છે કે આ પ્રકારનાં ધ્યાન કરવા માટેનાં પ્રબળ કારણો હોય છે. આહારનો ઉપયોગ કરતાં પહેલાં જો આ રીતે હકારાત્મક ચૈતસિક શક્તિ દ્વારા આહારને વીજભારાન્વિત કરવામાં આવે તો તે આહાર આપણા શરીર સાથે વધુ સુસંગત થાય છે અને વધુ પોષણક્ષમ પણ બને છે.[33]

એ પણ ખરેખર સંભવિત છે કે જીવનનાં રહસ્યોનો સંબંધ, પાણીની ચૈતસિક માહિતીનો સંગ્રહ કરવાની અને તેને છેલ્લામાં છેલ્લી માહિતીથી સુસંસ્કૃત કરવાની શક્તિ સાથે છે. પ્રાચીન કથાઓમાં આવતા, અલૌકિક લક્ષણો ધરાવતા, ચૈતન્યયુક્ત અથવા આશીર્વાદયુક્ત/અભિમંત્રિત પાણીમાં કોઈક નક્કર વૈજ્ઞાનિક કારણ હોવું જોઈએ, એવું પાણીનાં રહસ્યો અંગે થયેલાં નવાં સંશોધનોની દૃષ્ટિએ કહી શકાય.[34]

આ અંગે સૌથી સારા સમાચાર એ છે કે હવે આવું પાણી આપણે આ પૃથ્વી ઉપર પણ બનાવી શકીએ છીએ એટલું જ નહિ તેના આભામંડળને કિર્લિયન ફોટોગ્રાફીનાં સાધનો દ્વારા જોઈ શકીએ છીએ અને તેની પરીક્ષા પણ કરી શકીએ છીએ. અલબત્ત, જ્યારે આવી વિશિષ્ટ શક્તિસંપન્ન વ્યક્તિ, દા. ત. મંત્રારાધક એકાગ્રતા દ્વારા પાણીને અભિમંત્રિત કરતી હોય છે તે દૃશ્ય ખરેખર દર્શનીય હોય છે. છતાં આપણામાંના ઘણા આનો અભ્યાસ કરી શકે છે, એ હવે અતિ સુસંભવિત છે.[35]

હવે એ વાતનો પ્રતિકાર પણ થઈ શકે તેમ નથી કે આપણા બુદ્ધિશાળી પૂર્વજો આ 20મી સદીના વિજ્ઞાનની કલ્પનાઓ કરતાં પણ વધુ જાણતા હતા. કમનસીબે, આપણા આ પ્રાચીન જ્ઞાનમાંથી કેટલુંક કુદરતી આપત્તિઓના કારણે અને બાકીનું આપણી જંગાલિયત તથા સામાજિક નેતાઓના, કેટલીય પેઢીઓ સુધીના નેતાઓના ભૌતિકવાદી વલણો, તથા લોકો ઉપર પ્રભુત્વ જમાવવાના હેતુથી જેમણે પ્રસ્થાપિત કરેલા સિદ્ધાંતો, ક્રિયાકાંડો અને ભયોના કારણે મહદંશે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રમાણે ચંદ્રની રાશિ જન્મરાશિ ગણાય છે જ્યારે પાશ્ચાત્ય જ્યોતિષશાસ્ત્ર પ્રમાણે સૂર્યની રાશિ જન્મરાશિ ગણાય છે.

જન્મરાશિ મેષ કે વૃશ્ચિક હોય તો તેણે શ્રી વાસુપૂજ્યસ્વામિની આરાધના કરવી કે મંગળનું નંગ પરવાળો પહેરવો.

જન્મરાશિ વૃષભ કે તુલા હોય તો તેણે શ્રી સુવિધિનાથ પ્રભુની આરાધના કરવી કે શુક્રનું નંગ હીરો પહેરવો.

જન્મરાશિ મિથુન કે કન્યા હોય તો તેણે શ્રી વિમળનાથ પ્રભુ વગેરેની આરાધના કરવી કે બુધનુ નંગ પન્ના પહેરવું.

જન્મરાશિ કર્ક હોય તો તેણે શ્રી ચંદ્રપ્રભસ્વામિની આરાધના કરવી કે મોતીનું નંગ પહેરવું.

જન્મરાશિ સિંહ હોય તો તેણે શ્રી પદ્મપ્રભસ્વામિની આરાધના કરવી કે સૂર્યનું નંગ માણેક પહેરવું.

જન્મરાશિ ધન કે મીન હોય તો તેણે શ્રી ઋષભદેવ આદિ પરમાત્માની આરાધના કરવી કે ગુરુનું નંગ પોખરાજ પહેરવું.

જન્મરાશિ મકર કે કુંભ હોય તો તેણે શ્રી મુનિસુવ્રતસ્વામિની આરાધના કરવી કે શનિનું નંગ નીલમ પહેરવું.

**રત્નચિકિત્સા વડે રોગનિવારણ :**

અત્યારે ચિકિત્સાશાસ્ત્રમાં શારીરિક પ્રશ્નોના નિરાકરણ તથા શરીરને વધુ મજબૂત બનાવવા માટે રત્નચિકિત્સા એક ઉત્તમ વૈકલ્પિક પદ્ધતિ છે. એક સિદ્ધાંત એવો છે કે પ્રત્યેક રત્ન ચોક્કસ સંખ્યામાં કંપનો અર્થાત્ કંપસંખ્યા (vibrational rates) ધરાવે છે.[7] આપણા આભામંડળમાં એ રત્નો મૂકતાં આપણા આભામંડળનાં કંપનો - કંપસંખ્યા (vibrational rate) પણ બદલાઈ જાય છે.[8] ઘણા સમય બાદ વિજ્ઞાનીઓએ જાણ્યું કે પ્રકાશથી લઈને અંધકાર સુધી સૂક્ષ્મ સ્તર ઉપર બધું જ શક્તિ સ્વરૂપ છે અને બધું જ પ્રકંપિત હોય છે,[9] તો 'ધી મેસેજ ઑફ ધી સ્ટાર્સ' (The Message of the Stars)ના લેખક મેક્સ હેઈન્ડલ (Max Heindle)ના કહેવા પ્રમાણે પ્રત્યેક રત્નમાં તે તે ગ્રહોમાંથી નીકળતા વૈશ્વિક કિરણો (cosmic rays) ગ્રહણ કરવાની ક્ષમતા હોય છે. [10]

આ બધાં રત્નોમાં સ્ફટિક(crystal) સૌથી વધુ શક્તિશાળી છે. તેને જ્યારે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપણા શરીરના ચોક્કસ શક્તિ ક્ષેત્રમાં મૂકવામાં આવે છે ત્યારે ખરેખર આપણું આભામંડળ સક્રિય બની જાય છે. યુગોથી એવું અનુભવાયું છે કે આપણા શારીરિક આભામંડળ-વીજ-ચુંબકીય ક્ષેત્રમાં આવેલાં શક્તિ કેન્દ્રો અર્થાત્ ચક્રો જે સતત ગતિશીલ છે તેને શક્તિ પૂરી પાડવાનું અથવા સક્રિય રાખવાનું કાર્ય સ્ફટિકનાં કંપનો દ્વારા થાય છે.[11] પૂર્વીય આધ્યાત્મિક સાહિત્યમાં એ વાતના પૂરાવા છે કે સૈકાઓ પૂર્વે ભારતીય યોગના નિષ્ણાતોએ આ બધું સંશોધન કરેલ છે.

વળી પૃથ્વી તરફથી મળેલ આ રત્નો એક અદ્ભુત ભેટ છે. પ્રાચીન કાળથી ચાલ્યા આવતા રિવાજોમાં રત્નોથી જડિત સુવર્ણનાં અલંકારો પહેરવાનો રિવાજ આ વાતનું સૂચન કરે છે.

આ રત્નો આપણા શરીર ઉપર આવેલ એક્યુપ્રેશરનાં બિંદુઓ ઉપર મૂકવામાં આવે છે ત્યારે શક્તિકેન્દ્ર સ્વરૂપ ચક્રો દ્વારા તે આપણા આભામંડળમાં પરિવર્તન કરે છે.[12]

ઘણા વખત પહેલાંની માયન અને હિબ્રુ સંસ્કૃતિમાં, આશ્ચર્યજનક રીતે દંતકથા સ્વરૂપે અદૃશ્ય થઈ ગયેલ એટલાન્ટિસ શહેરમાં અને સુદૂર પૂર્વની સંસ્કૃતિઓમાં પણ સ્ફટિક અને રત્નોનો ઉપયોગ આધ્યાત્મિક રીતે તથા આરોગ્યની જાળવણી અથવા રોગમુક્તિ માટે કરવામાં આવતો હતો.[13]

જો કે આધુનિક આરોગ્યવિજ્ઞાન તથા ઔષધવિજ્ઞાન રત્નચિકિત્સાને આધારભૂત ચિકિત્સા પદ્ધતિ તરીકે માન્ય કરતું નથી, આમ છતાં એવા સંખ્યાબંધ સંદર્ભો મળે છે, જેમાં સ્ફટિક અને રત્નો દ્વારા કરાયેલી ચિકિત્સાથી સારું થઈ ગયું હોય અથવા રોગને ઉત્પન્ન થતો અથવા આગળ વધતો અટકાવી દેવામાં આવ્યો હોય.

અતિલાગણીશીલ-ભાવનાત્મક અને માનસિક પ્રશ્નો દ્વારા ઉત્પન્ન થયેલ અસમતોલનના પરિણામ સ્વરૂપ રોગોમાં ગોળાકાર રત્નોની મદદથી કરાયેલ ચિકિત્સા દ્વારા અદ્ભુત લાભ થયો છે.[14]

રત્નોમાં ધ્વનિ અને પ્રકાશ સ્વરૂપ અદ્ભુત જીવંત શક્તિઓ રહેલી છે, જે આભામંડળમાંના તેના પ્રવેશ દ્વારા અન્ય સજીવ પદાર્થ-વ્યક્તિમાં સંક્રમિત થાય છે. પ્રત્યેક રત્નમાં તેની વિશિષ્ટ/ચોક્કસ લયબદ્ધતા (rhythm), લાક્ષણિકતા, દ્રવ્ય ચુંબકત્વ (ચુંબકીય શક્તિ) હોય છે તેથી તે અમુક ચોક્કસ ઔષધીય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુણધર્મ ધરાવે છે.[15]

રત્નો દ્વારા આભામંડળમાં શક્તિ પૂરવાના કાર્યની ગતિ ચોક્કસ આવર્તનવાળી હોય છે અને પ્રત્યેક આવર્તનની શરૂઆતમાં તે રત્ન આભામંડળના એક ચોક્કસ સ્તરમાં શક્તિ પૂરે છે અને તે ત્યાં સુધી ચાલુ રહે છે કે જ્યાં સુધી આભામંડળના તે સ્તરમાંથી શક્તિ પૂર્ણ થવાનો વિશિષ્ટ સંકેત ન મળે ત્યાં સુધી અને તે સંકેત વિશિષ્ટ પ્રકારના પરિવર્તન અથવા તંદુરસ્તી / સ્વાસ્થ્યની પુનઃ પ્રાપ્તિ સ્વરૂપ હોઈ શકે છે.[16]

આ રત્નો શરીરનાં વિશિષ્ટ ભાગો ઉપર મૂકવામાં આવે છે, તેમાં ય ખાસ કરીને ચક્રોના સ્થાને અથવા બળતરા થતી હોય અથવા જ્યાં પીડા થતી હોય, જે ભાગ રોગગ્રસ્ત હોય, જ્યાં ઈજા થયેલ હોય ત્યાં મૂકવામાં આવે છે. એ સિવાય ગળામાં ડોકની આસપાસ હાર સ્વરૂપે પણ તે પહેરવામાં આવે છે.[17]

રત્નચિકિત્સકોના કહેવા પ્રમાણે કોઈપણ રત્ન માળાના મણકા સ્વરૂપે રેશમી દોરામાં પરોવીને પહેરવું શ્રેષ્ઠ છે. રત્નચિકિત્સકો કોઈ ધાતુમાં જડેલાં રત્નો પહેરવાની ના કહે છે કારણ કે તેઓની માન્યતા પ્રમાણે ધાતુમાં જડેલ રત્નની ઔષધીય અસર ઓછી થઈ જાય છે અથવા તો તે બિલકુલ અસર કરતું નથી. આમ છતાં મારી અંગત માન્યતા પ્રમાણે સુવર્ણ તેમાં અપવાદ હોઈ શકે છે કારણ કે પ્રાચીન કાળથી જ રત્નોને સુવર્ણમાં જડીને જ પહેરવાનો રિવાજ અવિચ્છિન્નપણે ચાલ્યો આવે છે અને તેનું વૈજ્ઞાનિક કારણ પણ છે. સુવર્ણ એ વીજ-ચુંબકીય શક્તિનું વહન કરવા માટેનો શ્રેષ્ઠ પદાર્થ/દ્રવ્ય (super conductor) છે. વળી એ વીજ શક્તિ માટે સૂક્ષ્મગ્રાહી (most sensitive) છે. આધુનિક યંત્રો દ્વારા જે વીજ પ્રવાહનો નિર્દેશ પ્રાપ્ત ન થાય એવા વીજ પ્રવાહનો નિર્દેશ સુવર્ણ દ્વારા થાય છે.

ટૂંકમાં, વિભિન્ન ગ્રહોમાંથી આવતા વૈશ્વિક કિરણો(cosmic rays અથવા radiations)ને રત્નો પોતાનામાં ગ્રહણ કરે છે અને તે સુવર્ણ દ્વારા આપણા શરીરમાં મોકલે છે. આ રીતે રત્નો દ્વારા વૈશ્વિક શક્તિ આપણા ભૌતિક, ભાવનાત્મક અને માનસિક શરીરમાં પ્રવેશે છે અને સ્વાસ્થ્ય સુધાર અથવા રોગમુક્તિનું કામ કરે છે.

ચિકિત્સા માટે વપરાતાં આ રત્નો રોગનિવારક (therapeutic) અર્થાત્ જીવન આપનાર કંપનો/તરંગોનું વહન કરનાર હોવાં જોઈએ.[18]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**હીરો (Diamond) :** સ્ફટિક જેવા સ્વચ્છ હીરાના પત્થરમાં રહેલ કાર્બન(carbon)ના અણુઓ દ્વારા વહન કરાતાં રંગીન કિરણો, મનુષ્યના કોષો દ્વારા ગ્રહણ કરાતાં રંગીન કિરણોની સાથે ખૂબ જ સુસંગત હોય છે. અર્થાત્ બંને એક જ પ્રકારનાં હોય છે. આ જ કારણથી રોગનિવારક હીરાનો ઉપયોગ જો ચોક્કસ/વ્યવસ્થિત રીતે કરવામાં આવે તો તેનાં રંગીન કિરણો સીધે સીધા મનુષ્યના શરીરના મૂળભૂત એકમ સ્વરૂપ કોષોમાં પરિવર્તન કરે છે. મનુષ્યના શરીરના કોષો પણ આ કિરણોને બરાબર ઓળખી લે છે અને તેનો પોતાના મુખ્ય પોષક તત્ત્વ તરીકે ઉપયોગ કરે છે. આ રંગીન કિરણો આપણા કોષોની રચનાના મુખ્ય ઘટક તત્ત્વ તથા પ્રાકૃતિક જીવંત રચનાનો એક ભાગ હોવાથી હવા, પાણી અને ખોરાક કરતાં પણ વધુ પાયાના પોષક તત્ત્વો પૂરાં પાડે છે.[19]

આ રંગીન કિરણોનો વર્ણપટ (spectrum) એ કોષની રચનાની એક પ્રકારની છાપ (blueprint) છે. એ વર્ણપટ, એ કોષ જે અંગમાં આવેલ તે અંગનાં કાર્ય અને તે કોષના કાર્યની માર્ગદર્શક તથા નિયામક માહિતી પૂરી પાડે છે.[20]

જો આ કોષો સંપૂર્ણ સ્વસ્થ હોય તો, તે કોષો દ્વારા ગ્રહણ કરાતા રંગીન કિરણો, કોષના પોતાનાં રંગીન કિરણોની સાથે એકદમ સુસંગત થાય છે અને જો એ કોષો સાવ નજીવા પ્રમાણમાં રંગીન કિરણો ગ્રહણ કરે તો, તે કોષોની શક્તિ અને કાર્યક્ષમતા પણ ઓછી નક્કી થાય છે.[21]

જો કોષોને પોતાનો ચોક્કસ વર્ણપટ યાદ ન હોય તો અથવા એમના વિકૃત બનેલા વર્ણપટને બરાબર સરખો કરવામાં ન આવે તો શારીરિક વિસંવાદિતા અને રોગોની ઉત્પત્તિ થવા લાગે છે અને જ્યારે રોગનિવારક હીરાનો યોગ્ય ઉપયોગ કરવામાં આવે છે ત્યારે એ હીરાના કિરણો માત્ર કોષોનું પોષણ કરતા નથી પણ તે કોષોને તેમના પોતાના વર્ણપટની યાદ પણ અપાવે છે અને એ વર્ણપટ/છાપને બરાબર સરખી કરે છે. એ સાથે જ રોગનિવારક હીરા શરીરને વધુ મજબૂત બનાવે છે તેથી હીરાએ શરૂ કરેલ પરિવર્તનને શરીર જલ્દી/સહેલાઈથી સ્વીકારે છે.[22]

બધા જ પ્રકારના હીરામાં આ પ્રકારની શક્તિ હોતી નથી. માત્ર રોગનિવારક હીરામાં જ આ શક્તિ હોય છે. એ સિવાયના હીરાનો ઉપયોગ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરવામાં આવે તો ખૂબ જ નુકશાન થઈ શકે છે. આ પ્રકારના રોગનિવારક ન હોય તેવા હીરાઓ, જે અત્યારે વિપુલ પ્રમાણમાં મળે છે તે આપણા આભામંડળમાં વિકૃતિ તથા અવરોધ પેદા કરી કોષોમાં અવ્યવસ્થા ઉત્પન્ન કરે છે તેથી કોષોનું પોતાનું કાર્ય અટકી જાય છે.

ટૂંકમાં, રોગનિવારક હીરા, શરીરની પોતાની રોગનિવારક શક્તિને વધારવા માટેના સ્રોતો અને અનુકૂળતાઓ પૂરી પાડે છે.

**રત્નો (Gemstones) :** જ્યારે રંગીન કિરણો રત્નોમાંથી પસાર થાય છે ત્યારે, રોગનિવારક હીરામાંથી પસાર થતાં રંગીન કિરણો કરતાં, જુદા જ પ્રકારે કેન્દ્રિત થાય છે અને જુદી જ અસર કરે છે. હીરામાંથી પસાર થતાં રંગીન કિરણો સૌ પ્રથમ શરીરના મૂળભૂત એકમ કોષ ઉપર અસર કરે છે અને ત્યારબાદ તેનો જીવનમાં અનુભવ થાય છે, જ્યારે રત્નોમાંથી પસાર થતાં રંગીન કિરણોની અસર સૌ પ્રથમ જીવનમાં અનુભવાય છે અને અનુભવો દ્વારા કુદરતી રીતે જ શરીરના મૂળભૂત કોષોમાં પરિવર્તન થાય છે.[23]

પ્રત્યેક વ્યક્તિએ પહેરેલા ગોળાકાર રત્નો દ્વારા ઉત્સર્જિત રંગીન કિરણો તેને અંગત રીતે, અન્ય વ્યક્તિએ પહેરેલા તેવા જ રંગના રત્નો કરતાં, જુદા જ પ્રકારની અસર કરે છે, વળી આ રત્નોને તેના પહેરવાના વિશિષ્ટ સ્થાન સાથે કોઈ સંબંધ નથી.[24]

જો કોઈ વિશિષ્ટ અનુભવો દ્વારા પોષણ આપતા આ રંગીન કિરણોના વર્ણપટમાં અમુક ચોક્કસ પ્રકારના રંગના કિરણોની ખામી જણાય તો તે વ્યક્તિએ અંગત રીતે, કોઈ ચોક્કસ પ્રયત્નો કે ઉપાયો દ્વારા એ રંગના કિરણોની ખામીને દૂર કરવી જોઈએ. તો અન્ય પ્રકારના અનુભવો વર્ણપટમાંના કોઈક રંગની અધિકતા બતાવતા હોય તો તેને ઓછો કરવા પ્રયત્ન કરવો જોઈએ. આમ જુદા જુદા એક કે અધિક રંગની ખામી અને જુદા જુદા અન્ય એક કે વધુ રંગની અધિકતાના અસંખ્ય સંયોજનો / ભાંગાઓ / પ્રકારો હોય છે, જેનાથી મનુષ્યને ભિન્ન ભિન્ન પ્રકારના અનુભવો થાય છે.[25]

આવા રંગીન ગોળાકાર રત્નોનો હાર કોઈ વ્યક્તિ પહેરે છે ત્યારે, તે વ્યક્તિમાંથી રંગીન કિરણો એકત્ર કરી, આ રત્નો તેના સંબંધિત મૂળ ગ્રહોને મોકલે છે અને તે ગ્રહો એ રંગીન કિરણોને સ્વચ્છ સમતોલ કરીને એ રત્નો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દ્વારા પુનઃ તે વ્યક્તિના શરીરમાં દાખલ કરે છે. આ રીતે રંગીન કિરણોની વધઘટને રત્નો સમતોલ કરે છે અર્થાત્ વધારાના રંગીન કિરણોની તીવ્રતાને ઘટાડે છે અને જે રંગનાં કિરણો ઓછાં હોય તેની તીવ્રતા વધારી આપે છે. જીવનના અનુભવો વધુ સ્પષ્ટ બને છે અને તેથી વધુ કુશળતા / જ્ઞાન પ્રાપ્ત થાય છે.[26]

આ રંગીન રત્નોને એકલા હાર તરીકે પહેરવા તે એક ઉપયોગ છે અને તેને રોગનિવારક હીરાની સાથે પહેરવા તે તેનો બીજો વિશિષ્ટ ઉપયોગ છે.[27]

આ રત્નો ગળામાં હાર સ્વરૂપે પહેર્યાં હોય અને રોગનિવારક હીરા શરીરના અન્ય વિશિષ્ટ ભાગો ઉપર સામાન્ય રીતે જ પહેર્યાં હોય તો પણ રોગનિવારક હીરા આ રંગીન રત્નોની અસરને ખૂબ જ તીવ્ર બનાવે છે.[28] રત્નો દ્વારા જો આભામંડળમાં પૂરતી શક્તિ આવી જાય તો તે વધારાની શક્તિને રત્નો તરફ પાછી મોકલે છે અને એ રીતે રત્નો પણ એ વાત જાણી લે છે.

આ રીતે રત્નો આભામંડળમાંનાં રંગોને સમતોલ કરી, રોગોનું નિવારણ કરવાની શક્તિ ધરાવે છે. આ રત્નોમાં દરેકને પોતાના રંગ તથા વિશિષ્ટતા હોય છે અને એ પ્રમાણે એનો રત્નચિકિત્સામાં ઉપયોગ થાય છે. રત્નોના ઘણા પ્રકાર છે. તેમાં કેટલાંક બહુમૂલ્ય છે તો કેટલાંક અલ્પમૂલ્યવાળાં છે. બહુમૂલ્ય રત્નોને અંગ્રેજીમાં Precious Gemstones કહે છે તો અલ્પમૂલ્યવાળાં રત્નોને Semiprecious Gemstones કહે છે. પ્રત્યેક રત્નનો પરિચય તથા ઉપયોગિતા દર્શાવવા જતાં એક મોટું પુસ્તક લખાઈ જાય તેથી અહીં ફક્ત મુખ્ય મુખ્ય બહુમૂલ્ય રત્નોનો જ પરિચય તથા સામાન્ય ઔષધીય ઉપયોગિતા બતાવવામાં આવી છે.

**માણેક (Ruby) :** આ રત્ન ગુલાબી લાલ રંગનું હોય છે. તે લાલ કિરણોનું વહન કરે છે. જે હૃદય માટે ઉપયોગી છે તથા ભાવનાત્મક લાગણીઓ સાથે સંબંધ ધરાવે છે. એ સિવાય ચેપ/પરૂ, કોલેસ્ટેરોલ, લોહીનું ગઠાઈ જવું વગેરેમાં ઉપયોગી છે. તે લોહીનું પરિભ્રમણ વ્યવસ્થિત કરે છે અને આત્મવિશ્વાસ વધારે છે.

**મોતી (Pearl) :** આ નંગ શ્વેત અર્થાત્ સાતેય રંગનું વહન કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેલશ્યમની ઊણપ, આંખના રોગ, ટી.બી., લોહીનું ઊંચું દબાણ તથા માનસિક નબળાઈ વગેરેમાં ઉપયોગી છે.

**પરવાળા (Coral)** : આ રત્ન લાલ રંગનું છે. સ્નાયુ, લોહી, હૃદય, પ્રજનનતંત્ર, થાઇરોઇડ, પાચનતંત્ર, કરોડરજ્જુ, હાડકાં તથા નવા કોષો પેદા કરવાના કાર્યમાં ખૂબ જ ઉપયોગી છે. લોહીનું દબાણ ઊંચું રહેતું હોય તેમણે પરવાળાનો ઔષધ તરીકે ઉપયોગ કરવો નહિ.

**પન્ના (Emerald)** : આ રત્ન લીલા રંગનાં કિરણોનું વહન કરે છે અને તે શારીરિક રૂઝ લાવવા માટે ઉપયોગી છે. શ્વસનતંત્ર, હૃદય, લોહી, ડાયાબિટીસ, આંખનાં રોગો વગેરેમાં ઉપયોગી છે. હૃદય ચક્રને તે મજબૂત કરે છે.

**પોખરાજ (Yellow Sapphire અથવાTopaz)** : આ રત્ન પીળા રંગના કિરણોનું વહન કરે છે. તે બળતરા શાંત કરી શાંતિ આપે છે. તાવ, ટી. બી., દાઝયા હોય ત્યારે, માનસિક અસ્વસ્થતા વગેરેમાં ઉપયોગી છે. આંતરસ્ફૂરણા તથા આધ્યાત્મિક વિકાસ, અધ્યયન આદિમાં તે સહાયક છે.

**હીરો (Diamond)** : અંગત વ્યક્તિત્વ વિકાસ, આત્મવિશ્વાસ, સ્પષ્ટ વિચારો વગેરે માટે હીરો ઉપયોગી છે.

**નીલમ (Blue Sapphire)** : આ રત્ન વાદળી રંગનાં કિરણોનું વહન કરે છે જે પ્રત્યેક વ્યક્તિની માનસિક તંદુરસ્તી/આરોગ્ય માટે ઉપયોગી છે. તાવ, ફેફર, અપસ્માર, વાઈ, ગાંડપણ, હેડકી વગેરે રોગોમાં તે ઉપયોગી છે.

**ગોમેદક** : આ રત્ન રાહુનું છે. તે ચામડીના રોગો, હરસ-મસા, પેટની ચૂંક/દુઃખાવો વગેરેમાં ઉપયોગી છે.

**લસણિયું (Cat's eye):** આ રત્ન કેતુનું છે. કફ અને કફજન્ય રોગો, હરસ-મસા અને કેટલાક આંખનાં રોગોમાં તે ઉપયોગી છે.

આ રીતે કિર્લિયન ફોટોગ્રાફી દ્વારા આપણા આભામંડળના રંગોની ખામી શોધી વિવિધ પ્રકારનાં રત્નો દ્વારા તેની પૂર્તિ કરી, શુભ લેશ્યા અર્થાત્ શુભ અધ્યવસાય દ્વારા પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન કરી છેવટે તે દ્વારા કર્મ નિર્જરા કરી સૌ જીવો પરંપરાએ મોક્ષસુખ પામી શકે છે.

શ્રી જે. એમ. શાહ, જેઓ કિર્લિયન ફોટોગ્રાફીના ભારતીય નિષ્ણાત છે અને છેલ્લાં દસેક વર્ષથી કિર્લિયન ફોટોગ્રાફી તથા ડાઉઝીંગની મદદથી વિશિષ્ટ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રોગોનાં નિદાન તથા રત્નો દ્વારા ચિકિત્સા કરે છે, તેઓએ પોતાના 'પ્રિવેન્ટીંગ હાર્ટ પ્રોબ્લેમ્સ બાય કિર્લિયન ફોટોગ્રાફી એન્ડ જેમ્સ થેરાપી' (Preventing Heart Problems by Kirlian Photography and Gems Therapy) પુસ્તકમાં જુદા જુદા હૃદય રોગના દર્દીઓના આભામંડળની છબીઓ આપી નિદાન બતાવ્યું છે. તેમાંથી એક ઉદાહરણ અહીં પરિશિષ્ટમાં આપવામાં આવ્યું છે. તેઓએ જ્યોતિષશાસ્ત્ર(Medical Astrology)નો આધાર પણ લીધો છે.

સંદર્ભ

1. *વેરનાં વમળમાં,* લે. મુનિશ્રી ગુણભદ્રવિજયજી, સાતમી આવૃત્તિ, પૃ. 87

2. अ + अ + आ + उ + म् = ॐ

3. *શ્રી ઋષિમંડલસ્તોત્ર* શ્લોક નં. 21, 24, 25, 26

4. *શ્રી ગ્રહશાન્તિસ્તોત્ર*, ગાથા- 3, 4, 5, 6

5. *શ્રી ગ્રહશાન્તિસ્તોત્ર,* ગાથા - 9

6. वर-कनक-शंख-विद्रुम- मरकत-घनसंन्निभं विगतमोहं ।
सप्ततिशतं जिनानां, सर्वामरपूजितं वंदे ।।

7. Gemstone therapy is an alternative technique for strengthening the body and resolving issues and patterns. The theory is that gemstone carry vibrational rates. ( www.brcserve.com/nun/jmshah/gem.nun )

8. By placing these vibrational rates within the aura - your aura's vibrational rate also changes. (Ibid)

9. Scientists have long known, that at the atomic level, everything is energy. Light to dark, it's all vibrations. (Ibid)

10. Thus each group of minerals, each species of plant and animal, vibrates to a certain keynote, which blends with the vibration of the Group Spirit, and the particular sign and planet with which he is most nearly attuned. (*The Message of the Stars* by Max Heindel, p. No. 61-62)

11. Crystals when placed next to certain 'dormant' energy fields within the body will tend to activate a vibrational response. Over ages crystal have been found to carry vibration that stimulate certain energy centers within our electromagnetic system, that are in constant motion within our body. ( www.brcserve.com/nun/jmshah/gem.nun )

12. You may lay them on different areas of your body such as

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Acupressure points. This enables the crystals to interact with your electromagnetic system via chakra gateways. (Ibid)

13. From as far back as the days of the legendary lost city Atlantis through the ancient Mayan and Hebrew civilizations, and including Far Eastern and Native American cultures, crystals and gemstones have been used both in spirituals and aids to physical healing. (Ibid)

14. Many diseases are caused through imbalances due to emotional and / or mental problems. This is where Gemstone therapy can be of enormous benefit to health as therapeutic, spherical gemstone assist in breaking up patterns in the physical and non-physical (emotional and mental) bodies thereby getting to the cause of disease. (Ibid)

15. Gemstone is a living container of sound and light energy, which can be then transmitted to other living beings by entering the aura. Each gemstone has a unique rhythm, character, substance and magnetism, and also has different therapeutic properties. (Ibid)

16. The rate at which a gemstone's energy fills an aura is cyclic. Each cycle begins when gemstone energy pours into a layer of aura. This flooding continues until the aura's corresponding body responds to the effects of the energy. This response experience can manifest as a discharge, a healing crisis, a reshuffling of energy, or simply a change. (Ibid)

17. The gemstone are placed on certain areas of the body - be it the chakaras or inflammation or the specific areas where there is pain trauma or inflammation or worn around the neck so that their energy may enter the auras of physical, emotional or mental bodies, and so commence healing the appropriate one(s). (Ibid)

18. In order for gemstone to be considered therapeutic, it must be a carrier of life-giving frequencies. (Ibid)

19. The way that the carbon atoms of a diamond's crystalline matrix carry color rays is compatible with the way that carbon atoms of a human being's cells receive color rays. For this reason a therapeutic diamond applied in certain ways can transmit its color rays directly to the cells. Further more the cells can recognize and use these color rays as their most fundamental nourishment. Color rays provide nourishment more

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

fundamental than food, water and air because color rays are part of the fabric of our being and are the components of our blueprints.

(Ibid)

20. This spectrum is the cell's blueprint. It provides information that regulates and directs the function of the cell as well as the function of the organ to which the cells belongs. (Ibid)

21. If cell in experiencing optimal health the ratio of color rays the cell attracts will match its blueprint's ratio of color rays. The less color ray nourishment received the lower the cell's energy level and vitality.

(Ibid)

22. If the cells are unable to remember their blueprints and if the aberrant color ratios are not corrected then disharmony and disease will begin to manifest. When a therapeutic diamond is applied the diamond's color rays not only nourish the cell but they also remind them of their blueprints. At the same time therapeutic diamond also strengthen the body so that it can more easily accept the changes the diamond initiate.

(Ibid)

23. Gemstones are different than diamonds because unlike diamonds, gemstones transform the energy frequencies flowing through them. As a result the energy radiated by each gemstone sphere is unique. A diamond's color rays seem to affect the fabric of one's being first and life experiences second; whereas a color rays bearing gemstone's color ray seems to affect life experiences first. (Ibid)

24. Color rays bearing gemstone spheres can affect an individual in ways that other gemstones, even those of similar colors cannot due to this special connection these gemstone have with the area of transformation.

(Ibid)

25. When a certain percentages of the spectrums that nourish an individual become deficient in a particular color ray, certain life experiences will be drawn to the individual in order to correct the deficiency. Other kinds of experiences will be drawn to correct an excess of that color ray. Deficiency and the excess of each of the other color ray will attract yet other kinds of experiences. It is the countless number of combinations of these deficiencies and excesses that is responsible for the

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

gamut of different life experiences. (Ibid)

26. When an individual wears a necklaces containing spheres of a color ray bearing gemstone, the pathway that color ray takes from its source, through the individual's being, and then back to its source stars to clear. As this pathway clears the re-balancing of excess and deficient color rays is accelerated. As a result, the individual's lessons of life become more obvious and therefore more easily learned. (Ibid)

27. Wearing strands and necklaces of color ray bearing gemstone spheres is one of the ways to use these tools; combing them with therapeutic diamonds is another. (Ibid)

28. Therapeutic diamonds can greatly enhance the effects of the color ray bearing gemstone spheres, even if the spheres are worn in a strand around the neck (or placed somewhere on the body) and the diamond is simply worn in a certain, special area of the body. (Ibid)

*If physics leads us today to a world view which essentially mystical, it returns, in a way, to its beginning, 2500 years ago...... Western science is finally overcoming this view and coming back to those of the early Greek and Eastern philosophies. This time, however, it is not only based on intuition, but also on experiments of great precision and sophistication, and on a rigorous and consistent mathematical formalism.*

*Fritjof Capra*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# 7
# આભામંડળ અને વૈકલ્પિક ચિકિત્સા પદ્ધતિઓ

આભામંડળની સાથે સંબંધ ધરાવતી અન્ય ઘણી ચિકિત્સા પદ્ધતિઓ છે જેમાં રેકી, ચુંબકીય ચિકિત્સા તથા પિરામીડ ચિકિત્સા મુખ્ય છે. એ સિવાય એક્યુપંકચર અને એક્યુપ્રેશર પણ તેમાં સહાયક બની શકે છે.

**રેકી ચિકિત્સા :**

રેકી ચિકિત્સા પદ્ધતિ સીધે સીધી આભામંડળ સાથે સંકળાયેલી છે. મેં પોતે પણ રેકી ચિકિત્સા પદ્ધતિનો બે તબક્કા (Degree) સુધીનો અભ્યાસ કરેલો છે અને તેમાં મારા પોતાના આભામંડળના સ્પર્શનો અનુભવ પણ કર્યો છે. રેકીનો છેલ્લા 25-30 વર્ષમાં ખૂબ જ પ્રચાર અને પ્રસાર થયો છે. તેનું મુખ્ય કારણ એ છે કે તે કોઈ ધાર્મિક સંપ્રદાય ગત ચિકિત્સા પદ્ધતિ નથી. જો કે આ પદ્ધતિ અત્યારે તો જાપાનથી આવેલી છે પરંતુ તેનું મૂળ ભારતીય આધ્યાત્મિક પરંપરામાં રહેલું છે, એમાં કોઈ સંદેહ નથી.

રેકી એ જાપાનીઝ શબ્દ છે જેનો અર્થ છે વૈશ્વિક જીવન સંચાલક શક્તિ.[1]

જે રીતે આભામંડળના સાત સ્તર જોવા મળે છે અને તે આપણા સૂક્ષ્મ શરીરગત સાત ચક્રો અને સાત રંગો સાથે સંબંધિત છે તે જ રીતે રેકી પણ આપણા સૂક્ષ્મ શરીરગત સાત ચક્રો અને સાત રંગ સાથે સંકળાયેલ છે.[2]

અમેરિકામાં સૌ પ્રથમ કુંડલીની ક્લિનિકના સ્થાપક, રેકી માસ્ટર અને "Spiritual Nutrition and Rainbow Diet" પુસ્તકના લેખક ગેબ્રિએલ કોઝેન્સ (Gabriel Cousens) પૌલા હોરાન(Paula Horan)ના પુસ્તકની પ્રસ્તાવનામાં આભામંડળ અંગે લખે છે કે આ સૂક્ષ્મ સંયોજક શક્તિ ક્ષેત્રો (Subtle Organizing Energy Fields - SOEF)ની ગતિ પ્રકાશની ગતિ કરતાં પણ વધુ છે અને એ જ સમયે તેની ગતિ પ્રકાશ કરતાં ઘણી ઓછી પણ હોય છે જે મનુષ્યની બહુપરિમાણીય પરિસ્થિતિનું પ્રતિબિંબ રજૂ કરે છે.[3]

આ સૂક્ષ્મ સંચાલક શક્તિ ક્ષેત્રો પ્રકાશ કરતાં વધુ ગતિવાળી વૈશ્વિક શક્તિને પ્રકાશ કરતાં ઓછી શક્તિવાળા આપણા શરીરમાં પ્રવેશ કરવાના દ્વાર તરીકે કામ કરે છે જેને આપણે યોગની ભાષામાં ચક્રો તરીકે ઓળખીએ છીએ. અને તે આપણા ભૌતિક, મનોમય, ભાવનાત્મક શરીરના બંધારણ તથા કાર્ય માટે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માર્ગદર્શક તરીકે કામ કરે છે. ભૌતિક સ્તરે આ સૂક્ષ્મ સંચાલક શક્તિ ક્ષેત્રો જો શક્તિથી ભરપૂર હોય તો તે સારી રીતે કામ કરે છે એટલે કે સુસંયોજિત ડી. એન. એ. તથા આર. એન. એ. પેદા કરે છે, જેના પરિણામે સારી રીતે કામ કરતા ઉત્સેચકો (enzymes), પ્રોટીન સંયોજન અને કોષવિભાગીકરણ કરે છે અને જ્યારે કોષનું વિભાગીકરણ અને અન્ય કાર્ય સારી રીતે થાય તો અંતઃસ્રાવિ ગ્રંથિઓ, બીજા અવયવો અને કોષિકાઓ પણ સારી રીતે કામ કરે છે, જેના પરિણામે આપણું આભામંડળ શુદ્ધ બને છે અને આપણું આરોગ્ય સારૂં રહે છે.[4]

થર્મોડાયનેમિક્સના બીજા નિયમ પ્રમાણે રેકી ઉપયોગમાં નહિ આવતી સૂક્ષ્મ શક્તિને ઉપયોગમાં લે છે. રેકી વૈશ્વિક જીવન સંચાલક શક્તિને સીધે સીધી સૂક્ષ્મ સંચાલક શક્તિ ક્ષેત્રોમાં લાવે છે, જેથી તે શક્તિશાળી બની કાર્ય કરે છે. આ રીતે તે સીધી કે આડકતરી રીતે સૂક્ષ્મ શરીરો અને ચક્રોને પુનઃ સમસ્થિતિમાં લાવે છે. જો આ સૂક્ષ્મ શરીર અને ચક્રો એક પંક્તિમાં ન હોય તો તે વૈશ્વિક જીવન સંચાલક શક્તિને આપણા શરીરમાં પ્રવેશ કરવા દેતા નથી. એક વખત તે એક પંક્તિમાં આવી જાય પછી મુક્ત રીતે શક્તિનો પ્રવાહ ચાલુ થઈ જાય છે.[5]

ભારતીય આધ્યાત્મિક પરંપરામાં નિર્દિષ્ટ કુંડલિની શક્તિ અંગે ગેબ્રિએલ કોઝેન્સ કહે છેઃ શરીરમાં જીવન સંચાલક શક્તિ જો વધુ હોય તો કુંડલિની શક્તિ સહેલાઈથી જાગૃત થઈ શકે છે. એક વખત કુંડલિની શક્તિ જાગૃત થઈ જાય પછી તે ભાવનાત્મક અને માનસિક અવરોધો દૂર કરી દે છે.[6]

બીજી અગત્યની વાત એ કે રેકી સજીવ ઉપર તો અસર કરે છે એટલું જ નહિ નિર્જીવ પદાર્થો ઉપર પણ અસર કરે છે. ગેબ્રિએલ કોઝેન્સ પોતાનો અનુભવ ટાંકતા લખે છે કે એક વખત મારી યુરોપની ટૂરમાં સ્વીટઝર્લેન્ડના જીનીવાના મ્યુઝિયમના બાથરૂમમાં મારી પત્ની પુરાઈ ગઈ અને તાળું જામ થઈ ગયું. કેમે કરી એ ખુલે જ નહિ. અમારો એક સાથીદાર તાળું તોડનારને બોલાવવા ગયો અને અમે જ્યારે તેની રાહ જોતા હતા ત્યારે મેં તાળાને રેકી આપવા માંડી. થોડી જ મિનિટોમાં તાળાનું લિવર છૂટું થઈ ગયું અને તે બાથરૂમમાંથી મુક્ત થઈ.[7]

બીજી વાત ગેબ્રિયલ કોઝેન્સ લખે છે કે આધ્યાત્મિક ઉપવાસમાં અમો સાધકના શરીરમાંનાં ઝેરી પદાર્થોને દૂર કરવાની રાસાયણિક પ્રક્રિયા ઝડપી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બનાવવા માટે સમૂહ રેકી અને ક્રિસ્ટલ હિલિંગ પદ્ધતિનો ઉપયોગ કરીએ છીએ. આનું કારણ બતાવતાં ટોક્સિમિયા નિષ્ણાત ડૉ. ટિલ્ડેનનું કહેવું છે કે શરીરને નિર્વિષ કરવાની શક્તિનો આધાર જીવન શક્તિ ઉપર છે. જો જીવન શક્તિ (vitality) વધુ હોય તો શરીર ઝડપથી અને સારી રીતે નિર્વિષ થઈ જાય છે. રેકી સારવાર જીવન શક્તિ (vitality) વધારે છે અને તેથી જ શરીરને નિર્વિષ બનાવવાની તાકાત પણ વધારે છે.[8]

જીવ-રસાયણ વિજ્ઞાન પ્રમાણે જ્યાં સુધી મનુષ્યનું શરીર પાણી દ્વારા સ્વચ્છ થતું નથી અને મગજ/મન અગ્નિથી શુદ્ધ બનતું નથી ત્યાં સુધી તેને અધ્યાત્મનો અનુભવ થતો નથી.[9] રેકી આમાં મદદ કરે છે.

સ્ટેન્ફોર્ડમાં સંશોધકોએ અત્યંત સૂક્ષ્મગ્રાહી વૈજ્ઞાનિક ઉપકરણ કે જેના દ્વારા આપણા શરીરમાં પ્રવેશ કરતી શક્તિના પ્રવાહને માપી શકાય છે તેનો ઉપયોગ કરીને નક્કી કર્યું છે કે રેકી શક્તિ રેકી સારવાર કરનારના શરીરમાં તેના મસ્તકની ઉપરના સહસ્રાર ચક્ર દ્વારા પ્રવેશ કરે છે અને હાથ દ્વારા બહાર નીકળે છે. આ શક્તિ પ્રવાહ વિષુવવૃત્તથી ઉત્તરે ઉત્તર દિશામાંથી આવે છે અને વિષુવવૃત્તથી દક્ષિણે દક્ષિણ દિશામાંથી આવે છે. વધુમાં એક વખત રેકી શક્તિ કાર્યાન્વિત થઈ જાય પછી તેનો પ્રવાહ ડી. એન. એ.ની જોડ જેવો દક્ષિણાવર્ત્ત સર્પાકાર ગતિમાં વહે છે.[10]

રેકી સારવાર દરમ્યાન રેકી આપનારના હાથમાંથી નીકળતી શક્તિનો જથ્થો ચોક્કસ રીતે વધતો હોય છે. ન્યૂ મેક્સિકોના સાન્તા ફેના સુખ્યાત સંશોધક ડૉ. બારા ફિશરે કિર્લિયન ફોટોગ્રાફી વડે જીવન શક્તિને સમજાવતી કુશળતાયુક્ત પ્રક્રિયા વિકસાવી છે. આ પદ્ધતિની લેખકે પહેલાં હાજર રહેલ દર્દી ઉપર અને પછી ગેરહાજર દર્દીની સારવાર દરમ્યાન પ્રયોગાત્મક કસોટી કરી છે. ગેરહાજર દર્દીને દૂર રહ્યા રહ્યા સારવાર આપતી વખતે લીધેલા કિર્લિયન ફોટામાં આભામંડળમાંથી નીકળતા કિરણો વધુ હતાં જ્યારે સારવાર પહેલાં લીધેલા ફોટામાં તે ખૂબ જ અલ્પ પ્રમાણમાં હતાં.[11]

આ પરિણામ એમ બતાવે છે કે રેકી સારવાર આભામંડળને વધુ વિસ્તૃત અને વધુ શક્તિશાળી બનાવે છે.[12] રેકી સારવાર ફક્ત હાડકાં અને કોષિકાઓના પુનર્નિર્માણ અને પુનઃ કાર્યાન્વિત કરવામાં મદદ કરવા દ્વારા આપણા શરીરના રાસાયણિક બંધારણમાં જ ફેરફાર કરતી નથી પરંતુ તે માનસિક સ્તરે પણ સમતુલા પ્રાપ્ત કરાવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ચુંબકીય ચિકિત્સા :**

માઈકલ ફેરાડેએ બતાવ્યું છે તેમ ચુંબક અને વીજ-શક્તિ પરસ્પર સંકળાયેલ છે એટલે વીજ-ચુંબકીય ક્ષેત્ર જ્યાં હોય ત્યાં વીજ-ચુંબકીય શક્તિ પણ હોય જ. વળી દરેક સજીવ પ્રાણીમાં વીજ-શક્તિ હોય છે તે એક વિજ્ઞાન સિદ્ધ હકીકત છે માટે દરેક પ્રાણીમાં પણ વીજ-ચુંબકીય શક્તિ અને ક્ષેત્ર પણ હોય છે જ. આ જ વીજ-ચુંબકીય ક્ષેત્રને આપણા પૂર્વજોએ આભામંડળ કહ્યું છે જેને પાશ્ચાત્ય વિજ્ઞાન સૂક્ષ્મ શરીર (Etheric Body) કહે છે તો જૈન પરિભાષામાં તેને તૈજસ્ શરીર પણ કહી શકાય. આ તૈજસ્ શરીરનો રંગ લેશ્યા ઉપર આધારિત છે.

ચુંબકીય ચિકિત્સા પદ્ધતિ અને આભામંડળ ઘનિષ્ઠ રીતે પરસ્પર સંકળાયેલા છે કારણ કે પૂર્વે બતાવ્યું તેમ આભામંડળ સ્વયં જૈવિક વીજ-ચુંબકીય ક્ષેત્ર છે એટલે જ્યારે તેમાં કોઈ પણ પ્રકારના ચુંબકનો પ્રવેશ થાય છે ત્યારે તેમાં અવશ્ય પરિવર્તન થાય છે. આ પરિવર્તન જો આપણા આભામંડળને સુધારતું હોય તો તે એક ઔષધ તરીકે કામ કરે છે.

લોહચુંબકને અંગ્રેજીમાં મેગ્નેટ કહેવામાં આવે છે. એમ કહેવાય છે કે 2500 વર્ષ પહેલાં મેગ્નેસ નામના ભરવાડે કુદરતી લોહચુંબકના પર્વતને શોધી કાઢ્યો હતો તેથી તેના નામ ઉપરથી લોહચુંબકને અંગ્રેજીમાં મેગ્નેટ કહેવામાં આવે છે.[13]

લોખંડ અથવા પોલાદમાંથી જ્યારે વીજ-પ્રવાહ પસાર કરવામાં આવે છે ત્યારે તેનું લોહચુંબકમાં રુપાંતર થઈ જાય છે.[14]. ટૂંકમાં આ આભામંડળ ઉપર કોઈ પણ જાતના લોહચુંબકની અસર થયા વગર રહેતી નથી.

લોહચુંબકમાં વિશિષ્ટ પ્રકારની શક્તિઓ છે. તેમાં ય તેમાં રોગોને દૂર કરવાની આશ્ચર્યકારક શક્તિ છે. કહેવાય છે કે લોહચુંબકની અસરવાળું મધ રેચક હોય છે અને તે પેટ સાફ કરવામાં મદદ કરે છે. જો લોહચુંબકનો યોગ્ય રીતે ઉપયોગ કરવામાં આવે તો શરીરમાંથી તે દુખાવો દૂર કરે છે. વળી માથાના દુખાવા માટે પણ એક જાદુઈ દવા તરીકે લોહચુંબકની ભલામણ કરવામાં આવે છે.[15] વળી એમ પણ માનવામાં આવે છે કે લોહચુંબક દ્વારા ચુંબકીય ગુણવાળા બનાવેલ શસ્ત્રથી થયેલ ઘાની પીડા થતી નથી, તો ગાઉટ (gout), જલોદર (dropsy) તથા સારણગાંઠ (Hernia)ની સારવાર માટે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લોહચુંબકની ભલામણ કરવામાં આવે છે.[16]

સોજા અને દુઃખાવા માટે Magnet Dowsing or The Magnet Study of Life પુસ્તકના લેખક ડૉ. બિનિતોષ ભટ્ટાચાર્યે લોહચુંબકનો ઉપયોગ કર્યો છે અને તેમાં તેઓને લોહચુંબકની આશ્ચર્યજનક શક્તિનો પરિચય મળ્યો છે. સંધિવાના વિવિધ પ્રકાર જેવા કે આર્થ્રાઈટીસ (Arthritis), રુમેટિઝમ (Rheumatism) અને બર્સાઈટીસ (Bursitis)માં લોહચુંબક અસરકારક પુરવાર થયું છે.[17]

બીજી અગત્યની વાત એ કે લોહચુંબકનાં ઉત્તર અને દક્ષિણ બંને ધ્રુવોની પ્રાણીઓ, વનસ્પતિ અને આપણા શરીર ઉપર જુદી જુદી અસર થાય છે. લોહચુંબકનો દક્ષિણ ધ્રુવ ગરમ હોય છે અને તે સ્વાભાવિક રીતે શક્તિદાયક હોય છે, જ્યારે ઉત્તર ધ્રુવ ઠંડો હોય છે અને તે અવરોધક અસર ધરાવે છે.[18]

જુદા જુદા ધ્રુવોની અસર જાણવા માટે અમેરિકાના ફ્લોરિડા રાજ્યમાં ડૉ. રોય ડેવિસ નામના વિજ્ઞાનીએ સફેદ ઉંદરો ઉપર એક પ્રયોગ કર્યો હતો. બે ઉંદરોમાં કેન્સરના કોષોનું આરોપણ કરવામાં આવ્યું ત્યાર બાદ તે બંને ઉંદર ઉપર અલગ અલગ રીતે લોહચુંબકના ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ધ્રુવની અસર તપાસવામાં આવી તો જે ઉંદર ઉપર લોહચુંબકનો ઉત્તર ધ્રુવ રાખવામાં આવ્યો તેની કેન્સરની ગાંઠ ધીમે ધીમે નાની થઈ છેવટે અદૃશ્ય થઈ ગઈ જ્યારે જે ઉંદર ઉપર લોહચુંબકનો દક્ષિણ ધ્રુવ રાખવામાં આવ્યો હતો તે ઉંદરમાં કેન્સરની ગાંઠ ઝડપથી મોટી થઈ અને પરિણામે તે ઉંદર મરી ગયો.[19]

આ પરિણામોએ મનુષ્યના જુદા જુદા રોગો ઉપર લોહચુંબકના બંને ધ્રુવોની અસર માટેનું એક નવું સંશોધન ક્ષેત્ર ખોલી આપ્યું.

ઈ. સ. 1964માં પ્રકાશિત 'Fate' માસિકના જુલાઈ માસના અંકમાં જોસેફ એફ. ગુડેવેજ(Joseph F. Goodavage)એ આપેલ અહેવાલ પ્રમાણે ન્યૂયોર્ક શહેરના ડૉ. કે. ઈ. મેક્લીન(Dr K. E. Maclean)એ પ્રબળ લોહચુંબકનો ઉપયોગ કરીને ખૂબ આગળ વધી ગયેલ કેન્સરના દર્દીની સારવાર કરી હતી અને તેમાં તેઓને નોંધપાત્ર પરિણામો મળ્યાં હતાં.[20] ડૉ. કે. ઈ. મેક્લીન 64 વર્ષની ઉંમરે પણ 45 વર્ષની ઉંમરના દેખાય છે. આ અંગે તેઓ કહે છે કે તેઓએ પાંચ વર્ષ સુધી 3600 ગૌસ ચુંબકીય શક્તિના લોહચુંબકનો ઉપયોગ કર્યો છે. તેનું આ પરિણામ છે.[21]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ પરિણામ એક બીજી વાતનો પણ નિર્દેશ કરે છે તે એ છે કે ભારતીય પરંપરામાં સામાન્ય રીતે કોઈ પણ વ્યક્તિ ઉત્તર દિશામાં મસ્તક રાખી સૂઈ જતી નથી. જ્યારે વાસ્તુશાસ્ત્રમાં દક્ષિણ તરફ મસ્તક રાખી સૂઈ જવાનું કહેવામાં આવે છે. એ માટેનું એક કારણ એ આપવામાં આવે છે કે દક્ષિણ દિશાનો અધિપતિ યમરાજ છે. પરંતુ તેનું વૈજ્ઞાનિક કારણ એ છે કે પૃથ્વીના ભૌગોલિક ઉત્તર ધ્રુવ તરફ પૃથ્વીનો ચુંબકીય દક્ષિણ ધ્રુવ હોય છે તે જ રીતે પૃથ્વીના ભૌગોલિક દક્ષિણ ધ્રુવ તરફ પૃથ્વીનો ચુંબકીય ઉત્તર ધ્રુવ હોય છે પરિણામે ઉત્તર તરફ મસ્તક રાખી સૂઈ જવાથી આપણા મસ્તક તરફ પૃથ્વીનો ચુંબકીય દક્ષિણ ધ્રુવ આવતાં રોગોની વૃદ્ધિ થઈ મનુષ્ય મૃત્યુ તરફ ધકેલાય છે.

બીજી વાત એ કે આપણું શરીર સ્વયં એક ચુંબક છે અને તેના ઉપરના ભાગમાં ઉત્તર ધ્રુવ છે, જ્યારે નીચેના ભાગમાં દક્ષિણ ધ્રુવ છે એમ માનવામાં આવે છે, તેથી જ્યારે ઉત્તર દિશામાં મસ્તક રાખી સૂઈ જવામાં આવે છે ત્યારે આપણા શરીરના ઉત્તર ધ્રુવની સાથે પૃથ્વીનો ચુંબકીય દક્ષિણ ધ્રુવ આવતાં વીજ-ચુંબકીય શક્તિનું ચક્ર પુરું થતાં આપણા શરીરની જૈવિક વીજ-ચુંબકીય શક્તિ વપરાઈ જાય છે, પરિણામે મૃત્યુ નીપજે છે. બીજી તરફ મેગ્નેટ ડાઉઝીંગ કરનાર એમ માને છે કે આપણા બંને પગમાં ધ્રુવ હોય છે અને તેમની પોતાની વિશિષ્ટ લાક્ષણિકતાઓ હોય છે.

આમ ચુંબકીય ચિકિત્સા પદ્ધતિ અને આભામંડળ પરસ્પર ખૂબ જ સંકળાયેલ છે.

**પિરામિડ ચિકિત્સા :**

પૂર્વે બતાવ્યું તે રીતે આભામંડળ એ વૈશ્વિક ઊર્જાનો જ એક અંશ છે. તે જ રીતે પિરામીડમાં પણ વૈશ્વિક ઊર્જા સંગ્રહિત થાય છે. પિરામીડની રચના અને તેમાં સંગ્રહિત શક્તિ અંગે પશ્ચિમમાં ઘણાં સંશોધનો થયાં છે અને તે ઉપર ઘણા પુસ્તકો લખવામા આવ્યાં છે.

પિરામીડના આકારમાં કોઈ વિશિષ્ટ ન સમજાવી શકાય તેવી અથવા અજ્ઞાત શક્તિ રહેલી છે તેવો ખ્યાલ નવો નથી અર્થાત્ આ માન્યતા ખૂબ જૂની છે.[22]

ઘણા મનોવિજ્ઞાનીઓ માને છે કે પિરામીડમાં પ્રબળ શક્તિ હોઈ જે આધ્યાત્મિક ધ્યાનની પ્રક્રિયા દરમ્યાન આપણા બંધ થઈ ગયેલા માનસિક માર્ગોને ખુલ્લા કરે છે.[23] અલ મેનીંગ નામના વિજ્ઞાની સમજાવે છે કે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પિરામીડનું આકૃતિસ્વરૂપ ભૌમિતિક એમ્પ્લીફાયર તરીકે કામ કરે છે. જેનાથી ધાર્મિક મનુષ્યની પ્રાર્થનાની શક્તિમાં વધારો થાય છે અથવા આધ્યાત્મિક વિનંતિ શક્તિશાળી બને છે.[24] આ પિરામીડનો ઉપયોગ વિવિધ પ્રકારના રોગોની ચિકિત્સા કરવામાં પણ થાય છે. તે માટેના પિરામીડમાં પિરામીડનો રંગ મહત્ત્વનો છે. રોગોની ચિકિત્સા માટે વાદળી રંગના પિરામીડ બનાવવા જોઈએ, જ્યારે પ્રેમ માટે લીલા રંગના, માનસિક સ્વસ્થતા સ્પષ્ટતા માટે નારંગી રંગના અને આંતરસ્ફૂરણા માટે પીળા રંગના પિરામીડ બનાવવા જોઈએ. પિરામીડની દિવાલ ઉપર પોતાની તકલીફ અને આવશ્યકતા પ્રમાણે વિનંતિ લખવી. દા. ત. તમારા તૂટી ગયેલ હાડકાંને સાંધવું છે તો તે અંગેની વિનંતિ લખવી.[25] પિરામીડ ઉપર વિશિષ્ટ સંશોધન કરવા માટે અમેરિકામાં અતીન્દ્રિય વિજ્ઞાન પ્રયોગશાળાના મુખ્ય મથક લોસ એન્જલસમાં મનુષ્યની ઊંચાઈના માપના બે પિરામીડ બનાવવામાં આવ્યા છે. તેમાં એક છ ફૂટ તથા બીજો આઠ ફૂટ ઊંચો છે. આ સંશોધન અંગેના પ્રવક્તાનો દાવો છે કે અમારા સંશોધન પ્રમાણે પિરામીડ આકારમાં વિવિધ શક્તિના કેન્દ્રો આવેલાં છે, જેને ચક્રો કહેવામાં આવે છે અને તે મનુષ્યના શરીરમાંના આધ્યાત્મિક શક્તિ કેન્દ્ર સ્વરૂપ ચક્રોના જેવાં જ છે.[26]

તો બીજા એક પ્રયોગમાં "The Psychic World of California" પુસ્તકના લેખક ડેવીડ સેન્ટ ક્લેઈર(Davd St. Clair)ને 6 ફૂટ ઊંચાઈવાળા પિરામીડમાં 12 મિનિટ પસાર કરવા માટે નિમંત્રણ આપવામાં આવ્યું. તેઓ પિરામીડમાં 12 મિનિટ પસાર કરી પોતાના ઘરે ગયા. બીજા દિવસે તેમનો ફોન આવ્યો કે તેઓને ઘરે ગયા પછી એટલી સખત ઉંઘ આવતી હતી કે તેઓએ ગઈ કાલ સાંજની કોકટેઈલ પાર્ટી રદ કરી નાખી અને સાંજે 6-30 વાગે સૂઈ ગયા હતા અને સવારે ઊઠ્યા ત્યારે ખૂબ જ તરોતાજા લાગતા હતા. તેઓએ કહ્યું કે તે પિરામીડે તેમના આભામંડળને ખરેખર શુદ્ધ કરી નાખ્યું હતું.[27]

સંશોધન સંસ્થાનો દાવો છે કે આધાશીશી પ્રકારના માથાના દુઃખાવામાં રાહત મેળવવાના પ્રયોગોમાં પિરામીડના ઉપયોગથી અમોને ખૂબ જ ઉત્તમ પરિણામો મળ્યાં છે.[28]

ઈલીનોઈસના એક ધંધાદારી સંશોધક કહે છે કે આર્થ્રાઈટીસ (સંધિવા)ની પીડા મટાડવામાં તથા ઓછી કરવામાં પિરામીડ ઉપયોગી થઈ શકે છે. આ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માટે તે દર્દીને નાના પિરામીડના કેન્દ્રની નીચે અવળો કે સવળો હાથ રાખવાની સલાહ આપે છે.[29]

પિરામીડમાં ધ્યાન કરનારા સલાહ આપે છે કે પિરામીડના કેન્દ્રની નીચે તેના પાયાથી એક તૃતીયાંશ ઊંચાઈએ ચક્રોને ઉપરની તરફ રાખી બેસવાથી સારાં પરિણામો મળે છે.[30]

**એક્યુપંકચર ચિકિત્સા તથા એક્યુપ્રેશર ચિકિત્સા :**

જે રીતે આભામંડળ અને ચુંબકીય ચિકિત્સા પદ્ધતિ પરસ્પર સંકળાયેલ છે તે રીતે એક્યુપંકચર ચિકિત્સા તથા એક્યુપ્રેશર ચિકિત્સા પદ્ધતિ પણ પરસ્પર સંકળાયેલ છે.

અમદાવાદમાં રહેતા શ્રી અવિનાશ બ્રહ્મભટ્ટ નામના એક સંશોધકે ઘણા વર્ષો પૂર્વે એક કિર્લિયન કેમેરો બનાવેલ જેના દ્વારા એક્સ રેની ફિલ્મ ઉપર આપણા આભામંડળની છબી લઈ શકાતી હતી અને આપણી હથેળીના આભામંડળની છબીમાં એક્યુપંકચર ચિક્ત્સા પદ્ધતિમાં બતાવેલ બિન્દુઓ સ્પષ્ટ દેખાતાં હતાં. આ અંગે પાશ્ચાત્ય સંશોધકો કહે છે કે આપણી હથેળીમાં આવેલ બે નાના ચક્રો સારવાર માટે ખૂબ અગત્યના છે. તેમાંથી શક્તિની રેખાઓ સાત વખત પસાર થાય છે અને તે દ્વારા બીજા નાના ચક્રો રચાય છે. આ સિવાય બીજા ઝીણા ઝીણા શક્તિ કેન્દ્રો છે જેમાંથી આ રેખાઓ ઘણી વખત પસાર થાય છે. ટાન્સેલી કહે છે કે આ ઝીણા ઝીણા ચક્રો એક્યુપંકચર નામની ચાઈનીઝ સારવાર પદ્ધતિનાં બિન્દુઓ સાથે મળતાં આવે છે.[31]

આ એક્યુપંકચર અને એક્યુપ્રેશર ચિકિત્સામાં તે તે બિન્દુઓ ઉપર દબાણ આપી અથવા તે તે બિન્દુઓ ઉપર સોય ભોંકી આપણા આભામંડળની ક્ષતિઓને દૂર કરવામાં આવે છે. પરિણામે એ ક્ષતિઓ દૂર થતાં જ આપણું શરીર તંદુરસ્ત બને છે.

સંદર્ભ:

1. Reiki is the Japanese word for Universal Life Force Energy.
*Empowerment Through Reiki* by Paula Horan, P. 17

2. Ibid, See Chapter 10, Extra Tools to use with Reiki

3. These SOEFs are moving faster than the speed of light and also simultaneously slower than the speed of light, reflecting the

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

multidimensionality o f the human condition. (Ibid P.7)

4. These SOEFs act as vortexes for the faster than the speed of light cosmic energy to come into the body, which slower than the speed of light dimension, and also act as templates for the structure and function of the emotional, mental, and physical body. On the physical level, when these SOEFs are filled with energy they become well organized. They create a well-organized DNA/RNA system, which in turn creates well functioning enzymes, protein synthesis, and cell division. When the cells divide and function well, then the glands, organs, and tissues function well and we have health. (Ibid P.7)

5. According to the Second Law of Thermodynamics, it is reversing entropy. Reiki directly brings in the universal life force to the SOEFs, which directly energizes them and consequently organizes them. It does this directly, and also indirectly by rebalancing the subtle bodies and chakras. When the subtle bodies and chakras are not aligned, they block the incoming universal life force into the human system. Once aligned, the energy flows freely. (Ibid P. 8 )

6. The more the life force energy is free to move in the body, the easier it is for the Kundalini, the spiritually transformative energy, to be awakened. Once the Kundalini is awakened, this release of emotional and mental blocks. *Empowerment Through Reiki* by Paula Horan, P. 9

7. On a European workshop tour, my wife got stuck in a bathroom in a museum in Geneva, Switzerland. The lock had jammed. One of our groups went to get the caretaker. I applied Reiki to the lock while we were waiting. After a few minutes the lock unjammed and she was rescued from the clutches of the bathroom. (Ibid P. 9-10)

8. In my spiritual fasting retreats we use a form group Reiki and crystal healing that seems to accelerate the detox process and minimize the detox reactions of fasting. The reason for this is that the ability to detox, as the toxemia expert, Dr Tilden has pointed out, is dependent on the vitality of the body. If there is greater vitality or life force, then the body can better function to detox itself. Reiki treatments increase the vitality and therefore enhance the ability of the body to detox. (Ibid P. 10)

9. According to Hermetic Science, man will not realize Spirit until his body is made clean by water, and his mind pure by fire. (Ibid P. 13-14)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

10. Researchers at Stenford, using highly sensitive instruments, which measure the flow of energy forces entering the body, determined that Reiki energy enters the healer through the top of the head (or Crown Chrakra) and exits through the hands. The energy force comes from a northerly direction, but from the south when below the equator. In addition, ones the Reiki energy is activated, it seems to flow in a counterclockwise spiral motion, much like the double helix in DNA. (Ibid P. 18)

11. The amount of energy emanating from the hands definitely increases during treatment. Dr Bara Fischer, of Santa Fe, New Mexico, a well-known researcher who has developed an ingenious technique for doing life-energy interpretations with Kirlian photography, tested the author before and during the sending of an absentee healing. The photograph taken during the absentee healing displayed a marked increase of radiation when compared with the photo taken before the treatment, which had displayed a definitively smaller range of emanations.

(Ibid P. 18)

12. Reiki not only can effect change in the chemical structure of the body, by helping to regenerate organs and rebuild tissue and bone, It also helps create balance on the mental level. (Ibid P. 19)

13. According to some authorities magnet is so-called because the shepherd Magnes first discovered 2500 years ago that the rock of naturally occuring magnet lodestone, had a strong attraction for his iron crook.

*Magnet Dowsing or The Magnet Study of Life* by Dr B. Bhattacharya Published by FIRMA KLM Private Ltd. Calcutta, 1992, P. 20

14. Iron can be magnetized by passing electricity through it for some time by a special process. Thus magnetism and electricity are allied sciences. (Ibid P. 20)

15. There are many stories current about the powers of the magnet to which the power to heal the sick is attributed..........A surprising variety of curative powers and other properties are attributed to the lodestone. It is said that lodestone with honey is a purgative medicine and helps elimination of faecal matters. It is also believed that a magnet can draw pain out of the body when properly applied. A magnet is also recommended as an amulet for headaches. (Ibid P.21)

16. It was also believed that wounds made with a weapon, which has

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ɔeen magnetized with a lodestone caused no pain. Lodestone was also :ecommended for the cure of gout, dropsy and hernia. (Ibid P. 22)

17. Magnet have been used by the present writer for reducing swelling and pains, and in such cases the magnet has demonstrated its wonderful power...... It is effective in treating most types of Arthritis, Rheumatism and Bursitis. (Ibid P.23-25)

18. Also, the two poles of the magnet act differently on human beings, animals and plants. The South Pole being hot in character is energizing in nature, while the North Pole, which is cold in character has a retarding effect. (Ibid P. 24)

19. Experiments carried out by Dr Roy Davis (Green Cove Spring, Florida, U. S.A.) on white mice are worth mentioning here. White mice are implanted with cancer cells and were allowed to grow. When the manifestations were seen experiments were conducted by the application of the two poles, separately. With the application of the North Pole of the magnet it was found that the cancerous tumors gradually shrunk in size and ultimately disappeared totally. But, the exact opposite effect was noticed when the south pole of the magnet was applied. The tumors increased rapidly killing the mice. (Ibid P. 24) .

20. Dr K. E. Maclean of New York city has been using strong magnetic fields in the treatment of advanced cancer cases as reported by Joseph F. Goodavage in the magazine "Fate" in its July issue. Results are said to be remarkable. (Ibid P. 25)

21. Dr Maclean at 64 is said to look as if he is 45 after exposing himself to 3600 gauss magnetic field for about 5 years. (Ibid P. 25)

22. The idea that there is some inexplicable or unknown energy, which is peculiar to the Pyramid shape, is not a new one.

*Pyramid Power* by Max Toth and Gerg Nielsen, Published by Destiny Books, Rochester, Vermont, P. 125

23. Many psychics believe that strong energy forces exist within the pyramid which, during meditation sessions, clear psychics passages which may have become blocked. (Ibid P. 126)

24. Al Manning explains that the pyramid form functions as a geometric amplifier, which increases the power prayer or strengthens the spiritual request religious devotee. (Ibid P. 126)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

25. The first step is order to a small cardboard pyramid, which is packaged with a pad of triangular sheets of paper. These sheets come in four colours: blue, for healing; green, for love; orange for mental clarity; and yellow, for intuition. (Ibid P. 126)

26 To further their research, E. S. P. Laboratory has constructed, at its Los Angeles headquarters, two life-size (six and eight feet high) pyramids. They have, one spokesman claims, discovered that the pyramid shape has numerous energy centres, called chakras, which are much like the centres of human body. (Ibid P. 127)

27. In another experiment Manning invited David St. Clair, author of The Psychic World of California, to spend approximately twelve minutes inside the six-foot pyramid. ....The next day St. Clair phoned Manning and told him that when he got home the night before he had had to cancel a cocktail party because he was too sleepy to attend. He reported that he had fallen asleep around 6.30 P. M. and woke up feeling fantastically well. 'That Pyramid,' he said, 'really cleaned out my aura.' (Ibid P. 128)

28. The organization claims that they have also had excellent results with experimental attempts to use the pyramid to relieve migraine-type headaches. (Ibid P. 128)

29. One amateur pyramid researcher in Illinois suggests that the pyramid might be useful in the healing, or alleviation, of arthritis or rheumatism. She advises the sufferer to place the hand directly under the apex of a miniature pyramid, with palm either up or down. (Ibid P. 129)

30. Pyramid meditators suggest that the best results are achieved by sitting upright with the upper chakras ( the force-centres of energy within) located at approximately one-third up from the pyramid base, directly under the apex. (Ibid P. 130)

31. The two minor chakras located in the palms are very important in healing. Where the lines of energy cross seven times, even smaller vortices are created. There are many tiny force centers where these lines cross fewer times. Tansely says that these tiny vortices may very well correspond to the acupuncture points of Chinese medicine.

*Hands of Light* by Barbara Ann Brennan Chapter -7, P. 44

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## આભામંડળ અંગેનું પ્રાયોગિક સંશોધન

**સંશોધકઃ ડૉ. અમરેશભાઈ મહેતા, (વાસ્તુનિષ્ણાત) અમદાવાદ**

**વિશ્લેષણ અને રજૂઆતઃ આચાર્ય શ્રીવિજયનંદિઘોષસૂરિ**

## 8

## વાસ્તુશાસ્ત્ર અને વાસ્તુનું આભામંડળ

દરેક સજીવ નિર્જીવ પદાર્થને પોતાનું આભામંડળ હોય છે. જેમ દરેક વ્યક્તિને આભામંડળ હોય તેમ તેના મકાન - વાસ્તુને પણ એક આગવું આભામંડળ હોય છે. એ આભામંડળની પરસ્પર એક બીજા ઉપર અસર થાય છે. જેમ કોઈ મંદિર, દેરાસર કે સંત પુરુષના આશ્રમ, ઉપાશ્રય વગેરેમાં જનારને શાંતિનો અનુભવ થાય છે તે જ રીતે કોઈ સારા આભામંડળ ધરાવતા મકાનમાં જતાં જ તેના હકારાત્મક સ્પંદનો / તરંગો (Positive vibrations) કે શક્તિ (Energy)નો અચાનક અનુભવ થવા લાગે છે. દૂષિત આભામંડળ ધરાવતા સ્થાનમાં જતાં જ આપણું મન અજ્ઞાત વિષાદ કે ચિંતાથી ઘેરાઈ જાય છે કારણ કે તે સ્થાનમાં હંમેશા નકારાત્મક સ્પંદનો કે શક્તિ (Negative vibrations - Energy) સતત ઉત્પન્ન થતી હોય છે.

વાસ્તુના સંદર્ભમાં આભામંડળનો ઉપયોગ એ બહુ વિશાળ વિષય છે. નવેમ્બર, 2005માં શ્રીમતી પૂર્ણિમાબેન મહેતાએ અને મેં, આંતરરાષ્ટ્રિય જૈન વિદ્યા અધ્યયન કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ અને ભારતીય પ્રાચીન સાહિત્ય વૈજ્ઞાનિક રહસ્ય શોધ સંસ્થા (Research Institute of Scientific Secrets from Indian Oriental Scriptures - RISSIOS), અમદાવાદના સંયુક્ત ઉપક્રમે તા. 21 થી 26 સુધી એક ષડ્ દિવસી કાર્યશાળા યોજેલ. "આભામંડળનું સ્વરૂપ અને તેનું વૈજ્ઞાનિક મહત્ત્વ" એ વિષય ઉપર યોજાયેલ આ કાર્યશાળામાં વાસ્તુનિષ્ણાત ડૉ. અમરેશભાઈ મહેતાએ પોતાના અનુભવોનું વર્ણન કરતાં જણાવેલ કે વાસ્તુના આભામંડળનો પણ આપણા શરીર, મન અને જીવન ઉપર પ્રભાવ પડે છે.

વાસ્તુશાસ્ત્ર દિશાઓ તથા ઊર્જા ઉપર આધારિત છે. દરેક દિશા અમુક વૈશ્વિક શક્તિ (Cosmic Energy) તથા શરીરના અમુક અંગનું સ્વામીત્વ ધરાવે છે. વળી દરેક વાસ્તુના ચાર ઘટક હોય છે : 1. ભૂમિ, 2. પ્રાસાદ, 3. યાન અને 4. શયન. વાસ્તુશાસ્ત્ર પ્રમાણે કોઈ પણ દિશા અથવા કોઈ પણ ઘટક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દૂષિત હોય તો વાસ્તુની નકારાત્મક ઊર્જા વધે છે અને તે રોગિષ્ઠ બને છે. વિશ્વ માન્ય આરોગ્ય સંસ્થા વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO)એ પોતાના ન્યૂયોર્ક ટાઈમ્સના અહેવાલમાં 2000 ઇમારતોને માંદી ગણાવી છે તેમાં રહેનાર લોકોની તબિયત પણ ખરાબ રહેતી હતી અને ધંધા પણ બરાબર ચાલતા નહોતા, તેમાં તેઓને ઘણી ખોટ આવતી હતી. બારીઓ (વેન્ટિલેશન), પ્રકાશ (લાઈટિંગ) તથા વાસ્તુશાસ્ત્ર પ્રમાણે કેટલાક સુધારા કર્યા પછી પણ પરિસ્થિતિમાં કોઈ સુધારો થયો નહિ તેથી ભૂમિગતરોગ (Geopathic stress)ના કારણે તે ઇમારતોને માંદી જાહેર કરવામાં આવી.

મહત્ત્વની વાત એ છે કે જ્યાં વાસ્તુશાસ્ત્રના નિયમોનું પાલન થતું નથી ત્યાં જિયોપેથિક સ્ટ્રેસ વધુ હોય છે. જિયોપેથી(ભૂમિગતરોગ-વિજ્ઞાન)માં મકાન અને ભૂમિમાંથી નીકળતા અદૃશ્ય વિકિરણો અર્થાત્ radiations ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. જે જમીન કે મકાનમાંથી નીકળતા વિકિરણો વિસંવાદી હોય તે જમીન કે મકાનનું શક્તિકવચ ખામીયુક્ત બને છે. તેથી ત્યાં રહેનારને માંદગી, અશાંતિ કે આર્થિક નુકસાન થાય છે. જેમ બેક્ટેરિયા પેથોજનિક હોય છે તેમ જમીન પણ પેથોજનિક હોય છે. અલબત્ત, પેથોજનિક બેક્ટેરિયા પોતે રોગીષ્ઠ હોતા નથી પરંતુ તેને કારણે લોકોને રોગો થાય છે. જ્યારે જમીન કે મકાન જો પેથોજનિક હોય તો તે પોતે જ માંદા ગણાય છે અને તેનાથી તેમાં રહેનારને કોઈ ને કોઈ રોગ થાય છે. સદીઓ પહેલાં આપણા પૂર્વજો અને શાસ્ત્રકારોએ જે તરફ લાલબત્તી ધરી હતી એ જમીન અને મકાનની માંદગીને આજે મોટાભાગના ભૂ-રોગ વિજ્ઞાનીઓ માન્યતા આપે છે.

વાસ્તુશાસ્ત્રમાં દિશા-દોષ અથવા ઘટક-દોષને વાસ્તુપીડાનું કારણ માનવામાં આવે છે. દા. ત. સામાન્ય રીતે પૂર્વાભિમુખ દ્વાર સહુથી વધુ શુભ છે. જો દ્વાર દક્ષિણાભિમુખ હોય તો તે રહેનારનું અહિત નોંતરે છે. ઉત્તર દિશા ઉપર કુબેરનું આધિપત્ય હોવાથી તેને પણ શુભ માનવામાં આવે છે. મકાનનો કોઈ ખૂણો કે દિશા બરાબર ન હોય તો તેમાં રહેનારને તે ખૂણા કે દિશા સંબંધિત અંગમાં રોગ ઉત્પન્ન થઈ શકે છે. જેમ કે -

વાયવ્ય ખૂણાની ઉત્તર તરફનો ભાગ જો બરાબર ન હોય તો તે ઘરમાં રહેનારને ડાબા ફેફસાની તકલીફ થઈ શકે છે. ઉત્તર દિશા બરાબર ન હોય તો યોગ્ય વાતાવરણ ન મળે અને આહાર-પાનીનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. ઈશાન ખૂણાની ઉત્તર તરફનો ભાગ બરાબર ન હોય તો હૃદયની તકલીફ થવાનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંભવ છે. ઈશાન ખૂણાની પૂર્વ તરફનો ભાગ બરાબર ન હોય તો તે ઘરમાં રહેનારને નાના આંતરડાની તકલીફ થઈ શકે છે. નૈઋત્ય ખૂણો બરાબર ન હોય તો બરોળની તકલીફ થઈ શકે. તે જ રીતે નૈઋત્ય ખૂણાની પશ્ચિમ તરફનો ભાગ બરાબર ન હોય તો તે ઘરમાં રહેનારને લીવરની તકલીફ થઈ શકે.

યાન (Vehicles) અને શયન-પલંગ વગેરે વસ્તુ (Furniture) પણ વાસ્તુના અંગો છે. મકાનમાં અયોગ્ય સ્થાને અયોગ્ય વસ્તુ રાખવામાં આવે તો પણ મકાનનું આભામંડળ દૂષિત બને છે. તેના પ્રમાણે મકાનમાં રહેનારની મનોવૃત્તિ બદલાઈ જાય છે અને વાસ્તુના દોષના આનુષંગિક શરીરના અવયવમાં રોગ પણ પેદા થાય છે.

ભૂમિ એ વાસ્તુનું સૌથી મહત્ત્વનું ઘટક છે. વાસ્તુશાસ્ત્રમાં ભૂ-ખંડ(plot)ની ભૌગોલિક અવસ્થા, આકાર, ઢોળાવ, તેમાં જળાશયોની ઉપસ્થિતિ, માટીના રંગ, ગંધ, જળગ્રાહકતા વગેરે અનેક લક્ષણો દ્વારા ભૂમિના શુભત્વ - અશુભત્વનું વર્ણન કરવામાં આવેલ છે. વાસ્તુનિયમો અનુસાર 'અશુભ' માનવામાં આવેલી ભૂમિમાં જિયોપેથિક સ્ટ્રેસ અવશ્ય હોય છે. ભૂ-રોગનિષ્ણાત વિજ્ઞાનીઓના મતે જિયોપેથિક સ્ટ્રેસ પેદા થવાનાં કારણો નીચે પ્રમાણે હોય છે.

1. જ્યારે ઊંડે જમીનમાં ઝરણાં હોય તે અચાનક દિશા બદલે કે ધોધને મળે ત્યારે જિયોપેથિક સ્ટ્રેસ પેદા થાય છે.

2. જ્યારે ઈલેક્ટ્રિકલી ચાર્જ્ડ લાઈનો કુદરતી રીતે ઈશાનથી નૈઋત્ય અને અગ્નિથી વાયવ્ય જતી હોય અને ગ્રીડ બનતી હોય તથા એવી જ રીતે પૂર્વ-પશ્ચિમ અને ઉત્તર-દક્ષિણ જતી હોય અને જ્યાં લાઈનો એક બીજાને છેદતી હોય ત્યાં રહેનારને કેન્સર જેવા રોગો થવાનો સંભવ છે.

3. જે જગ્યા હંમેશા ભેજવાળી રહેતી હોય કે કોઈ પણ કારણ વગર ભેજની સતત વાસ આવતી હોય એ જગ્યા નકારાત્મક શક્તિ(Negative energy)વાળી હોઈ શકે છે.

4. જ્યાં કીડીઓના દર કે મધપૂડા હોય ત્યાં જિયોપેથિક સ્ટ્રેસ હોઈ શકે છે. ઉપર દર્શાવેલ કારણો અને વાસ્તુ નિયમો વચ્ચેનું સામ્ય એ બાબતને સિદ્ધ કરે છે કે પ્રકૃતિના જે રહસ્યોનો પાર પામવા વિજ્ઞાનીઓ આજે પણ મથી રહ્યા છે તે આપણા પૂર્વજો એમના આત્મપ્રત્યક્ષ જ્ઞાનથી જાણી શકતા હતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**જિયોપેથિક સ્ટ્રેસના પરિણામો : વૈજ્ઞાનિક સંશોધન :**

જિયોપેથિક સ્ટ્રેસના દુષ્પરિણામો ઉપર સંશોધન સૌપ્રથમ જર્મનીમાં 1920માં વીનર અને મેલ્સર નામના બે વિજ્ઞાનીઓએ કરેલ. તેમાં હજારો વ્યક્તિઓના કેસ તપાસી જિયોપેથિક સ્ટ્રેસ અને કેન્સરના રોગને સીધો સંબંધ હોવાનું પુરવાર કરેલ.

ડૉ. મેન્ફેડ કરીએ શોધી કાઢ્યું કે સમગ્ર પૃથ્વીને આવરી લેતું વિદ્યુત્ ઊર્જાવાળી રેખાઓનું એક નેટવર્ક અસ્તિત્વ ધરાવે છે. આ નેટવર્કની રેખાઓ ઈશાનથી નૈઋત્ય અને વાયવ્યથી અગ્નિ ખૂણે આશરે 3 મીટરના અંતરે પસાર થાય છે. આ રેખાઓ જ્યાં એક બીજાને છેદે છે ત્યાં બેવડી અશુભ-નકારાત્મક ઊર્જા પેદા થાય છે. જે માનવશરીરની આંતરિક સમતુલાને ખોરવી નાખે છે. તેમણે એ પણ સૂચવ્યું કે જે લોકો ધન વિદ્યુત્ભારવાળા સ્થળે સૂતા હોય તેઓ કેન્સરનો શિકાર બને છે અને જેઓ ઋણ વિદ્યુત્ભારવાળા સ્થળે સૂતા હોય તેઓને સોજાની બિમારી સતાવે છે.

જર્મનીના ડૉ. અર્નસ્ટ હાર્ટમેને (Ernst Hartmann) 1950માં શોધી કાઢ્યું કે ઊર્જા રેખાઓનો બીજો એક પ્રવાહ ઉત્તર-દક્ષિણ અને પૂર્વ-પશ્ચિમ વહે છે અને તે 60થી 600 ફૂટ સુધી ખેંચાય છે. ઉત્તર-દક્ષિણ રેખાઓ લગભગ 6 ફૂટ 6 ઈંચે દેખાય છે અને પૂર્વ-પશ્ચિમ રેખાઓ લગભગ દર 8 ફૂટ 2 ઈંચે દેખાય છે. ડૉ. હાર્ટમેનનું સંશોધન જણાવે છે કે જ્યાં હાર્ટમેન ગાંઠ (Knot) હોય (જ્યાં એકાંતરે વહેતી નકારાત્મક ઊર્જાવાળી હાર્ટમેન રેખાઓ એક બીજાને છેદતી હોય) ત્યાં હાનિકારક વિકિરણ તીવ્રતમ હોય છે. તે જગ્યાએ કાર્યરત કે શયનસ્થ વ્યક્તિને સૌથી વધુ વિપરીત અસર થાય છે. જિયોપેથિક સ્ટ્રેસની અસરનો વિસ્તાર 2 થી 200 ફૂટ સુધીની લંબાઈ અને 600થી 30,000 ફૂટ સુધીની ઊંડાઈ/ઊંચાઈ સુધી હોય છે. કરી રેખા ઉપર અને હાર્ટમેન રેખા આવે છે ત્યારે ત્યાં સૌથી વધુ ખરાબ અસર ઉત્પન્ન થાય છે. આવા સ્થળે બનેલ અયોગ્ય સ્થાપત્ય અગર મકાનમાં ખરાબ ઊર્જાનું વાદળ બારે માસ ફસાયેલું રહે છે અને ત્યાં જ ફરતું રહીને ત્યાં રહેનારને અકસ્માત્, અપમૃત્યુ અને રોગના યોગ ઊભા કરે છે.

જર્મનીના જ ડૉ.હાન્સ નાઈપર (Hans Nieper) નામના તબીબ દર્શાવે છે કે તેમના 92 ટકા કેન્સરના દરદીઓ, 75 ટકા એમ. એસ. (multiple sclerosis)ના દરદીઓ જિયોપેથિક સ્ટ્રેસ હેઠળ હતા. વોનપોહી નામના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તબીબે 'સેન્ટ્રલ કમિટિ ફોર કેન્સર, બર્લિન'માં એ સાબિત કર્યું છે કે જિયોપેથિક સ્ટ્રેસવાળી જમીન પર સમય ગાળ્યો હોય અને ખાસ કરીને ત્યાં નિદ્રા લીધી હોય એવા લોકો અચૂક કેન્સરનો ભોગ બને છે. 5348 કેસોનું ઊંડું સંશોધન કર્યા બાદ ડૉ. હેગરે પણ એજ નિષ્કર્ષ પર પહોંચ્યા કે એ તમામ દરદીઓમાં કેન્સરના ઉદ્ભવનું કારણ જિયોપેથિક સ્ટ્રેસ હતો.

ડલવિચ હેલ્થ સોસાયટી (યુ. કે.) એ 25,000 માંદા લોકોના સર્વે કરેલ અને છેવટે એ તારણ કાઢેલ કે 95 ટકા કેન્સરના દરદી જિયોપેથિક સ્ટ્રેસમાં રહેતા હતા. જિયોપેથિક સ્ટ્રેસ હેઠળ રહેતા બાળકો હાઈપર એક્ટિવ બાળકોના સમૂહમાં 95 ટકા હિસ્સો ધરાવતા હતા. ગર્ભપાતનો શિકાર બનનાર સ્ત્રીઓમાંની 80 ટકા સ્ત્રીઓ જિયોપેથિક સ્ટ્રેસમાં રહેતી હતી. છૂટાછેડા લેનાર લોકોમાંના 80 ટકા જિયોપેથિક સ્ટ્રેસવાળી જગ્યામાં રહેતા હતા.

ફ્રાન્સ અને અન્ય દેશોમાં પણ આ અંગે સંશોધન કરવામાં આવેલ. ખામીયુક્ત કોઈપણ મકાન કે સ્થાપત્યમાં જિયોપેથિક સ્ટ્રેસ હોઈ શકે છે અને તેની અસર પશુ-પક્ષીઓ અને વનસ્પતિ ઉપર સુદ્ધાં પડે છે.

**જિયોપેથિક સ્ટ્રેસ અંગે ચેતવણીનાં ચિહ્નો :**

1. જ્યારે કોઈ મકાનની પાસે જતાં સામાન્ય માણસનું બલ્ડપ્રેશર કોઈપણ કારણ વગર એકદમ વધી જાય અને દૂર જતાં પાછું સામાન્ય થાય.
2. ગંદકી ન હોય તો પણ ગંદકીની વાસ આવ્યા કરે.
3. કૂતરો અંદર રહેવા તૈયાર ન થાય કે કોઈ ખાસ જગ્યાએ જાય નહિ.
4. કોઈક જગ્યા ઉપર બિલાડી વધુ જતી હોય કે રહેતી હોય.
5. કોઈક એક માળ અન્ય માળ કરતાં વધુ ઠંડો લાગે.
6. પગથિયા કે બાથરુમ જેવી જગ્યામાં સતત અકસ્માતો થયા કરે.
7. રાત્રે સંપૂર્ણ ઉંઘ લીધી હોવા છતાં આરામ ન અનુભવાય.
8. એલર્જિક બિમારીઓ થાય.
9. કોઈપણ જાતના કારણ વગર વધુ ક્રિયાશીલતા કે ઉગ્રતા અનુભવાય.
10. કારણ વગર સાંધામાં કે કમરમાં દુઃખાવો રહે.
11. એ જગ્યામાં આવતા અચાનક માથું ભારે થઈ જાય અને તે જગ્યાએથી દૂર જતાં પાછું બરાબર થઈ જાય.
12. સતત ભયની લાગણી રહ્યા કરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

13. દેખીતા કોઈપણ કારણ વગર ધંધામાં ખોટ આવે.

14. વ્યવસાયના સ્થળે બધાના જ ધંધા ખોટમાં ચાલતા હોય.

ઉપર જણાવેલા કારણોમાંથી જેટલાં વધુ કારણો તેટલો વધુ જિયોપેથિક સ્ટ્રેસ જાણવો.

જિયોપેથિક સ્ટ્રેસની ચકાસણી લોબ એન્ટેના, લેચર એન્ટેના, પ્રોટોનામિટર વગેરે ઉપકરણો અથવા ડાઉઝીંગ દ્વારા થઈ શકે છે.

મારા પોતાના અનુભવમાં આવેલ એક જૈનાચાર્ય તથા બે જૈન સાધ્વીજીને કેન્સર થયેલ. તેમાં પણ જિયોપેથિક સ્ટ્રેસ જ કારણભૂત હતું. જૈન સાધુ-સાધ્વીના આહાર-વિહારના નિયમો અત્યંત કડક હોય છે. તેમાં કેન્સરપ્રદ કહી શકાય તેવા તમાકુ વગેરે માદક દ્રવ્યોના સેવનની છૂટ તો હોય જ ક્યાંથી? તેમ છતાં આવા કડક આચાર ચુસ્તપણે પાળનાર સાધુ-સાધ્વીજીને પણ કેન્સર જેવો જીવલેણ વ્યાધિ થાય ત્યારે લોકોને આશ્ચર્ય થાય એ સ્વાભાવિક છે. પણ જિયોપેથિક સ્ટ્રેસની વાત જાણ્યા પછી તેમાં નવાઈ પામવા જેવું કશું જ લાગતું નથી. તેમાં પણ ખાસ કરીને જ્યાં ઈશાન ખૂણામાં સંડાસ, બાથરુમ, જે મકાનમાં હોય છે ત્યાંનું જિયોપેથિક સ્ટ્રેસ કેન્સરનું કારણ બને છે. તેમાં તે મકાનના માલિકી હક્ક ધરાવનાર અગર તેમાં લાંબો સમય સુધી વસવાટ કરનાર વ્યક્તિને વધુ અસર કરે છે, અન્યોને નહિ.

અમારી કાર્યશાળા દરમ્યાન વાસ્તુનિષ્ણાત ડૉ. અમરેશભાઈ મહેતાએ પણ ટકાવારી દ્વારા આ વાત પુરવાર કરી હતી. તેમના કહેવા પ્રમાણે કેન્સરના કેસોમાં 65 ટકા કેસ એવા હોય છે કે જેમાં દરદીએ જિંદગીમાં ક્યારેય માદક દ્રવ્યોનું સેવન કર્યું હોતું નથી. ફક્ત 35 ટકા કેસમાં જ તમાકુનું સેવન કેન્સરનું કારણ હોય છે. 65 ટકા કેસમાં તમાકુ નહિ બલ્કે જિયોપેથિક સ્ટ્રેસ કેન્સરનું કારણ હોય છે.

**જિયોપેથિક સ્ટ્રેસ અને આભામંડળ :**

વાસ્તુ અર્થાત્ મકાનના આભામંડળમાં જિયોપેથિક સ્ટ્રેસના કારણે કાળો, લાલ અને પીળો રંગ વધુ માત્રામાં હોય છે. જો તે માટેનો યોગ્ય ઉપાય કરવામાં આવે તો જિયોપેથિક સ્ટ્રેસ દૂર થાય છે અને આભામંડળમાં પણ ઉપરોક્ત રંગોમાં પરિવર્તન થઈ શ્વેત, વાદળી, જાંબલી કે ગુલાબી રંગ આવે છે. જે આ સાથે આપેલ વાસ્તુના આભામંડળની છબીમાં સ્પષ્ટ જોઈ શકાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**છબી વાસ્તુ નં. 1 :** આ છબી એક ભાઈના ઘરમંદિરની છે. આમ તો આ છબીમાં વાદળી રંગ વિપુલ પ્રમાણમાં છે તેથી સારું કહી શકાય પરંતુ જે જગ્યામાં પ્રભુ - પરમાત્માનો વાસ હોય તે જગ્યાનું આભામંડળ પણ અત્યંત પવિત્ર અને શુદ્ધ હોવું જોઈએ અર્થાત્ તદ્દન શ્વેત રંગનું હોવું જોઈએ પણ અહીં વાદળી રંગ જ ઘણો છે તેથી તે સારું કહેવાય નહિ. ડૉ. અમરેશભાઈ મહેતાએ તેમના ઘરમંદિરની તપાસ કરવાની પરવાનગી લઈ તેમાં તપાસ કરતાં એક નાનકડી પણ ખંડિત પ્રભુ પ્રતિમા જોઈ તે દૂર કરવા કહ્યું અને દૂર કરી તુરત તે જ જગ્યાની પુનઃ છબી લેવામાં આવી. તે છબી આ સાથે છબી નં. 2 તરીકે આપવામાં આવી છે.

**છબી વાસ્તુ નં. 2 :** આ છબીમાં આપણે જોઈ શકીએ છીએ કે ઘરમંદિરમાં પ્રભુ પ્રતિમાની છબીની આસપાસ બધે જ એકદમ શ્વેત રંગનું આભામંડળ જોવા મળે છે અને પહેલાં પ્રભુની છબીમાં જ્યાં લીલો રંગ દેખાતો હતો ત્યાં પણ હવે વાદળી અને શ્વેત રંગ દેખાય છે. જે ઘરમંદિરના વાતાવરણ અને આભામંડળમાં થયેલો સુધારો જણાવે છે.

**છબી વાસ્તુ નં. 3 :** આ છબી એક ભાઈની ઓફિસના આભામંડળની છે. આ ખાસ કોઈ કાળો કે લાલ રંગ નથી. આ છબીને મધ્યમ કહી શકાય. આ પ્રકારની ઓફિસમાં બેસનારને ખાસ કોઈ તકલીફ ન પડે પરંતુ તેની કોઈ જાતની પ્રગતિ પણ ન થાય અને તે અંગે તેના મનમાં સતત ઉચાટ રહ્યા કરે, અજંપો રહે.

**છબી વાસ્તુ નં. 4 :** ઉપરની છબીવાળા વાસ્તુની ખામી શોધી તેને સુધારવામાં આવ્યા બાદ આ બીજી છબી લેવામાં આવી છે. આ છબીમાં આપ સ્પષ્ટ જોઈ શકશો કે ઓફિસમાં વાસ્તુશાસ્ત્ર પ્રમાણે સામાન્ય ફેરફાર કે સારવાર કર્યા પછી વાસ્તુના આભામંડળમાં નોંધપાત્ર સુધારો જોવા મળે છે. આ છબીમાં સફેદ રંગ જ સૌથી વધુ પ્રમાણમાં છે. આ પ્રકારની ઓફિસમાં બેસનારનું મન પણ પ્રસન્ન રહે છે અને ધંધામાં અર્થાત્ આવકમાં વધારો પણ થાય છે.

**છબી વાસ્તુ નં. 5 :** આ છબી મકાનની અંદરના આભામંડળની છે તેમાં કાળો રંગ ખૂબ જ વધુ છે. અર્થાત્ આ ખંડ વાસ્તુશાસ્ત્ર પ્રમાણે બરાબર નથી. તેમાં રહેલી વસ્તુઓની પુનઃ ગોઠવણી કરતાં અને તે સિવાય વાસ્તુને લગતા બીજા ઉપાયો કરતાં તેના આભામંડળમાં ઘણું પરિવર્તન થયેલ આ પછીની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છબી (વાસ્તુ નં.6)માં જોઈ શકાય છે.

**છબી વાસ્તુ નં. 6 :** આ છબી અને ઉપરની છબી એક જ જગ્યાની છે. તેમ છતાં આ છબીમાં કાળો રંગ લગભગ દૂર થઈ ગયો છે તેને બદલે લીલો, પીળો અને વાદળી રંગ સ્પષ્ટ દેખાય છે. ક્યાંક ક્યાંક થોડો થોડો લાલ રંગ પણ છે. આ રીતે આપણે કરેલ ફેરફાર યોગ્ય છે કે નહિ તે પણ જાણી શકાય છે.

**છબી વાસ્તુ નં. 7 :** આ છબીમાં એક ગૃહમંદિર છે તેમાં રહેલ પ્રભુની છબીના કારણે તે છબીની ઉપરના ભાગમાં શ્વેત અને વાદળી રંગ આવ્યો જ્યારે નીચેના ભાગમાં કાળો રંગ તે મકાન અને ખંડમાં રહેલ જિયોપેથિક સ્ટ્રેસને જણાવે છે. જિયોપેથિક સ્ટ્રેસ દૂર થાય તો જ તેમાં પરિવર્તન થઈ શકે એવું મારું અનુમાન છે.

**છબી વાસ્તુ નં. 8, 9 અને 10** આ ચાર છબીમાં નં. 9 કોઈ એક મકાનના દિવાન ખંડની છે. નં. 9 શોપીસ તરીકે ગોઠવેલ માછલીઘર (એક્વેરિયમ)ની છે. તો નં. 10 રસોડાની છે. આ ત્રણેય છબીમાં આભામંડળનો રંગ બતાવે છે કે તેમાં વાસ્તુશાસ્ત્ર પ્રમાણે ગોઠવણી બરાબર નથી.

**આભામંડળ અને વાસ્તુદોષ નિવારણ :**

વ્યક્તિ અને તેના વાસ્તુનો પરસ્પર અત્યંત ગાઢ સંબંધ હોય છે. માટે જ આભામંડળ - વિશ્લેષણ જ્યારે ભૂમિરોગ તરફ આંગળી ચીંધતું હોય ત્યારે વાસ્તુ અને વસનાર બંનેનાં આભામંડળ સુધરે તેવા ઉપાયો જરૂરી બને છે.

**1. બાહ્ય ઉપાયો :** વાસ્તુશાસ્ત્રમાં નિર્દિષ્ટ એવાં ભૂમિ તથા વાસ્તુશુદ્ધિના પગલાં લેવા.

**2. આંતરિક ઉપાયો :** જ્યાં બાહ્ય ઉપાયો કરવા અસંભવ જણાય ત્યાં મકાનની અંદરની વસ્તુઓની પુનઃ ગોઠવણ કરવાથી પણ આભામંડળ સાફ થઈ શકે છે.

**3. વ્યક્તિગત ઉપાયો :** શુભ ધ્યાન, દેવ-દર્શન અને પ્રભુ-પ્રદક્ષિણા દ્વારા પણ આભામંડળની શુદ્ધિ થઈ શકે છે. મંદિર એ યુનિવર્સલ - વૈશ્વિક શક્તિનું ધામ હોવાથી, સવારે, બપોરે અને સાંજે મંદિરે જવાથી કે પ્રદક્ષિણા કરવાથી ભિન્ન ભિન્ન પરિણામ જોવા મળ્યા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org


Vastu No.1


Vastu No.2


Vastu No.3


Vastu No.4


Vastu No.5


Vastu No.6


Vastu No.7


Vastu No.8

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org


Vastu No.9


Vastu No.10


N - 1


N - 2


N - 3


N - 4


N - 5


N - 6

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



N - 7



N - 8



No. - 1



No. - 2



No. - 3



No. - 4



No. - 5



No. - 6

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



No. - 7



No. - 8



No. - 9



No. - 10



No. - 11



No. - 12




No. - 13




No. - 14

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# 9
# આભામંડળ વિશ્લેષણ, રોગનિદાન અને ચિકિત્સા

આભામંડળ વિશ્લેષણ રોગનિદાનમાં મહત્ત્વનો ભાગ ભજવવા સક્ષમ છે. આભામંડળની છબી દ્વારા બે પ્રકારના રોગોનું નિદાન થઈ શકે છે.

1. એવા પ્રકારના રોગો કે જેઓનો હજુ સુધી માત્ર આભામંડળ (Aura) અર્થાત્ વાયવીય શરીર અર્થાત્ ઈથરિક બોડી(Etheric body)માં જ પ્રવેશ થયો છે પરંતુ ભૌતિક શરીર (Physical body)માં પ્રવેશ થયો નથી. આ પ્રકારના રોગોની સારવાર માત્ર આભામંડળને સુધારવાથી જ થઈ જાય છે. તેના માટે ડૉક્ટર, વૈદ્યની સારવારની કોઈ જરૂર નથી.

2. બીજા પ્રકારના રોગો જેઓનો પ્રવેશ ભૌતિક શરીરમાં પણ થઈ ગયો છે. આભામંડળ અર્થાત્ વાયવીય શરીર અને ભૌતિક શરીર બંનેમાં જે રોગ પ્રવેશી ગયો હોય તેની સારવાર બે પ્રકારે કરવી પડે છે. સૌ પ્રથમ તો આભામંડળને સ્વચ્છ કરી તેને બંધ (Seal) કરવામાં આવે છે જેથી ભૌતિક શરીરમાં પ્રવેશેલ રોગ આગળ વધતો અટકી જાય છે. ત્યારબાદ ડૉક્ટર કે વૈદ્યની સારવાર વડે કે અન્ય પદ્ધતિ દ્વારા રોગ દૂર કરવામાં આવે છે. જ્યાં સુધી આભામંડળને શુદ્ધ કરી બંધ કરવામાં આવતું નથી ત્યાં સુધી ડૉક્ટર કે વૈદ્યની સારવારનું ઝડપી અને પૂરેપુરૂં પરિણામ આવતું નથી.

**માનવીય આભામંડળ - વાસ્તવિક સમીક્ષા :**

**પૂજ્ય મુનિ શ્રી નંદિઘોષવિજયજી મહારાજનું આભામંડળ :**

તા. 25-11-2005ના બપોરે 1-45 મિનિટે ડૉ. અમરેશભાઈ મહેતાએ એડવાન્સ્ડ ડિજિટલ ઓરા સ્કેનિંગ કેમેરાની મદદથી શ્રી નંદિઘોષવિજયજી મહારાજના આભામંડળની છબીઓ લીધી. તેમના જણાવ્યા પ્રમાણે સામાન્ય રીતે 16 એમ. બી.ની એક ચીપમાં લગભગ 15 વ્યક્તિના આભામંડળની કુલ 200 છબી લઈ શકાય છે પરંતુ અહીં એક આશ્ચર્ય જોવા મળ્યું કે પૂજ્ય મહારાજ સાહેબના આભામંડળની ફક્ત નવ છબીમાં જ 16 એમ. બી.ની ચીપ ભરાઈ ગઈ. ડૉ. અમરેશભાઈના અત્યાર સુધીના અનુભવમાં આવું ક્યારેય બન્યું નહોતું. તેનું કારણ શું હોઈ શકે એની કલ્પના પણ થઈ શકે તેમ નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**છબી નં. એન-1 :** આ છબીમાં ફક્ત મુખાકૃતિનો ભાગ જ લેવામાં આવ્યો છે. અહીં તેઓના મુખની ઉપર ફક્ત શ્વેત અને વાદળી રંગ જ જોવા મળે છે. તથા મુખની આસપાસનું આભામંડળ સંપૂર્ણપણે સફેદ છે ક્યાંય બીજો કોઈપણ રંગ દેખાતો નથી તેનાથી નક્કી થઈ શકે તેઓનું આભામંડળ અત્યંત શુદ્ધ છે. અને આધ્યાત્મિક કક્ષા તેઓની ઘણી ઊંચી છે. તેમનું શ્વેત આભામંડળ જૈન દર્શન અનુસાર શુક્લ લેશ્યાનું સૂચન કરે છે. યાદ રહે કે તેમના આભામંડળનો આ શ્વેત રંગ સ્વાભાવિક છે. આભામંડળ સંબંધી કોઈ સારવાર આપી નથી.

**છબી નં. એન-2** તથા **છબી નં. એન-3 :** આ છબીઓમાં તેઓના પેટ સુધીનો ભાગ લેવામાં આવ્યો છે. તેમાં બંને પડખામાં તથા બે હાથમાં કોણી સુધીના ભાગમાં થોડોક લાલ, લીલો તથા પીળો રંગ દેખાય છે તેથી નક્કી થાય છે કે તેમને હાથમાં કોઈપણ જાતની સામાન્ય તકલીફ હોવી જોઈએ. તે સિવાય હૃદય, ફેફસાં, હોજરી વગેરે એકદમ સ્વસ્થ છે. તેમાં કોઈ તકલીફ જણાતી નથી.

**છબી નં. એન-4 :** આ છબીમાં તેમનો પાછળનો મસ્તકથી લઈને કમર સુધીનો ભાગ લેવામાં આવ્યો છે. આ છબીમાં તેમને મસ્તકમાં પાછળના ભાગમાં બોચીના ભાગે તકલીફ જણાય છે. તેમનો તે ભાગ કદાચ કોઈપણ કારણે પીડાયુક્ત જણાય છે. તો નીચે ડાબા પડખાનો ભાગ તથા ડાબી તરફનો પીઠનો ભાગ અને ડાબો હાથ પણ રોગગ્રસ્ત જણાય છે. આ અંગે તેમને પૂછતાં તેઓએ જણાવ્યું કે કાયમને માટે ડાબા પડખે સુઈ રહેવાની ટેવના કારણે તે હાથ ઉપર સતત દબાણ આવ્યા કરે છે તેથી તેમાં થોડો થોડો દુઃખાવો થયા કરે છે. વળી કમર પણ દરરોજ સવારે જકડાઈ જાય છે. સવારે ઉઠ્યા પછી દસ મિનિટ સુધી કાંઈક ઊંચા-નીચા થયા પછી રાહત થાય છે.

**છબી નં. એન-5 :** આ છબીમાં ફક્ત પીઠનો જ ભાગ લેવામાં આવ્યો છે જેથી પીઠની તકલીફ સ્પષ્ટ રીતે જોઈ શકાય. પીઠના ડાબા ભાગમાં જે લાલ ભાગ દેખાય છે ત્યાં પાંચ વર્ષ પહેલાં ઈન્ફેક્ટેડ સિબેસીસ સિસ્ટ અર્થાત્ રસોળીમાં ઈન્ફેક્શન રસી થઈ ગયેલ અને તેનું ઓપરેશન પણ કરવામાં આવેલ. તેની નીચે કમરના ભાગમાં પણ લાલ રંગ દેખાય છે તેનાથી કમરની તકલીફ સૂચિત થાય છે.

**છબી નં. એન-6 :** આ છબીમાં પગના ભાગમાં ઘણી કાળાશ દેખાય છે તેથી પગમાં કોઈપણ કારણે ઘણો સ્ટ્રેસ જણાય છે. અહીં જે કાંઈ ખરાબ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જણાય છે તે બધું સારવારથી સારું થઈ શકે તેમ છે.

**છબી નં. એન-7 :** આ છબી તા. 12 એપ્રિલ 2007ના દિવસે લેવામાં આવી છે. આ છબીમાં તા. 25 નવેમ્બર 2005ના દિવસે લેવામાં આવેલ છબી કરતાં વધુ શક્તિશાળી તથા વધુ શ્વેત આભામંડળ જોઈ શકાય છે. આ અંગેની સારવાર આભામંડળના શુદ્ધિકરણની પ્રક્રિયા જુલાઈ 2006 પછી શરૂ કરવામાં આવી હતી અને તે પણ કેટલાક કારણોસર ટુકડે ટુકડે કરેલ. વચ્ચે સળંગ બે ત્રણ વખત એક એક મહિના સુધી સારવાર કરી નહોતી તે છતાં આભામંડળમાં ઘણો નોંધપાત્ર સુધારો થયેલ જોવા મળે છે.

**છબી નં. એન-8 :** આ છબી પણ તા. 12 એપ્રિલ 2007ના દિવસે લેવામાં આવી છે. છબી નં. એન.-6માં પગમાં જે સખત કાળાશ જોવા મળે છે તે આભામંડળની સારવાર લીધા પછી આ છબીમા અદૃશ્ય થઈ ગયેલ જોઈ શકાય છે એટલું જ નહિ આસપાસનું આભામંડળ પણ એકદમ શુદ્ધ અને શ્વેત થયેલ જોવા મળે છે. જોવાની ખુબી એ છે કે આ સારવારમાં કોઈ દવા ખાવાની હોતી નથી. માત્ર આભામંડળને શુદ્ધ કરવા માટેના અનુકુળ વનસ્પતિ, ખનિજ દ્રવ્ય અને તેલની એક નાનકડી ડબ્બી માત્ર સાથે રાખવાની હોય છે. અલબત્ત, આ વનસ્પતિ, ખનિજ દ્રવ્ય તથા તેલ બહુ કિંમતી હોય છે. પરંતુ અન્ય એલોપેથી દ્વાની સરખામણી કદાચ લાંબા ગાળે સસ્તી સાબિત થઈ શકે છે.

**આભામંડળની છબી દ્વારા રોગનિદાન :**

અહીં આપવામાં આવેલી વ્યક્તિગત છબીઓમાં જે તે વ્યક્તિના નામ આપવામાં આવતા નથી કારણ કે મેડિકલ એથિક્સ પ્રમાણે કોઈની પણ ખાનગી વાત જાહેર કરવી નૈતિક રીતે યોગ્ય નથી. તેથી વાચકોને ખાસ વિનંતિ કે અહીં આપવામાં આવેલ છબીવાળી વ્યક્તિનું નામ, સરનામું મેળવવાની કોશિશ કરે નહિ.

**છબી નં. 1 :** આ છબી ધ્યાન કરતાં પહેલાં લેવામાં આવી છે. તેમાં તે વ્યક્તિ તથા તેની આસપાસના સંપૂર્ણ વાતાવરણમાં કાળો રંગ તથા લાલ રંગ જ દેખાય છે. માત્ર જાંબલી રંગ કાંઈક અંશે સારો છે, એ સિવાય ક્યાંય વાદળી કે શ્વેત રંગ તો દેખાતો જ નથી. આભામંડળમાં દેખાતા રંગો આધારે કહી શકાય કે આ વ્યક્તિના મનમાં બહુ સારા વિચારો કે બહુ સારી તેની વૃત્તિ જણાતી નથી.

**છબી નં. 2 :** ઉપરની છબીવાળી વ્યક્તિએ માત્ર થોડીક જ મિનિટોનું ધ્યાન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કર્યા બાદ આ છબી લેવામાં આવી છે. આ છબીમાં કાળો રંગ લગભગ અદૃશ્ય થઈ ગયો છે. લાલ રંગ પણ ઘણો ખરો ઓછો થઈ ગયો છે તેના સ્થાને લીલો અને પીળો રંગ દેખાય છે. થોડાક ભાગમાં વાદળી તથા શ્વેત રંગ પણ દેખાય છે. જે ધ્યાનના કારણે થયેલો સુધારો છે. ધ્યાન કર્યા પછી અડધા કલાકે અમે ફરી છબી લીધી તો તેમાં પણ તે ભાઈનું આભામંડળ તેવું જ આવ્યું એટલે ધ્યાન કર્યા પછી તે ધ્યાનની અસર કેટલા સમય સુધી રહે છે તે એક મહત્ત્વપૂર્ણ પ્રશ્ન છે. તેના અંગે પણ યોગ્ય સંશોધન થવું જોઈએ. જો ધ્યાન, મંત્રજાપ વગેરે નિયમિત કરવામાં આવે તો આભામંડળમાં કાયમી ધોરણે પરિવર્તન થઈ શકે છે.

નિયમિત જાપ કરનાર કે બીજાનું ભલું કરનાર કે આધ્યાત્મિક દૃષ્ટિએ ઉચ્ચ કક્ષા ધરાવનાર વ્યક્તિના આભામંડળમાં શ્વેત રંગ વિપુલ માત્રામાં જોવા મળે છે. તેના આભામંડળમાં લાલ કે કાળો રંગ શારીરિક રોગો સિવાય હોતો નથી.

**છબી નં. 3 :** આ છબી એક વ્યક્તિના બંને પગના ઢીંચણની છે. તેના બંને ઢીંચણ તથા તેની આસપાસ નજીકમાં લાલ પીળો રંગ તેને ઢીંચણના દુખાવાનો નિર્દેશ કરે છે. તેને આર્થાઈટીસનો રોગ છે. આ વ્યક્તિને ડૉ. અમરેશભાઈ મહેતાએ તેમની રીતે વિશિષ્ટ કિરણો ધરાવતી બાહ્ય ઔષધિ દ્વારા સારવાર આપ્યા પછી ફરીવાર તેના બંને પગના ઢીંચણની છબી લીધી. જુઓ છબી નં. 4.

**છબી નં. 4 :** આ છબીમાં આપણે સ્પષ્ટ જોઈ શકીએ છીએ કે ઢીંચણમાંથી લાલ રંગ લગભગ અદૃશ્ય થઈ ગયો છે તેના સ્થાને સુંદર એવો વાદળી - આશમાની રંગ જોવા મળે છે અને સાથે સાથે પગની આજુબાજુનું અને સમગ્ર શરીરની આસપાસનું આભામંડળ પણ સફેદ રંગથી ભરપુર થઈ ગયું છે. જેના પરિણામે તે વ્યક્તિનો આર્થાઈટીસનો રોગ લગભગ દૂર થઈ ગયો છે. આભામંડળને શુદ્ધ કરવાથી રોગ દૂર થવાનું અથવા રોગમાં ઘણી રાહત થઈ શકે છે તેનું આ ઉત્તમ ઉદાહરણ છે.

**છબી નં. 5 :** આ છબીવાળી વ્યક્તિનું આભામંડળ ખૂબ જ ખરાબ છે. તેને વિવિધ પ્રકારની ઘણી તકલીફો હોવાનું તેના આભામંડળની છબી ઉપરથી જ નક્કી થઈ જાય છે કારણ કે તેના આભામંડળમાં ક્યાંય શ્વેત કે વાદળી રંગ જોવા મળતો નથી. લાલ, લીલો અને પીળો તથા કાંઈક અંશે કાળો રંગ જ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેખાય છે. આ ભાઈને હૃદય રોગ, ગળાની બિમારી કે માથાના દુઃખાવાની તકલીફ હોવાનું છબી ઉપરથી અનુમાન થઈ શકે છે.

**છબી નં. 6 :** ઉપરની છબીવાળા ભાઈને ડૉ. અમરેશભાઈ મહેતા ફક્ત પાંચ જ મિનિટ તેમની રીતે સારવાર આપી તે પછી પુનઃ તેમના આભામંડળની છબી લેવામાં આવી જે અહીં રજુ કરવામાં આવી છે. ફક્ત પાંચ મિનિટની સારવારમાં તે ભાઈના આભામંડળમાં નોંધપાત્ર સુધારો જોઈ શકાય છે. તેમના મસ્તકના ભાગે જ્યાં લાલ, લીલો, પીળો રંગ હતો તેના સ્થાને સુંદર મજાનો પ્રસન્ન થઈ જવાય તેવો વાદળી, આછો વાદળી અને ગુલાબી રંગ જોવા મળે છે. લાલ, લીલા, પીળા રંગવાળું ચક્ર શરીરથી ઘણું દૂર જતું રહેલ દેખાય છે.

ડૉ. અમરેશભાઈ મહેતાના કહેવા પ્રમાણે લાલ રંગનું ચક્ર બ્રહ્મરંધ્ર ઉપર સહસ્રાર ચક્રના સ્થાને આવી જાય છે ત્યારે મનુષ્ય માટે મૃત્યુ સાવ નજીક થઈ જાય છે. પછી તેને મૃત્યુના મુખમાંથી કોઈ બચાવી શકતું નથી. જો ફક્ત પાંચ જ મિનિટની સારવારથી આવું પરિણામ આવી શકતું હોય તો નિયમિત થોડા વધુ સમય માટે સારવાર કરવામાં આવે તો રોગમુક્તિ પ્રાપ્ત કરવામાં કોઈ વાંધો આવતો નથી.

**છબી નં. 7 :** આ છબી ઉપરની છબીવાળા ભાઈની જ છે પરંતુ ડૉ. અમરેશભાઈ મહેતાએ સારવાર આપ્યા પછીની તસ્વીર છે. આ છબીમાંના આભામંડળમાં આપણે સ્પષ્ટરૂપે જોઈ શકીએ છીએ કે આભામંડળમાં શરીર ઉપરના ભાગમાં ક્યાંય લાલ કે કાળો રંગ દેખાતો નથી. શરીર ઉપરના ભાગમાં માત્ર ભૂરો તથા શ્વેત રંગ છે અને ક્યાંક ક્યાંક પીળો તથા લીલો રંગ દેખાય છે. તો આસપાસનું સંપૂર્ણ આભામંડળ શ્વેત રંગનું છે, ક્યાંય બીજા કોઈપણ રંગનો ડાઘ સુદ્ધાં નથી. જેનાથી નક્કી થઈ શકે છે કે દર્દી સંપૂર્ણપણે રોગમુક્ત થઈ ગયો છે. હવે અહીં પ્રશ્ન ફક્ત એટલો જ રહે છે કે આ આભામંડળની શુદ્ધિ કેટલું ટકી રહે છે ? અથવા આ શુદ્ધિને ટકાવી રાખવા શું કરવું જોઈએ ?

**છબી નં. 8 :** આ છબીવાળી વ્યક્તિના શરીરના ઉપરના ભાગમાં લાલ રંગ તથા મસ્તકના ભાગે કાળો રંગ દેખાય છે તેથી એવું અનુમાન કરી શકાય કે આ વ્યક્તિને ગળા, છાતી કે હૃદયના ભાગે કોઈ ગંભીર બિમારી છે. એ સાથે મગજની પણ કોઈ બિમારી હોવાની સંભાવના નકારી શકાય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમ નથી. શરીરની આસપાસના આભામંડળમાં પણ વાદળી કે શ્વેત રંગ જરા પણ છે નહિ મતલબ કે બિમારી ઘણા વખતની હોઈ શકે છે. આભામંડળમાંનું લાલ રંગનું વર્તુળ ખભા સુધી આવી ગયું છે. એ વર્તુળ જો નાનું નાનું થતું છેક મસ્તક સુધી પહોંચી જાય તો આ વ્યક્તિનું મૃત્યુ પણ થઈ શકે છે.

**છબી નં. 9 :** આ છબીવાળી વ્યક્તિના આભામંડળમાં ખભાના ભાગે થોડોક સુધારો છે. અને એ સુધારો આભામંડળના બહારના ભાગમાં મસ્તક ઉપરના ભાગમાં વાદળી, ગુલાબી તથા સફેદ રંગથી સૂચિત થાય છે. લાલ રંગનું વર્તુળ જે ઉપરની તસ્વીરમાં છાતીની ઉપરના ભાગ પાસે હતું તે ખસીને છેક પેટના ભાગ સુધી દૂર ગયું છે. આ લાલ વર્તુળ જેટલું મોટું અને જેટલું શરીરથી વધુ દૂર એટલું સ્વાસ્થ્ય વધુ સારું ગણી શકાય. આમ છતાં આગળ ગળાના ભાગેથી તથા મસ્તકની પાછળના ભાગેથી શક્તિનું ગળતર થતું સ્પષ્ટ જોઈ શકાય છે. તથા ગળાના ભાગે આગળ તથા પાછળ જે લાલ રંગ દેખાય છે. તે ગળાના ભાગે કોઈ રોગ હોવાની અથવા થવાની સંભાવના દર્શાવે છે.

**છબી નં. 10 :** આ છબી અને ઉપરની નં. 9ની છબીમાં ખાસ કોઈ ફેર નથી. આમ છતાં ઉપરની તસ્વીર કરતાં આ તસ્વીરમાં શક્તિનું ગળતર ઓછું થતું હોવાનું સ્પષ્ટ જોઈ શકાય છે.

**છબી નં. 11 :** આ છબી તંદુરસ્ત શરીરનો નિર્દેશ કરે છે. સારવાર બાદ તબિયતમાં નોંધપાત્ર સુધારો દેખાય છે. ફક્ત ગળાના ભાગે આગળ બહુ ખાસ સુધારો દેખાતો નથી પરંતુ તે સિવાય સમગ્ર શરીરમાં સારું હોવાનો નિર્દેશ શરીરની બહારના વર્તુળાકાર આભામંડળના સફેદ, ગુલાબી, ભૂરા રંગના વર્તુળો કરે છે. ગળાના ભાગેથી તથા મસ્તકની પાછળના ભાગે થતું શક્તિનું ગળતર ખૂબ જ ઓછું થઈ ગયું છે. તસ્વીર નં. 9, 10 અને 11 એક જ વ્યક્તિની છે.

ટૂંકમાં, આભામંડળની છબી દ્વારા રોગ નિદાન તો થાય છે જ પરંતુ જો યોગ્ય ચિકિત્સક મળી જાય તો સ્વાસ્થ્યની પુનઃ પ્રાપ્તિ પણ સુલભ બની રહે છે.

**છબી નં. 12 :** આ છબી ખૂબ જ મહત્ત્વની છે. આ છબીમાં આપણે સ્પષ્ટ જોઈ શકીએ છીએ કે કોઈ એક મકાનની દિવાલ ઉપર એક પતિ-પત્ની અથવા માતા-પિતાની તસ્વીર લટકાવેલી છે. આ આભામંડળની તસ્વીર જ્યારે લેવામાં આવી તે પહેલાં પ્રસ્તુત તસ્વીરમાં જે ભાઈ દેખાય છે તે પંદર વર્ષ પહેલાં અવસાન પામેલ છે. આ તસ્વીર જોઈ આભામંડળના નિષ્ણાત તથા મેં પણ કહી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દીધું કે આ ભાઈને સાયનસનો રોગ થયેલ હતો. ડૉ. અમરેશભાઈની વાત સાંભળી સ્વર્ગસ્થના પુત્રને ખૂબ આશ્ચર્ય થયું. તેમણે શ્રી અમરેશભાઈને કહ્યું કે તમારી વાત સાવ સાચી છે, મારા પિતાજીએ ત્રણ વખત સાયનસનું ઓપરેશન કરાવેલ પરંતું એકેય વાર સફળ થયું નહોતું. છેક મૃત્યુ પામ્યા ત્યારે પણ સાયનસનો રોગ હતો. છેક સુધી સાયનસના રોગે એમનો પીછો છોડ્યો નહોતો.

આ હકીકતથી એ પણ નક્કી થાય છે કે મૃત્યુ પામેલ વ્યક્તિને કયો રોગ હતો તેનું નિદાન તેના મૃત્યુ પછી પણ કરી શકાય છે. તો જીવતી વ્યક્તિની ગેરહાજરીમાં તેના તત્કાલીન ફોટાના આભામંડળ દ્વારા પણ તેના રોગનું નિદાન કરી શકાય છે તેમાં કોઈ શંકા નથી. કદાચ ભવિષ્યમાં ગુનાશોધન માટે ફોરેન્સિક લેબોરેટરી આ પદ્ધતિનો ઉપયોગ કરવાનું ચાલુ કરે અને ન્યાયાલય/કોર્ટ તે માન્ય રાખે તો નવાઈ પામવા જેવું નથી.

શ્રી બિનિતોષ ભટ્ટાચાર્ય નામના એક બંગાળી ચિકિત્સકે ટેલિથેરપી વિકસાવેલી. આ પદ્ધતિમાં તેઓ જે તે વ્યક્તિની ગેરહાજરીમાં જે તે વ્યક્તિના ફોટા ઉપર કે જે તે વ્યક્તિના વાળ ઉપર હોમિયોપેથી દવા કે મંત્ર અથવા યંત્ર દ્વારા ચિકિત્સા કરતા અને તે વ્યક્તિ સેંકડોં કે હજારો માઈલ દૂર હોવા છતાં તેને સારું થઈ જતું જોવા મળ્યું છે. આ અંગે તેઓએ એક પોતાના અનુભવોનું પુસ્તક પણ લખ્યું છે. એટલું જ નહિ અમે પંદર સોળ વર્ષ પહેલાં એ અંગેના ઘણા પ્રયોગો કરેલા જેમાં અમોને ઘણી સફળતા મળેલ.

જ્યારે પણ કોઈ વ્યક્તિનો ફોટો લેવામાં આવે છે ત્યારે કેમેરામાં તે વ્યક્તિના સ્થૂળ શરીરનો તો ફોટો આવે જ છે પરંતુ તેની સાથે તે વ્યક્તિના આભામંડળની તસ્વીર પણ અદૃશ્ય રીતે તે ફોટામાં આવી જાય છે પછી જ્યારે એ ફોટાના આભામંડળની તસ્વીર એડવાન્સ્ડ ડિજિટલ ઓરા સ્કેનીંગ કેમેરાથી લેવામાં આવે છે ત્યારે તેમાં એ આભામંડળ સ્પષ્ટસ્વરૂપે અંકિત થઈ જાય છે. આ હકીકત એ વાતનો નિર્દેશ કરે છે કે આભામંડળ પણ પુદ્ગલ પરમાણુઓથી નિષ્પન્ન છે. પછી ભલે એ આપણા ચર્મચક્ષુથી જોઈ ન શકાય પરંતુ સૂક્ષ્મ સ્તરે તેનું અસ્તિત્વ છે તેનો ઇન્કાર થઈ શકે તેમ નથી. સંભવતઃ આ આભામંડળ એ જૈન દર્શનની માન્યતા પ્રમાણે તૈજસ્ શરીર પણ હોઈ શકે છે.

સંભવતઃ કહેવાનું કારણ એટલું જ કે જૈન દર્શનનાં ગ્રંથોમાં તૈજસ્ શરીરનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વર્ણન આવે છે પરંતુ ક્યાંય તેનો આભામંડળ તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો નથી અથવા આભામંડળ શબ્દ પણ જૈનદર્શનના ગ્રંથોમાં મળતો નથી. હા, ભામંડળ શબ્દ મળે છે પરંતુ તે તીર્થંકર પરમાત્માના મસ્તકની પાછળ આવેલા ગોળાકાર તેજવલય માટે જ વપરાય છે.

**છબી નં. 13 :** આ છબી એક કેન્સરના રોગીની છે. આ વ્યક્તિને છેક ચોથા સ્ટેજનું કેન્સર હતું. તસ્વીરમાં આપણે સ્પષ્ટ જોઈ શકીએ છીએ કે આખાય શરીરમાં અને શરીરની આસપાસ પણ આભામંડળમાં એકલો કાળો રંગ જ દેખાય છે. આ વ્યક્તિનું તસ્વીર લીધા પછી થોડાક જ સમયમાં મૃત્યુ થયેલ. કેન્સર જેવો ભયંકર રોગ પૂર્વભવનાં તીવ્રતમ અશુભ કર્મ વગર થતો નથી. અને અશુભ કર્મ એટલે જ કૃષ્ણ લેશ્યા અને આપણે ઉપર જોયું તેમ કૃષ્ણ લેશ્યામાં તદ્દન કાળો રંગ હોય છે. જે અહીં છબીમાં પ્રત્યક્ષ જોઈ શકાય છે. કેન્સર જેવા અસાધ્ય વ્યાધિમાં આભામંડળ દ્વારા નિદાન કર્યા પછી તેની સારવાર કરવાથી માત્ર સમાધિભાવ - સમતા ટકી રહે છે. બાકી મૃત્યુને અટકાવવાની તાકાત તો આખી દુનિયામાં કોઈની ય હતી નહિ, છે નહિ અને હશે પણ નહિ. એ એક શાશ્વત સત્યનો આપણે સૌએ સ્વીકાર કરવો જ રહ્યો.

**છબી નં-14 :** આ છબી એક સાડા ત્રણ - ચાર વર્ષની બાળકીના મસ્તકની છે. અને તે હજુ હમણાં જ થોડા દિવસ પહેલાં જ લેવામાં આવી છે. આ બાળકીના આભામંડળમાં કાળો રંગ ખૂબ જ પ્રમાણમાં છે. તે એ વાતનું સૂચન કરે છે કે બાળકીના મગજમાં કોઈ બહુ મોટી બિમારી છે. વસ્તુતઃ બાળકીના નાના મગજ અને કરોડરજ્જુના સંધિસ્થાનમાં એક વિચિત્ર પ્રકારની ગાંઠ થયેલી છે અને તે ભાગમાં પાણી ભરાઈ ગયું છે. આ ગાંઠના કારણે બાળકીની દૃષ્ટિ જતી રહી છે. આભામંડળની સારવાર આ પ્રકારના રોગમાં બહુ કામયાબ થઈ શકતી ન હોવાથી ડૉ. અમરેશભાઈ મહેતાએ તાત્કાલિક ન્યૂરોસર્જનની સલાહ લેવા કહ્યું. આ પ્રકારના રોગોમાં આભામંડળની સારવારમાં ફક્ત રોગ આગળ ન વધે અને સમાધિ ટકી રહે તેવા જ ઉપાય થઈ શકે છે.

સામાન્ય રીતે તંદુરસ્ત ભાઈનું આભામંડળ 2.4 મીટર હોય છે જ્યારે તંદુરસ્ત બહેનનું આભામંડળ 2.2 મીટરનું હોય છે. મૃત્યુની સમીપ પહોંચેલ વ્યક્તિનું આભામંડળ 1.0 મીટર કરતાં ઓછું હોય છે. સામાન્ય બિમારી હોય તો તે વ્યક્તિનું આભામંડળ 1.5 મીટરથી 1.9 મીટર સુધીનું હોય છે જ્યારે કેન્સરવાળી વ્યક્તિનં આભામંડળ 1.5 મીટર કરતાં ઓછં હોય છે. મત્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પામેલ વ્યક્તિ અર્થાત્ મૃતકનું આભામંડળ 0.7 મીટર હોય છે.

પ્રાણ પ્રતિષ્ઠા કરેલ પ્રભુ પ્રતિમાનું આભામંડળ 90 મીટર જેટલું વિસ્તૃત હોવાનું અનુભવાયું છે. તા. 1, ડિસેમ્બર, 2006ના સાંજે અમોએ મુંબઈમાં તારદેવ પાસે આવલ સોનાવાલા બિલ્ડિંગમાં ઘર દેરાસરના મૂળ નાયક શ્રી આદિનાથ પ્રભુનું આભામંડળ માપેલ. અલબત્ત, આ પ્રભુ પ્રતિમા પ્રાચીન નથી છતાં તેમનું આભામંડળ 45 મીટર હતું. પ્રયોગ દરમ્યાન શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વનાથ પ્રભુનું આભામંડળ 99 મીટર અનુભવાયું છે.

જૈન દર્શનના ગ્રંથોમાં પ્રભુ પ્રતિમાનો ઉત્કૃષ્ટ અવગ્રહ 60 હાથ અર્થાત્ 90 ફૂટ બતાવવામાં આવ્યો છે. જો કે કોઈપણ દેવ-દેવીની પ્રતિમાના આભામંડળનો આધાર અન્ય ઘણી બાબતો ઉપર હોય છે. એટલે દરેક પ્રભુ પ્રતિમાનો અવગ્રહ એક સરખો હોતો નથી. દરેક પ્રભુ પ્રતિમાનું આભામંડળ પ્રાયઃ શ્વેત જ હોય છે.

**આભામંડળ વિશ્લેષણ પદ્ધતિની મર્યાદા :**

અલબત્ત, આભામંડળ દ્વારા રોગનિદાન અને ત્યારબાદ તેની વૈકલ્પિક સારવાર લેવા આવનાર દર્દી કે વ્યક્તિ તે પૂર્વે બીજી બધી જ પદ્ધતિઓ અજમાવી ચૂકેલ હોય છે અને બધેથી નાસીપાસ અને નિરાશ થયા બાદ જ આ પદ્ધતિના શરણે આવ્યો હોય છે અને ત્યાં સુધી તેના રોગોએ કે તકલીફોએ ઘણી મર્યાદાઓ વટાવી દીધી હોય છે એટલે આવા દર્દીના રોગોને દૂર કરવામાં ઘણી તકલીફ પડે છે. પરંતુ તેમાં સફળતા ચોક્કસ મળે છે એ વાતમાં શંકા નથી.

***जे एगं जाणइ, से सव्वं जाणइ, जे सव्वं जाणइ से एगं जाणइ ।***

***आचारांग सूत्र***

*JĒ ĒGAṂ JĀṆAI SĒ SAVVAṂ JĀṆAI,*
*JĒ SAVVAṂ JĀṆAI SĒ ĒGAṂ JĀṆAI*

*"ONE, by knowing which all is known, All, by knowing which one is known" (Ācārāṅga sūtra)*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પરિશિષ્ટ

CASE STUDY NO. 1



Mr. Kantibhai Shah
Age : 70 Years
Weight : 60 Kg.

I. **HISTORY** : Mr. Kantibhai Shah had five Heart Attacks. Two in 1982 and three in 1985. No surgery was done as medicines solved the problem every time. In 1995, he again got chest pain. He was afraid of another Heart Attack. This time he opted for diagnosis and treatment by Alternative Medicine.

II. **DIAGNOSIS BY KIRLIAN PHOTOGRAPHY OF LEFT HAND PALM TAKEN ON 01.04.96, BEFORE TREATMENT** : It shows energy blocks below 2nd and 3rd fingers indicating Heart Problems and Digestion Problems.

III. **TREATMENT BY GEMS THERAPY** : 2 Ruby Gems were placed on his chest on the energy blocks area by adhessive tape. One was placed on left hand second finger. Within 45 days he got the results.

IV. **KIRLIAN PHOTOGRAPH OF THE SAME HAND TAKEN ON 09.10.1996 AFTER TREATMENT** : It shows absence of energy blocks.

V. **MEDICAL REPORTS BEFORE GEMS THERAPY** :

Conwest Jain Clinic Group of Hospitals
Girgaon, Bombay - 400 004.

i) DOPPLER STUDY (dated 20.4.96) .:-

Conclusion :
1. Mild Mitral Regurgitation due to Papillary muscle isfunction.
2. No evidence of ventricular aneurysm or Intracardiac clots.

ii) 2-D ECHO REPORT (dated 20.4.96) :-

Conclusion :
1. Enlarged left ventricular cavity with dilated Aorta.
2. Lower 1/3rd of septal wall hypokinesia.
3. Wall motion score index 1.37.
4. Mild Mitral Regurgitation.
5. Normal left ventricular function with normal LVED pressure.
6. No evidence of ventricular aneurysm or intracardiac clots.

VI. **MEDICAL REPORTS AFTER GEMS THERAPY** :

Dr. Kishore D. Shah, M.D.
Consultant Cardiologist

i) ECG Report (dated 08.08.96) :

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Conclusion : 1. Healed Inferior Wall Infarct.
2. Lateral Wall Ischemia.
3. Stable pattern.

ii) Report on Examination of Blood (dated 9.5.97) :

Dr. S.N. Shah M.D. (Bom.)
Sukh Sahar, Bombay - 400 007

1. Fasting Blood Sugar : 80 mg. per 100 cc (Normal range 70 to 110 mg.per 100 cc)
2. Serum Cholesterol : 235 mg. per 100 cc (Normal range 150 to 250 mg. per 100 cc)

iii) ECG Report (dated 22.5.97) :

Dr. Kishore D. Shah (M.D.)
Consultant Cardiology

Conclusion : 1. Healed Inferior Wall Infarct.
2. Stable Pattern.7

NOTE : Mr. Kantibhai Shah participated in the press conference of 28.08.96 and DD2 interview on 26.02.97.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## નિરયન ગ્રહ સ્પષ્ટ

| ગ્રહ | રાશિ | અંશ | ગતિ | ગતિભેદ | ઉચ્ચ/નીચ | અસ્ત | નક્ષત્ર / | પદ | રાશિ સ્વામી | નક્ષત્ર સ્વામી | ઉપસ્વામી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સૂર્ય | મીન | ૮:૫૨:૨૧ | ૦:૫૯:૫૪ | | | | ઉત્તરાભાદ્રપદ | ૨ | ગુરુ | શનિ | શુક્ર |
| ચન્દ્રમા | મિથુન | ૨૯:૩૦: ૨ | ૧૧:૫૬:૨૯ | | | | પુનર્વસુ | ૩ | બુધ | ગુરુ | ચન્દ્રમા |
| મંગલ | મકર | ૭: ૬: ૦ | ૦:૪૩:૨૯ | માર્ગી | ઉચ્ચ | | ઉત્તરાષાઢા | ૪ | શનિ | સૂર્ય | કેતુ |
| બુધ | મીન | ૨૧:૪૬:૪૨ | ૦:૧૨:૧૭ | વક્રી | નીચ | અસ્ત | રેવતી | ૨ | ગુરુ | બુધ | સૂર્ય |
| ગુરુ | મકર | ૨૪:૨૯:૪૩ | ૦:૧૨: ૯ | માર્ગી | નીચ | | ધનિષ્ઠા | ૧ | શનિ | મંગલ | રાહુ |
| શુક્ર | મકર | ૨૬:૧૧:૩૭ | ૦:૪૦:૩૩ | માર્ગી | | | ધનિષ્ઠા | ૧ | શનિ | મંગલ | ગુરુ |
| શનિ | વૃશ્ચિક | ૩: ૧:૩૫ | ૦: ૧:૪૨ | વક્રી | | | વિશાખા | ૪ | મંગલ | ગુરુ | રાહુ |
| રાહુ | મિથુન | ૨૯:૧૧:૨૮ | ૦: ૩:૧૧ | | ઉચ્ચ | | પુનર્વસુ | ૩ | બુધ | ગુરુ | સૂર્ય |
| કેતુ | ધનુ | ૨૯:૧૧:૨૮ | ૦: ૩:૧૧ | | ઉચ્ચ | | ઉત્તરાષાઢા | ૧ | ગુરુ | સૂર્ય | મંગલ |
| હર્ષલ | મીન | ૨:૫૭:૪૯ | ૦: ૩:૨૫ | માર્ગી | | અસ્ત | પૂર્વાભાદ્રપદ | ૪ | ગુરુ | ગુરુ | રાહુ |
| નેપચ્યુન | કર્ક | ૨૯:૩૬:૪૮ | ૦: ૧:૧૩ | વક્રી | | | અશ્લેષા | ૪ | ચન્દ્રમા | બુધ | શનિ |
| પ્લૂટો | મિથુન | ૧૯:૪૫: ૫ | ૦: ૦: ૫ | વક્રી | | | આર્દ્રા | ૪ | બુધ | રાહુ | મંગલ |
| લગ્ન | મીન | ૨૩:૫૬:૨૭ | -- | | | | રેવતી | ૩ | ગુરુ | બુધ | મંગલ |

| | સૂર્ય | ચન્દ્રમા | મંગલ | બુધ | ગુરુ | શુક્ર | શનિ | હર્ષલ | નેપચ્યુન | પ્લૂટો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વિષુવાંશ | ૦: ૬:૧૩ | ૭:૩૬:૨૩ | ૨૦: ૯:૧૫ | ૦:૪૮:૨૪ | ૨૧:૧૯:૪૮ | ૨૧:૨૦:૫૮ | ૧૫:૩૬:૨૪ | ૨૩:૪૫:૪૨ | ૯:૩૯:૪૧ | ૬:૫૪: ૧ |
| ક્રાંતિ | ૦:૪૦:૨૭ | ૨૧:૩૧:૪૯ | -૨૧: ૪:૪૧ | ૮:૫૩:૩૦ | -૧૬:૧૧:૪૧ | -૧૧:૩૨:૫૧ | -૧૬:૫૭: ૮ | -૨:૨૦: ૩ | ૧૪:૨૫:૧૧ | ૨૧:૧૧:૨૦ |
| શર | ૦: ૦: ૦ | -૦: ૪: ૭ | -૦:૫૫:૩૩ | ૩:૨૪:૧૫ | -૦:૩૪:૨૪ | ૩:૪૫:૫૬ | ૨:૨૦:૨૭ | -૦:૪૩:૧૫ | ૦:૨૪: ૧ | -૧:૪૦:૧૭ |

### તારા ચક્ર

| જન્મ | સંપત | વિપત | ક્ષેમ | પ્રત્યરિ | સાધક | વધ | મિત્ર | અતિ મિત્ર |
|---|---|---|---|---|---|---|---|---|
| પુનર્વસુ | પુષ્ય | અશ્લેષા | મઘા | પૂર્વાફાલ્ગુની | ઉત્તરાફાલ્ગુની | હસ્ત | ચિત્રા | સ્વાતિ |
| વિશાખા | અનુરાધા | જ્યેષ્ઠા | મૂલ | પૂર્વાષાઢા | ઉત્તરાષાઢા | શ્રવણ | ધનિષ્ઠા | શતભિષા |
| પૂર્વાભાદ્રપદ | ઉત્તરાભાદ્રપદ | રેવતી | અશ્વિની | ભરણી | કૃતિકા | રોહિણી | મૃગશિર | આર્દ્રા |

લગ્ન




મૂલ જન્મ કુંડલી

નવમાંશ




સહાયક કુંડલી

પૃષ્ઠ ૨ ક્રમ સંખ્યા: ૪૮૦૫૪ નામ.: K A N T I L A L B S H A H

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**વિંશોતરી દશા** **ભોગ્ય દશા જન્મ વખતે** :- ગુરુ ૪ વર્ષ ૭ માસ ૫ દિવસ

**ગ્રહોં ની અંતર દશાઓ**:-

| | ગુ -- ૧૬ વર્ષ | શ -- ૧૯ વર્ષ | બુ -- ૧૭ વર્ષ | કે -- ૭ વર્ષ | શુ -- ૨૦ વર્ષ | સૂ -- ૬ વર્ષ | ચં -- ૧૦ વર્ષ | મં -- ૭ વર્ષ | રા -- ૧૮ વર્ષ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| થી | ૨૩/ ૩/૧૯૨૬ | ૨૮/૧૦/૧૯૩૦ | ૨૭/૧૦/૧૯૪૯ | ૨૭/૧૦/૧૯૬૬ | ૨૭/૧૦/૧૯૭૩ | ૨૭/૧૦/૧૯૯૩ | ૨૭/૧૦/૧૯૯૯ | ૨૭/૧૦/૨૦૦૯ | ૨૬/૧૦/૨૦૧૬ |
| તક | ૨૮/૧૦/૧૯૩૦ | ૨૭/૧૦/૧૯૪૯ | ૨૭/૧૦/૧૯૬૬ | ૨૭/૧૦/૧૯૭૩ | ૨૭/૧૦/૧૯૯૩ | ૨૭/૧૦/૧૯૯૯ | ૨૭/૧૦/૨૦૦૯ | ૨૬/૧૦/૨૦૧૬ | ૨૭/૧૦/૨૦૩૪ |
| | ગુ: ૦/ ૦/ ૦ | શ:૨૮/૧૦/૩૦ | બુ:૨૭/૧૦/૪૯ | કે:૨૭/૧૦/૬૬ | શુ:૨૭/૧૦/૭૩ | સૂ:૨૭/૧૦/૯૩ | ચં:૨૭/૧૦/૯૯ | મં:૨૭/૧૦/ ૯ | રા:૨૬/૧૦/૧૬ |
| | શ: ૦/ ૦/ ૦ | બુ:૩૦/૧૦/૩૩ | કે:૨૫/ ૩/૫૨ | શુ:૨૬/ ૩/૬૦ | સૂ:૨૬/ ૨/૭૭ | ચં:૧૩/ ૨/૯૪ | મં:૨૭/ ૮/ ૦ | રા:૨૫/ ૩/૧૦ | ગુ:૧૦/ ૭/૧૯ |
| | બુ: ૦/ ૦/ ૦ | કે:૧૦/ ૭/૩૬ | શુ:૨૨/ ૩/૫૩ | સૂ:૨૫/ ૫/૬૮ | ચં:૨૬/ ૨/૭૮ | મં:૧૫/ ૮/૯૪ | રા:૨૮/ ૩/ ૧ | ગુ:૧૨/ ૪/૧૧ | શ: ૨/૧૨/૨૧ |
| | કે: ૦/ ૦/ ૦ | શુ:૧૮/ ૮/૩૭ | સૂ:૨૧/ ૧/૫૬ | ચં:૨૯/ ૯/૬૮ | મં:૨૮/૧૦/૭૯ | રા:૨૧/૧૨/૯૪ | ગુ:૨૭/ ૯/ ૨ | શ:૧૮/ ૩/૧૩ | બુ: ૮/૧૦/૨૪ |
| | શુ: ૦/ ૦/ ૦ | સૂ:૧૮/૧૦/૪૦ | ચં:૨૬/૧૧/૫૬ | મં: ૧/ ૫/૬૯ | રા:૨૭/૧૨/૮૦ | ગુ:૧૫/૧૧/૯૫ | શ:૨૭/ ૧/ ૪ | બુ:૨૭/ ૪/૧૩ | કે:૨૮/ ૪/૨૭ |
| | સૂ: ૦/ ૦/ ૦ | ચં:૩૦/ ૯/૪૧ | મં:૨૮/ ૪/૫૮ | રા:૨૭/ ૯/૬૯ | ગુ:૨૭/૧૨/૮૩ | શ: ૨/ ૯/૯૬ | બુ:૨૭/ ૮/ ૫ | કે:૨૪/ ૪/૧૪ | શુ:૧૫/ ૫/૨૮ |
| | ચં:૨૩/ ૩/૨૬ | મં: ૧/ ૫/૪૩ | રા:૨૫/ ૪/૫૯ | ગુ:૧૫/૧૦/૭૦ | શ:૨૭/ ૮/૮૬ | બુ:૧૫/ ૮/૯૭ | કે:૨૬/ ૧/ ૭ | શુ:૨૦/ ૯/૧૪ | સૂ:૧૬/ ૫/૩૧ |
| | મં:૨૮/ ૬/૨૭ | રા: ૯/ ૬/૪૪ | ગુ:૧૧/૧૧/૬૧ | શ:૨૧/ ૯/૭૧ | બુ:૨૭/૧૦/૮૯ | કે:૨૧/ ૬/૯૮ | શુ:૨૭/ ૮/ ૭ | સૂ:૨૧/૧૧/૧૫ | ચં: ૮/ ૪/૩૨ |
| | રા: ૩/ ૬/૨૮ | ગુ:૧૬/ ૪/૪૭ | શ:૧૭/ ૨/૬૪ | બુ:૩૦/૧૦/૭૨ | કે:૨૭/ ૮/૯૨ | શુ:૨૭/૧૦/૯૮ | સૂ:૨૭/ ૪/ ૯ | ચં:૨૭/ ૩/૧૬ | મં: ૮/૧૦/૩૩ |

**ગ્રહોં ની પ્રત્યંતર દશાઓ**:-

| | સૂ -- રા | સૂ -- ગુ | સૂ -- શ | સૂ -- બુ | સૂ -- કે | સૂ -- શુ | ચં -- ચં | ચં -- મં | ચં -- રા |
|---|---|---|---|---|---|---|---|---|---|
| થી | ૨૧/૧૨/૧૯૯૪ | ૧૫/૧૧/૧૯૯૫ | ૨/ ૯/૧૯૯૬ | ૧૫/ ૮/૧૯૯૭ | ૨૧/ ૬/૧૯૯૮ | ૨૭/૧૦/૧૯૯૮ | ૨૭/૧૦/૧૯૯૯ | ૨૭/ ૮/૨૦૦૦ | ૨૮/ ૩/૨૦૦૧ |
| તક | ૧૫/૧૧/૧૯૯૫ | ૨/ ૯/૧૯૯૬ | ૧૫/ ૮/૧૯૯૭ | ૨૧/ ૬/૧૯૯૮ | ૨૭/૧૦/૧૯૯૮ | ૨૭/૧૦/૧૯૯૯ | ૨૭/ ૮/૨૦૦૦ | ૨૮/ ૩/૨૦૦૧ | ૨૭/ ૯/૨૦૦૨ |
| | રા:૨૧/૧૨/૯૪ | ગુ:૧૫/૧૧/૯૫ | શ: ૨/ ૯/૯૬ | બુ:૧૫/ ૮/૯૭ | કે:૨૧/ ૬/૯૮ | શુ:૨૭/૧૦/૯૮ | ચં:૨૭/૧૦/૯૯ | મં:૨૭/ ૮/ ૦ | રા:૨૮/ ૩/ ૧ |
| | ગુ: ૮/ ૨/૯૫ | શ:૨૪/૧૨/૯૫ | બુ:૨૭/૧૦/૯૬ | કે:૨૮/ ૯/૯૭ | શુ:૨૯/ ૬/૯૮ | સૂ:૨૭/૧૨/૯૮ | મં:૨૨/૧૧/૯૯ | રા: ૮/ ૯/ ૦ | ગુ:૧૮/ ૬/ ૧ |
| | શ:૨૪/ ૩/૯૫ | બુ: ૮/ ૨/૯૬ | કે:૧૫/૧૨/૯૬ | શુ:૧૬/૧૦/૯૭ | સૂ:૨૦/ ૭/૯૮ | ચં:૧૪/ ૧/૯૯ | રા: ૯/૧૨/૯૯ | ગુ:૧૦/૧૦/ ૦ | શ:૩૦/ ૮/ ૧ |
| | બુ:૧૫/ ૫/૯૫ | કે:૨૦/ ૩/૯૬ | શુ: ૪/ ૧/૯૭ | સૂ: ૭/૧૨/૯૭ | ચં:૨૬/ ૭/૯૮ | મં:૧૪/ ૨/૯૯ | ગુ:૨૪/ ૧/ ૦ | શ: ૮/૧૧/ ૦ | બુ:૨૫/૧૧/ ૧ |
| | કે: ૧/ ૭/૯૫ | શુ: ૬/ ૪/૯૬ | સૂ: ૩/ ૩/૯૭ | ચં:૨૨/૧૨/૯૭ | મં: ૬/ ૮/૯૮ | રા: ૭/ ૩/૯૯ | શ: ૫/ ૩/ ૦ | બુ:૧૧/૧૨/ ૦ | કે:૧૦/ ૨/ ૨ |
| | શુ:૨૦/ ૭/૯૫ | સૂ:૨૫/ ૫/૯૬ | ચં:૨૦/ ૩/૯૭ | મં:૧૭/ ૧/૯૮ | રા:૧૪/ ૮/૯૮ | ગુ: ૧/ ૫/૯૯ | બુ:૨૨/ ૪/ ૦ | કે:૧૦/ ૧/ ૧ | શુ:૧૪/ ૩/ ૨ |
| | સૂ:૧૩/ ૯/૯૫ | ચં: ૯/ ૬/૯૬ | મં:૧૮/ ૪/૯૭ | રા: ૪/ ૨/૯૮ | ગુ: ૨/ ૯/૯૮ | શ:૧૮/ ૬/૯૯ | કે: ૪/ ૬/ ૦ | શુ:૨૩/ ૧/ ૧ | સૂ:૧૪/ ૬/ ૨ |
| | ચં:૨૯/ ૯/૯૫ | મં: ૩/ ૭/૯૬ | રા: ૯/ ૫/૯૭ | ગુ:૨૩/ ૩/૯૮ | શ:૧૯/ ૯/૯૮ | બુ:૧૫/ ૮/૯૯ | શુ:૨૨/ ૬/ ૦ | સૂ:૨૭/ ૨/ ૧ | ચં:૧૧/ ૭/ ૨ |
| | મં:૨૬/૧૦/૯૫ | રા:૨૦/ ૭/૯૬ | ગુ:૩૦/ ૬/૯૭ | શ: ૩/ ૫/૯૮ | બુ: ૯/૧૦/૯૮ | કે: ૬/૧૦/૯૯ | સૂ:૧૨/ ૮/ ૦ | ચં:૧૦/ ૩/ ૧ | મં:૨૬/ ૮/ ૨ |

| | ચં -- ગુ | ચં -- શ | ચં -- બુ | ચં -- કે | ચં -- શુ | ચં -- સૂ | મં -- મં | મં -- રા | મં -- ગુ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| થી | ૨૭/ ૯/૨૦૦૨ | ૨૭/ ૧/૨૦૦૪ | ૨૭/ ૮/૨૦૦૫ | ૨૬/ ૧/૨૦૦૭ | ૨૭/ ૮/૨૦૦૭ | ૨૭/ ૪/૨૦૦૯ | ૨૭/૧૦/૨૦૦૯ | ૨૫/ ૩/૨૦૧૦ | ૧૨/ ૪/૨૦૧૧ |
| તક | ૨૭/ ૧/૨૦૦૪ | ૨૭/ ૮/૨૦૦૫ | ૨૬/ ૧/૨૦૦૭ | ૨૭/ ૮/૨૦૦૭ | ૨૭/ ૪/૨૦૦૯ | ૨૭/૧૦/૨૦૦૯ | ૨૫/ ૩/૨૦૧૦ | ૧૨/ ૪/૨૦૧૧ | ૧૮/ ૩/૨૦૧૨ |
| | ગુ:૨૭/ ૯/ ૨ | શ:૨૭/ ૧/ ૪ | બુ:૨૭/ ૮/ ૫ | કે:૨૬/ ૧/ ૭ | શુ:૨૭/ ૮/ ૭ | સૂ:૨૭/ ૪/ ૯ | મં:૨૭/૧૦/ ૯ | રા:૨૫/ ૩/૧૦ | ગુ:૧૨/ ૪/૧૧ |
| | શ: ૧/૧૨/ ૨ | બુ:૨૭/ ૪/ ૪ | કે: ૮/૧૧/ ૫ | શુ: ૮/ ૨/ ૭ | સૂ: ૭/૧૨/ ૭ | ચં: ૬/ ૫/ ૯ | રા: ૪/૧૧/ ૯ | ગુ:૨૧/ ૫/૧૦ | શ:૨૮/ ૫/૧૧ |
| | બુ:૧૬/ ૨/ ૩ | કે:૧૮/ ૭/ ૪ | શુ: ૮/૧૨/ ૫ | સૂ:૧૫/ ૩/ ૭ | ચં: ૬/ ૧/ ૮ | મં:૨૨/ ૫/ ૯ | ગુ:૨૭/૧૧/ ૯ | શ:૧૨/ ૭/૧૦ | બુ:૨૧/ ૭/૧૧ |
| | કે:૨૬/ ૪/ ૩ | શુ:૨૧/ ૮/ ૪ | સૂ: ૫/ ૩/ ૬ | ચં:૨૬/ ૩/ ૭ | મં:૨૬/ ૨/ ૮ | રા: ૧/ ૬/ ૯ | શ:૧૭/૧૨/ ૯ | બુ:૧૦/ ૯/૧૦ | કે: ૭/ ૯/૧૧ |
| | શુ:૨૪/ ૫/ ૩ | સૂ:૨૫/૧૧/ ૪ | ચં:૩૧/ ૩/ ૬ | મં:૧૩/ ૪/ ૭ | રા: ૨/ ૪/ ૮ | ગુ:૨૯/ ૬/ ૯ | બુ: ૯/ ૧/૧૦ | કે: ૪/૧૧/૧૦ | શુ:૨૭/ ૯/૧૧ |
| | સૂ:૧૩/ ૮/ ૩ | ચં:૨૪/૧૨/ ૪ | મં:૧૩/ ૫/ ૬ | રા:૨૫/ ૪/ ૭ | ગુ: ૨/ ૭/ ૮ | શ:૨૩/ ૭/ ૯ | કે:૩૦/ ૧/૧૦ | શુ:૨૬/૧૧/૧૦ | સૂ:૨૩/૧૧/૧૧ |
| | ચં: ૭/ ૯/ ૩ | મં:૧૦/ ૨/ ૫ | રા:૧૨/ ૬/ ૬ | ગુ:૨૭/ ૫/ ૭ | શ:૨૧/ ૯/ ૮ | બુ:૨૧/ ૮/ ૯ | શુ: ૮/ ૨/૧૦ | સૂ:૨૯/ ૧/૧૧ | ચં:૧૦/૧૨/૧૧ |
| | મં:૧૭/૧૦/ ૩ | રા:૧૬/ ૩/ ૫ | ગુ:૨૮/ ૮/ ૬ | શ:૨૫/ ૬/ ૭ | બુ:૨૬/૧૨/ ૮ | કે:૧૬/ ૯/ ૯ | સૂ: ૫/ ૩/૧૦ | ચં:૧૭/ ૨/૧૧ | મં: ૭/ ૧/૧૨ |
| | રા:૧૫/૧૧/ ૩ | ગુ:૧૧/ ૬/ ૫ | શ: ૫/૧૧/ ૬ | બુ:૨૮/ ૭/ ૭ | કે:૨૩/ ૩/ ૯ | શુ:૨૬/ ૯/ ૯ | ચં:૧૩/ ૩/૧૦ | મં:૨૧/ ૩/૧૧ | રા:૨૭/ ૧/૧૨ |

સૂચના:- ૧) વિંશોત્તરી દશા ની ૧૨૦ વર્ષ ની દશાઓં ની ગણતરી આપી છે, પણ આને આયુ ની ગણતરી નહી માનવી જોઇએ.
૨) ઉપર ની તારીખ દશા-આરંભ ની છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# BEFORE GEM THERAPY TREATMENT

Nitin 1000 10-93

**CONWEST JAIN CLINIC GROUP OF HOSPITALS**

8/10, S. V. Savani Path, Conwest Jain Clinic Chowk, Girgaon, Bombay-400 004. Tel. : 359308-09

**RAMESH H. MEHTA-ECHOCARDIOGRAPHY DEPARTMENT**

Name : Mr. Kantilal Shah Age 71 Yrs Sex : M/F

Ref. By : Dr. K. D. Shah Cot No.

Date : 20.4.96 Ht : cm. Wt. : Kg. HR : /min 2 D Echo No. 47

Clinical Diagnosis :

**DOPPLER STUDY** B. P. mm/Hg

**VALVES**

| | | Peak Velocity (P. V.) M/sec. | Pr. Gradient mmHg. | Pr. Half time | Area cm² |
|---|---|---|---|---|---|
| Mitral | | 0.81 | 2.6 | | |
| | M.R. | 1.92 | 14.7 | | |
| Tricuspid | | | | | |
| Pulmonary | | | | | |
| Aortic | | 1.01 | 4.1 | | |
| Shunt | | | | | |

| | | | | |
|---|---|---|---|---|
| Aorta | M/sec. | P. V. Acc Time | msec. | Ejection time M. Sec. |
| Systemic Flow | Lit/min | Pul. Flow | | Lit/min. |
| PBF : SBF Op Qs | | Transatrial gradient | | mmHg. |
| MPA Peak Systolic pr | mmHg. | Transvent. gradient | | mmHg. |
| R. V. Peak Systolic pr | mmHg. | J V. P. | | mmHg. |

**COLOUR DOPPLER**

Stenosis

Regurgitation

Shunt L--> R R--> L

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| L. V. Function | H. R. | 65 | /min. | S V. | 73.0 | ml./min. |
| | C. O. | 4.75 | Lit /Min. | C. I. | | L/Min/m² |

**Regional Vascular Study**

| | Carotid | Subclavian | Renal | Sup. Mesenteric |
|---|---|---|---|---|
| S. V. mL/min. | | | | Abd.—Aorta |
| Q-Lit/min. | | | | |

**CONCLUSION**

1. Mild Mitral Regurgitation due to Papillary muscle dysfunction.
2. No evidence of ventricular aneurysm or Intracardiac clots.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# BEFORE GEM THERAPY TREATMENT

Sonal 1000 12-94

**CONWEST JAIN CLINIC GROUP OF HOSPITALS**

8/10, S. V. Savant Path, Conwest Jain Clinic Chowk, Girgaon, Bombay-400 004. Tel. : 382 08 09

**RAMESH H. MEHTA-ECHOCARDIOGRAPHY DEPARTMENT**

Name : Mr. Kantilal Shah Age 71 Yrs Sex M/F

Ref. By : Dr. K. D. Shah Cot No.

Date : 20.4.96 Ht. : cm Wt. : Kg. HR : /min 2 D Echo No. 47

Clinical Diagnosis: I.H.D.

**2 D – ECHO REPORT**

**Chambers**

LV Enlarged LA Normal RV Normal RA Normal

**Valves**

MV AML Normal AV Normal PV Normal TV Normal

PML Normal AV Opening 16.9 mm.

Area cm² AVR

MAC

MVR

**Vessels**

AO Dilated PA Normal LMCA

AO-PA relation Normal

**Septal - Aortic / Pulmonary continuity** Present.

**Mitral - Aortic / Pulmonary continuity** Present.

**Walls**

Wall Motion Score

a Segments

1. anterobasal
2. anterolateral
3. apical
4. inferior
5. Posterobasal
6. Septal Hypokinetic
7. Posterolateral

| | | | | | |
|---|---|---|---|---|---|
| LVIDD | 51.2 | mm | EDV | 124.9 | ml. |
| LVIDS | 353 | mm | ESV | 51.9 | ml. |
| E. F. | 0.58 | | SV- | 73.0 | ml /min. |
| | | | CO | 4.75 | Lit./min. |
| FS | 0.31 | | AO | 34.6 | mm |
| EPSS | 5.4 | mm | LA | 28.9 | mm |
| IVS | 7.6 | mm | RV | 11.5 | mm |
| LVPW | 10.5 | mm | AML | EF Slop- | |
| IVS : LVPW | | | | | mm/sec. |

b. Interatrial Septum Intact,

c Interventricular Septum Intact.

**Pericardium**

Effusion Nil.

Calcification Nil.

**M-Mode** Mitral Normal

PV's Waves 3 mm.

Aortic Normal

**Phono - Apexcardiogram** Click

Tricuspid Normal

'A' Waves

**CONCLUSION**

1. Enlarged left ventricular cavity with dilated Aorta.
2. Lower 1/3rd of septal wall hypokinesia.
3. Wall motion score index 1.37
4. Mild Mitral Regurgitation.
5. Normal left ventricular function with normal LVED pressure.
6. No evidence of ventricular aneurysm or intracardiac clots.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# AFTER GEM THERAPY TREATMENT

DR. KISHOR D. SHAH
M. D.
CONSULTANT CARDIOLOGIST

Date : 8/8/96

Name Mr. Kantibhai B. Shah Age 71 yrs Sex M Built Av.

BP 140/90 mmHg, Weight 57 kgs Kg. Electrolytes - Drugs -

Clinical Impression Coronary Disease - Diabetes.

ECG REPORT

Axis

| Plane | P wave | QRS | T wave |
|---|---|---|---|
| Frontal | +60° | +15° | -20° |

Rates Atrial 72 /min. Rhythm Regular

Vent. 72 /min. Mechanism Sinus

Voltage Normal

P wave Normal

PR Interval 0.16 Sec.

Q wave Q in II, III, avF

QRS complex 0.08 Sec.

ST Segment Depressed II, III, avF, $V_5$ & $V_6$

T waves Inverted II, III, avF. Low $V_5$ & $V_6$

QT Interval 0.36 Sec.

QTc. Sec. —

Arrhythmia --

Conclusion

Healed Inferior Wall Infarct.

Lateral Wall Ischemia.

Stable Pattern.

(signature)

## AFTER GEM THERAPY TREATMENT

Dr. S. N. SHAH
M. D. (BOM.)

SUKH SAGAR
N. S. PATKAR MARG
BOMBAY - 400 007
PHONE : 361 01 68

DATE 19th May 97

Name :- Mr. K. B. Shah

Reference :- Dr. S. K. Parmani G.F.A.M.

REPORT ON EXAMINATION OF BLOOD

- : As Required : -

Fasting Blood Sugar 80 mg. per 100 c.c.

( Normal range 70 to 110 mg. per 100 c.c. )

( GOD POD Method )

Serum Cholesterol 235 mg. per 100 c.c.

( Total serum cholesterol )

( Normalrange 150 to 250 mg. per 100 c.c. )

M.D.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## AFTER GEM THERAPY TREATMENT

**DR. KISHOR D. SHAH**
M.D.
CONSULTANT CARDIOLOGIST

Date : 22/5/97

Name Mr. Kantibhai B. Shah Age 73 yrs Sex M Built Av.

BP 134/90 mmHg. Weight 56 kgs Kg. Electrolytes - Drugs -

Clinical Impression Coronary Disease - Diabetes.

**ECG REPORT**

Axis

| Plane | P wave | QRS | T wave |
|---|---|---|---|
| Frontal | +60° | +15° | -20° |

Rates Atrial 78 /min. Rhythm Regular

Vent. 78 /min. Mechanism Sinus

Voltage Normal

P wave Normal PR Interval 0.16 Sec.

Q wave Q in II,III, avF. QRS complex 0.08 Sec.

ST Segment Isoelectric T waves Inverted II,III, avF.

QT Interval 0.36 Sec. QTc. -- Sec.

Arrhythmia --

Conclusion

Healed Inferior Wall Infarct.

Stable Pattern.

મારુ નામ કાંતિભાઈ શાહ છે. મને કુલ નાના, મોટા પાંચ વખત હાર્ટ એટેક આવેલા છે. પહેલા બે વખતના એટેક ૧૯૮૨નાં જૂન, જુલાઈમાં આવેલા તે મારે ૪૨ દિવસ હોસ્પીટલમાં રહેવું પડ્યું. ત્યાર બાદ ૧૯૮૫ ફેબ્રુઆરીમાં મને ત્રણ એટેક આવેલા. આ પછી મને ખાસ તકલીફ નહોતી.

એપ્રીલમાં આજથી બે વર્ષ પહેલા સમાચારપત્રમાં વીકલીક સારવારમાં 'જેમથેરપી' બાબત વાંચ્યુ. તે પ્રમાણે આ થેરેપી હાર્ટટ્રબલમાં ઘણો ફાયદો થાય છે તે પણ જાણ્યું.

એજ અરસામાં મને એક દિવસ રાતના છાતીમાં સાધારણ દુખાવો થયો, મેં આખો દિવસ આરામ કર્યો, અને વિચાર્યા કર્યું, કે મારે ડૉક્ટર પાસે જવું, કે 'જેમથરપી'નો ઈલાજ કરવો. જો ડોકટર પાસે જાઉં તો મને હોસ્પીટલ લઈ જશે, એલોપેથી દવા, ઈંજેક્શન, કાર્ડિયોગ્રામ, બ્લડ ટેસ્ટ, યુરીન ટેસ્ટ, વગેરે કરવા પડશે, અને ખર્ચના ખાડામાં પડીશ એ નકામાં. બીજું હું કુદરતી ઈલાજમાં વધુ માનું છું. એટલે મેં જેમથેરપીનો ઈલાજ કરવા જ વિચાર્યું.

જેમથેરપી એક્સપર્ટ ડૉ. જે. એમ. શાહનો સંપર્ક કર્યો. એમણે મને તપાસ્યો અને કહ્યું કે તમને જે કંઈ તકલીફ છે એનું કારણ મારુ હાર્ટ માત્ર ત્રીસ ટકા જ કામ કરે છે. હું તમને હાર્ટ પાસે રૂબી એટલે કે માણેક બેસાડું છું, તો આપને એક મહીના પછી તપાસું છું!

એક મહિના બાદ તપાસતા મારુ હાર્ટ પચાસ ટકા કામ કરતું હતું, અને ત્રણ મહિના રૂબી પહેર્યા બાદ તપાસતા નેવુ ટકા કામ કરતું થયું હવે મને એટલું સારુ લાગે છે કે ક્યારેક શંકા થાય છે કે મારુ હાર્ટ ક્યારેય નબળુ હતુ કે નહી, મને ખુબ સ્ફૂર્તિ પણ લાગે છે. અને વગર દવાએ મને ટૂંક સમયમાં, સરળતાથી, મને સારો ફાયદો થયો આ મારો અનુભવ છે.

લિ.
કાંતિભાઈ શાહ

# Other Publications of RISSIOS




Rs.120.00




Rs. 300.00




Rs.100.00 - Guj. & Eng. Edition




Rs. 20.00




Rs. 35.00




Rs. 30.00

# Donation Schemes of RISSIOS

Founder Member Rs. 1,51,000.00
Life Member Rs. 1,00,000.00
Coupon Scheme : 1 Coupon Rs. 2700.00
4 Coupons donor's name will be inscribed on white marble
Brick Scheme : 1 Brick is Rs. 999.00
11 Bricks donor's name will be inscribed on white marble
21 Bricks donor's name will be inscribed on granite in silver
51 Bricks donor's name will be inscribed on granite in gold

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુજરાત સમાચાર (અમદાવાદ આવૃત્તિ) મંગળવાર, તા. ૨૨ નવેમ્બર, ૨૦૦૫

# વ્યક્તિના આભામંડળના આધારે રોગ નિદાન ને પૂર્વાનુમાન થઈ શકે

અમદાવાદ, સોમવાર

દરેક સજીવ, નિર્જીવને એક આભામંડળ (ઓરા) હોય છે અને તેના આધારે તેની પ્રકૃતિ-લક્ષણો કે વર્તમાન પરિસ્થિતિની ખબર પડે છે. એટલું જ નહીં આભામંડળના આધારે રોગનિદાન અને ઉપચાર ઉપરાંત સંભવિત રોગનું પૂર્વાનુમાન પણ શક્ય બને છે. આવી માહિતી જૈનઆચાર્ય પંન્યાસ નંદીઘોષવિજયજીએ આપી હતી.

ભારતીય પ્રાચીન સાહિત્ય વૈજ્ઞાનિક રહસ્ય શોધ સંસ્થા, ગુજરાત વિદ્યાપીઠ અને આંતરરાષ્ટ્રીય જૈન વિદ્યા કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે આજથી છ દિવસની એક કાર્યશાળા (વર્કશોપ) શરૂ થઈ છે તેનો વિષય છે : 'આભામંડળનું સ્વરૂપ અને તેનું વૈજ્ઞાનિક મહત્ત્વ.' પ્રથમ દિવસના વક્તવ્યમાં નંદીઘોષવિજયજીએ આભામંડળ વિશેની જૈનદર્શનમાંની મૂળભૂત વાતો વર્ણવી હતી.

તેમણે કહ્યું કે આપણે નરી આંખે તો આ આભામંડળને (કે વીજચુંબકીય ક્ષેત્રને) જોઈ શકતા નથી પરંતુ કિર્લિયન ફોટોગ્રાફીની મદદથી તેની રંગીન છબી-ફોટો લઈ શકાય છે. અને તેના આધારે-જે તે સજીવ કે નિર્જીવના પ્રકૃતિ-લક્ષણ જાણી શકાય છે. એનો આધાર લઈને માનવીના રોગોનું નિદાન થઈ શકે છે. ઉપચાર કરીને નિવારણ શક્ય બને છે. ઉપરાંત રોગો થવા વિશેની સંભાવનાનું, પૂર્વાનુમાન પણ થઈ શકે છે. આભામંડળને સ્વસ્થ રાખવા, સ્વસ્થ બનાવવા પ્રાર્થના, યોગ, ધ્યાન ઉપયોગી બને છે.

કિર્લિયન ફોટોગ્રાફીના આધારે રોગનું નિદાન કર્યા પછી વૈકલ્પિક ચિકિત્સા પદ્ધતિઓથી સારવાર કરી શકાય છે. જેમાં રંગ ચિકિત્સા, રત્ન ચિકિત્સા, રેકી, પ્રાણિક હિલીંગ, એક્યુપ્રેશર, એક્યુપંકચર પિરામિડ ચિકિત્સા અને ચૂંબકીય (મેગ્નેટ) ચિકિત્સા વગેરેનો સમાવેશ થાય છે. તેમણે કહ્યું કે સંગીત દ્વારા પણ ચિકિત્સા થઈ શકે છે.

આભામંડળ બગડેલું હોય, અપ્રમાણસરનું હોય તો વિવિધ પ્રકારની માનસિક સમસ્યાઓ, તાણ, શારીરિક રોગો પેદા થાય છે તે વર્ષોનાં સંશોધનો દ્વારા જાણી શકાયું છે. આભામંડળની આવી સ્થિતિને સુધારવામાં ધ્યાન, પ્રાણાયમ ઉપયોગી થઈ શકે છે.

તેમણે સ્પષ્ટતા કરી હતી કે ધ્યાન અને યોગ એ બે અલગ બાબતો છે. યોગ, પ્રાણાયમથી શરીરશુદ્ધિ થાય છે. મનની શુદ્ધિ, આત્મિક વિકાસ જ્ઞાન સાથેના ધ્યાનથી થાય છે. તન અને મનની શુદ્ધિ આભામંડળને સમતોલ બનાવે છે.

તેમણે એ બાબતે ટીકા કરી હતી કે પશ્ચિમની અસર હેઠળ આપણે યોગને 'યોગા', રામને 'રામા' કૃષ્ણને 'ક્રિષ્ના' કહેતા થઈ ગયા છીએ. એમાંથી મુક્ત થવું જોઈએ.

કિર્લિયન ફોટોગ્રાફીના આધારે અગાઉ મુંબઈમાં ડૉ. જે.એમ. શાહના સહકારથી ૨૭ ઓગસ્ટ-૨૦૦૨ના રોજ ૨૦ જેટલા જૈનમુનિઓ, ઈસરોના વૈજ્ઞાનિકો, સમાજના અગ્રણીઓ, શ્રેષ્ઠીઓ તથા અન્ય લોકોની આભામંડળની છબીઓ લઈને તેનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. તેમાંના એક નાગરિકની શારીરિક સમસ્યાઓનું નિદાન થયેલું અને તેના આધારે અલ્પાયુષ્યની વિગતો મળેલી.

આ વર્કશોપમાં હવે પછીના પાંચ દિવસોમાં આભામંડળના વૈજ્ઞાનિક સંશોધનો, રોગોની સંભાવના - વૈકલ્પિક ચિકિત્સાઓ જેવી કે રંગ અને રત્નચિકિત્સા, રેકી વગેરે અંગે તજજ્ઞોના પ્રવચનો યોજાશે.



આભામંડળ - એક સૈદ્ધાંતિક તથા પ્રાયોગિક સંશોધનની થીમ પર સોમવારે ગુજરાત વિદ્યાપીઠ ખાતે પંન્યાસ નંદીઘોષવિજયગણી મહારાજ દ્વારા છ દિવસીય રસપ્રદ કાર્ય શિબિર યોજાઈ છે. પ્રથમ દિવસે તેમણે આભામંડળની ફોટોગ્રાફીના આધારે રોગનિદાન, રોગપુર્વાનુમાન તથા વૈક્લિપક ચિકિત્સાઓ વિષે સચોટ વૈજ્ઞાનિક માહિતી આપી હતી. સામાન્ય સંજોગોમાં નરી આંખે ન જોઈ શકાતા વ્યક્તિના આભામંડળને ઉપરની તસ્વીરમાં દર્શાવાયું છે. (તસ્વીરઃ ગૌતમ મહેતા)

**કિર્લિયન ફોટોગ્રાફીના આધારે રોગનું નિદાન**

**આભામંડળ અર્થાત્ વીજ-ચુંબકીય ક્ષેત્રને લગતા વૈજ્ઞાનિક મહત્ત્વ અંગે યોજાયેલો વર્કશોપ**

## કિર્લિયન ફોટોગ્રાફીની મદદથી તેની રંગીન છબી લઈ શકાય ને તેથી જે તે સજીવ કે નિર્જીવનાં પ્રકૃતિ લક્ષણ જાણી શકાય

સર્વદ્રવ્યપર્યાયેષુ કેવલસ્ય

RISSIOS

ISBN 81-901845-5-5

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org